દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 228 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 September 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૧૧ ૧૨ ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ત્રાસવાદના ઓછાયા હેઠળ

# જમ્મુ-કાશ્મીરમાં આજે બીજા તબક્કાનું મતદાન

શ્રીનગરઃ કેન્દ્ર-શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં બુધવારે યોજાનારી ચૂંટણીના બીજા તબક્કામાં પચીસ લાખથી વધુ મતદારો જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ૨૬ બેઠકો માટે મેદાનમાં રહેલા ૨૩૯ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

આ વિધાનસભા મતવિસ્તારો છ જિલ્લાઓમાં ફેલાયેલા છે, જેમાંથી ત્રણ ખીણમાં અને બાકીના જમ્મુ વિભાગમાં છે.

ચૂંટણી પંચે આ વિભાગોમાં ૩,૫૦૨ મતદાન મથકોની સ્થાપના કરી છે. અહીં ૧,૦૫૬ શહેરી મતદાન મથકો અને ૨,૪૪૬ ગ્રામીણ મતદાન મથકો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચૂંટણી પંચના પારદર્શિતા સુનિશ્ચિત

કરવાના પ્રયાસોના ભાગરૂપે તમામ મતદાન મથકોમાં વેબકાસ્ટિંગ સુવિધાઓ હશે.

મતદારોની ભાગીદારી વધારવા માટે બીજા તબક્કા માટે ૧૫૭ વિશેષ મતદાન મથકોની સ્થાપના કરવામાં આવી છે, મહિલાઓ દ્વારા સંચાલિત ૨૬ 'ગુલાબી મતદાન મથકો', ૨૬ મતદાન મથકો ખાસ દિવ્યાંગ વ્યક્તિઓ માટે, ૨૬ મતદાન મથકો યુવાનો દ્વારા સંચાલિત, ૩૧ સરહદી મતદાન મથકો, ૨૬ ગ્રીન મતદાન મથકો અને ૨૨ અનન્ય મતદાન મથકો બનાવવામાં આવ્યાં હોવાની માહિતી અધિકારીએ આપી હતી. મતદાન સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે.

આ તબક્કામાં મહત્ત્વના ઉમેદવારોમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા, જેકેપીસીસીના પ્રમુખ તારિક હમીદ કારા અને ભાજપના જમ્મુ-કાશ્મીર વડા રવિન્દર રૈના છે.

અબ્દુલ્લા ગાંદરબલ અને બડગામ સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે કારા સેન્ટ્રલ શાલટેંગથી ચૂંટણી લડી રહ્યા છે. રૈના રાજૌરી જિલ્લામાં તેમની નૌશેરા બેઠકને જાળવી રાખવાનો પ્રયાસ કરશે, જે તેમણે ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં જીતી હતી.

બીજા તબક્કાને ઉત્સુકતાથી જોવામાં આવશે કારણ કે જેલમાં બંધ અલગતાવાદી નેતા સરજન અહમદ વાગે ઉર્ફે બરકતી નેશનલ કોન્ફરન્સના નેતા સામે એન્જિનિયર રશીદના લોકસભા ચૂંટણીના વિજયનું પુનરાવર્તન

(જુઓ પાનું ૨) ▸▸



**સુરક્ષાઃ** જમ્મુ અને કાશ્મીરના પુંછના મેંઢાર વિસ્તારમાં બીજા તબક્કાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદાન મથકે ગોઠવાયેલા સુરક્ષા દળના જવાનો. (પીટીઆઇ)

# ઇઝરાયલે લેબેનોનમાં ૧૧૦૦ જગ્યાઓ પર હુમલો કર્યો

## ૫૦ બાળકો, ૯૪ મહિલાઓ સહિત ૫૫૮નાં મોત

બૈરુતઃ એક તરફ ઇઝરાયલ પેલેસ્ટાઈન પર સતત હુમલા કરી રહ્યું છે, જેમાં હજારો નાગરીકોનાં મોત થયાં છે. એવામાં યુદ્ધનો વધુ એક મોરચો ખૂલી ગયો છે, ઇઝરાયલ લેબનોન પર રોકેટ મારો કરી રહ્યું છે. લેબનોનના દક્ષિણ

ભાગમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૫૫૮ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧,૮૩૫થી વધુ ઘાયલ થયા છે. મૃતકોમાં ૫૦ બાળકો અને ૯૪ મહિલાઓ પણ સામેલ છે.

ઇઝરાયલની સેનાએ લેબનોનમાં લગભગ ૧૧૦૦ જગ્યાઓ પર હુમલો કર્યો છે. આ ઉપરાંત પેજર અને વોકીટોકીમાં થયેલા બ્લાસ્ટનું ષડ્યંત્ર પણ ઇઝરાયલે રચ્યું હોવાના દાવા છે. લેબનોન પણ બદલો લેવા તૈયારી કરી રહ્યું છે. જેને ધ્યાનમાં

(જુઓ પાનું ૨) ▸▸



**વિનાશઃ** લેબેનોનના આકબિહ ગામમાં ઈઝરાયલે કરેલા હુમલામાં તૂટેલી ઈમારત ખાતે બચાવ કાર્યકરો. ઈઝરાયલના હુમલામાં મોટા પાયે જાનમાલની હાનિ થઇ હતી. (એપી/પીટીઆઇ)

# ઉત્તર પ્રદેશમાં મહાબોધિ અને સીમાંચલ એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાબોધિ એક્સપ્રેસ પર અજાણ્યા લોકોએ પથ્થરમારો કર્યો હતો. આ ઘટના સમયે મહાબોધિ એક્સપ્રેસ નવી દિલ્હીથી બિહારના ગયા જઈ રહી હતી. પથ્થરમારો થતાં જ ટ્રેનમાં મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને મુસાફરો બોગીમાં નાસભાગ કરવા લાગ્યા હતા. આ પથ્થરમારામાં ઘણા મુસાફરો ઘાયલ થયા છે.

પથ્થરમારાની આ ઘટના સોમવારે રાત્રે યમુના પુલ પાસે બની હતી અને બોગીને નિશાન બનાવીને અનેક પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. આરપીએફની સૂચના બાદ મિર્ઝાપુર સ્ટેશન પર ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને ઘાયલોની સારવાર કરવામાં આવી હતી અને અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો.

બીજો બનાવ દિલ્હીથી આવનારી સીમાંચલ એક્સપ્રેસ ટ્રેનના મિર્ઝાપુર જિલ્લામાં નોંધાયો હતો. આ બનાવ સોમવારે રાતે ૯.૩૦ વાગ્યે નોંધાયો હતો. મહાબોધિ એક્સપ્રેસ પર પથ્થરમારો થયાની માહિતી મળતાની સાથે જ પ્રયાગરાજ જંક્શનથી આરપીએફ સબ ઈન્સ્પેક્ટર એસપી સરોજ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પરંતુ ત્યાં સુધીમાં ટ્રેન ત્યાંથી નીકળી ગઈ હતી. આરપીએફની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધરીને ત્રણ શકમંદોને

(જુઓ પાનું ૨) ▸▸

# રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવી શાંતિ સ્થાપવા મોદીનો અનુરોધ

## વડા પ્રધાને ઝેલેન્સ્કી સાથે દ્વિપક્ષી મંત્રણા યોજી

ન્યૂ યોર્કઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે મંગળવારે દ્વિપક્ષી મંત્રણા કરી હતી. મોદીએ રશિયા અને યુક્રેનના લાંબા સમયથી ચાલતા યુદ્ધનો અંત લાવીને ફરી શાંતિ સ્થાપવાનો અનુરોધ કર્યો હતો.

ભારતના વડા પ્રધાન અમેરિકાનો ત્રણ દિવાસનો પ્રવાસ પૂરો કરીને સ્વદેશ જવા રવાના થયા હતા. તેમણે આ પ્રવાસ 'સફળ' અને 'ફળદાયી' ગણાવ્યો હતો.

અહીં યુક્રેનની વિનંતિને પગલે મોદી પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીને મળ્યા હતા. યુદ્ધ રોકવા ભારત દ્વારા કરાઇ રહેલા પ્રયાસની યુક્રેનના પ્રમુખે પ્રશંસા કરી હતી. મોદી અગાઉ પણ યુક્રેનના પ્રમુખને બે વખત મળ્યા હતા. તેઓ ગયા મહિને જ યુદ્ધગ્રસ્ત કિવ ગયા હતા.

મોદી અમેરિકાના પ્રવાસ દરમિયાન અમેરિકાના પ્રમુખ જો બાઇડન, જાપાનના વડા પ્રધાન ફુમિઓ કિશીદા, ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થની અલ્બાનેસ સહિત અને નેતાઓને પણ મળ્યા હતા.



**મોદીજી અમારું યુદ્ધ રોકો...:** ન્યૂ યોર્કમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષી મંત્રણા કરતા યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી. બન્ને નેતા છેલ્લા થોડા મહિનામાં આ ત્રીજી વખત મળ્યા હતા. રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં બે વર્ષથી લડાઇ ચાલી રહી છે. યુક્રેનના પ્રમુખે રશિયા સાથેનું યુદ્ધ અટકાવવા ભારત દ્વારા કરાતા પ્રયાસની પ્રશંસા કરી હતી. (પીટીઆઇ)

ભારતે હિંદ - પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં આવેલા દેશોમાં ગર્ભાશયના કેન્સરની સારવાર માટે ૭૫ લાખ ડૉલર આપવાની જાહેરાત કરી હતી.

મોદી અમેરિકામાં રહેતા ભારતીય સમુદાયના લોકોને પણ મળ્યા હતા અને ભારતમાંથી દાણચોરી દ્વારા અમેરિકા લઇ જવાયેલી પૌરાણિક ૨૯૭ કલાકૃતિને પાછી સ્વદેશ લાવવામાં સફળતા મેળવી હતી. (એજન્સી)■

# તિરુપતિ બાદ હવે મથુરામાં પણ મીઠાઈની દુકાનોમાં તપાસ અભિયાનઃ હલકી ગુણવત્તાના પેંડા તપાસ માટે મોકલાયા

મથુરાઃ આંધ્ર પ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળનો મામલો સામે આવ્યા બાદ યુપીના મથુરામાં પણ મામલો ગરમાયો છે. જેમાં સરકારના આદેશ પર મથુરામાં ભગવાન કૃષ્ણને ચઢાવવામાં આવતા પ્રસાદની ગુણવત્તાને લઈને ચિંતિત, ખાદ્ય અને ઔષધ પ્રશાસન વિભાગે સોમવારે મથુરા અને વૃંદાવનના ધાર્મિક સ્થળો અને અન્ય સ્થળોએ મીઠાઈઓ તપાસવાનું અભિયાન શરૂ કર્યું. જેમાં ૧૫ દુકાનોમાંથી ખાદ્યપદાર્થોના ૪૩ નમૂના લેવામાં આવ્યા હતા.

તેમાંથી પેંડાના નમૂનાનો ઉપયોગ ભેળસેળની શંકાના આધારે વિગતવાર તપાસ માટે લખનૌની સ્ટેટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગના આસિસ્ટન્ટ કમિશનર ધીરેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે સોમવારે મથુરા અને વૃંદાવનમાં અનેક સ્થળોએ હાથ ધરવામાં આવેલા સેમ્પલિંગ અભિયાનમાં ૧૫ વિક્રેતાઓ પાસેથી કુલ ૪૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં દૂધ, પનીર, પેંડા બરફી, મિલ્ક કેક, રસગુલ્લા, જલેબી, સોનપાપડી અને અન્ય મીઠાઈઓનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું કે આજે પણ મથુરામાં શ્રી કૃષ્ણ જન્મસ્થળની સામે આવેલી બજારની દુકાનો અને નવા બસ સ્ટેન્ડની આસપાસની દુકાનો અને વૃંદાવનમાં બાંકે બિહારી મંદિર તરફ જતા રસ્તા પર વિદ્યાપીઠ ચોકની આસપાસની દુકાનોમાંથી નમૂના લેવામાં આવ્યા હતા. મોબાઇલ લેબોરેટરીમાં તેની તપાસ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમાંથી ૪૨ નમૂના ધોરણો મુજબ હોવાનું જણાયું હતું, પરંતુ પેંડાનો નમૂનો સબ સ્ટાન્ડર્ડ હોવાની શંકાને આધારે તેને એડવાન્સ ટેસ્ટિંગ માટે લખનૌની ઉચ્ચ ક્ષમતાની લેબમાં મોકલવામાં આવ્યો છે.

રવિવાર અને સોમવારે એકત્રિત કરવામાં આવેલા તમામ નમૂના મંદિરોમાંથી નહીં પરંતુ તેમની આસપાસની દુકાનોમાંથી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ધાર્મિક સ્થળોએ ધાર્મિક પ્રવૃત્તિઓમાં વપરાતી પ્રસાદ સામગ્રીના સેમ્પલ સીધા ન લેવાતા હોવાથી તેમને આ મામલે કાયદેસર મુક્તિ આપવામાં આવી છે.

મથુરાના તમામ ધાર્મિક સ્થળોની વ્યવસ્થાપન સંસ્થાઓએ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી પ્રમાણપત્રો લઈ લીધા છે. આ માટે તેમણે દર છ મહિને એફએસએસઆઈ દ્વારા તપાસ કરાવવી પડશે. તેમણે કહ્યું કે મથુરામાં આ કાર્યવાહી કોઈ ફરિયાદના આધારે કરવામાં આવી નથી, પરંતુ આગામી દિવસોમાં તહેવારોમાં પ્રસાદ અને અન્ય ખાદ્યપદાર્થોનો વધુ પડતો ઉપયોગ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહી છે. ■

# પશ્ચિમ બંગાળમાં માલગાડીના પાંચ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા, રેલવ્યવહાર ખોરવાયો

કોલકાતાઃ છેલ્લા ઘણા સમયથી દેશમાં ટ્રેન પાટા પરથી ખડી પડવાની ઘટનાઓમાં વધારો થયો છે. એવામાં પશ્ચિમ બંગાળમાં માલગાડી પાટા પરથી ઉતરી જવાની ઘટના બની છે, જલપાઈગુડીના ન્યુ મયનાગુરી સ્ટેશન પર મંગળવારે વહેલી સવારે એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. જે બાદ ઉત્તર-પૂર્વ તરફ જતી ટ્રેનોની અવરજવર ઠપ થઈ ગઈ છે.

અહેવાલ મુજબ આ ઘટનાને કારણે સ્ટેશનની પાણી પુરવઠાની પાઇપલાઇનને પણ નુકસાન થયું હતું. ટ્રેન પાટા પરથી ઉતરી જવાની માહિતી મળતા જ રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ટ્રેકને ફરી રેલ વ્યવહાર માટે ખુલ્લો કરવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, સવારે ૬:૨૬ કલાકે અલીપુરદ્વાર ડિવિઝનના ન્યૂ મયનાગુરી સ્ટેશન પર ખાલી માલગાડીના પાંચ વેગન પાટા પરથી ઉતરી ગયા હતા. જેના કારણે રેલવે માર્ગ પણ ખોરવાયો હતો.

ઘટના બાદ ટ્રેનોને વૈકલ્પિક રૂટ પર ડાઈવર્ટ કરવામાં આવી છે. હાલમાં સમારકામનું કામ ચાલી રહ્યું છે. આ પાંચ' લાઇનવાળું સ્ટેશન છે. અધિકારીઓએ જણાવ્યું કે આ સ્ટેશન પર પણ ટૂંક સમયમાં ટ્રેનોની અવરજવર પુનઃસ્થાપિત કરવામાં આવશે.

અલીપુરદ્વાર ડિવિઝનના અધિકારીએ જણાવ્યું કે અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે ''અમે ટ્રાફિક પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઘટના પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ટીમ તેની તપાસ કરી રહી છે.'' ■



**દુર્ઘટનાઃ** જલપાઈગુડીમાં મયનાગુડી ખાતે મંગળવારે પાટા પરથી ખડી પડેલી માલગાડી. છેલ્લાં એક મહિના દરમિયાન ટ્રેન પાટા પરથી ખડી પડી હોવાની અનેક ઘટના બની હતી. આ ઉપરાંત, ટ્રેન પાટા પરથી ઊથલાવવાના ઘણાં પ્રયાસ નિષ્ફળ બનાવાયા હતા. (પીટીઆઇ)

યોગી આદિત્યનાથનો નવો આદેશ

# ઢાબા અને રેસ્ટોરન્ટ પર માલિકોએ પોતાનાં નામ લખવા પડશે

લખનઉઃ ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે નવો આદેશ આપ્યો છે. જેમાં ખાદ્ય પદાર્થોમાં પેશાબ અને થૂંકવાની ઘટના બાદ આવા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. યોગી આદિત્યનાથે કહ્યું કે રાજ્યના દરેક ઢાબા અને રેસ્ટોરન્ટ પર માલિકો અને સંચાલકોના નામ હોવા જોઈએ. તેમજ કર્મચારીઓએ માસ્ક પહેરવા જોઈએ અને સીસીટીવી પણ લગાવવા જોઈએ. અધિકારીઓને તેની દેખરેખ રાખવા સૂચના આપવામાં આવી છે.

દેશના વિવિધ વિસ્તારોમાં બનતી આવી ઘટનાઓને ધ્યાને લઈને મંગળવારે એક ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યપ્રધાને તમામ હોટલ/ઢાબા/રેસ્ટોરન્ટ વગેરે સંબંધિત એકમોની ઝીણવટભરી તપાસ ઝુંબેશ, વેરિફિકેશન વગેરેની સૂચનાઓ પણ આપી છે. રાજ્ય આ સાથે સામાન્ય લોકોની આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરતી વખતે જરૂરિયાત મુજબ નિયમોમાં સુધારો કરવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું કે તાજેતરના સમયમાં દેશના વિવિધ વિસ્તારોમાં જ્યૂસ, કઠોળ અને રોટલી જેવી ખાદ્ય ચીજોમાં અખાદ્ય અને ગંદી વસ્તુઓની ભેળસેળની ઘટનાઓ જોવા મળી છે. આની સામાન્ય માણસના સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડે છે. આવા દૂષિત પ્રયાસોને બિલકુલ સ્વીકારી શકાય નહીં. ઉત્તર પ્રદેશમાં આવી ઘટનાઓ ન બને તે માટે નક્કર વ્યવસ્થા કરવાની જરૂર છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લંકામાં દિશાનાયકે પ્રમુખ, ભારત માટે નવી પનોતી

**ભારત** માટે હમણાં પાડોશીઓની પનોતી બેઠી લાગે છે. બાંગ્લાદેશમાં ભારતતરફી શેખ હસીનાની સરકાર ફરી આવી ત્યારે ભારત હરખાયું હતું પણ થોડા મહિનામાં તો હસીનાની સરકારને ઘરભેગી કરી દેવાઈ અને શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડીને ભાગવું પડ્યું. શેખ હસીના હમણાં ભારતમાં જ આશ્રય લઈ રહ્યાં છે અને બાંગ્લાદેશમાં નોબલ પ્રાઈઝ વિજેતા મુહમ્મદ યુનુસની સરકાર છે કે જે જરાય ભારતતરફી નથી. બાંગ્લાદેશના હિંદુઓથી માંડીને ભારત સાથેના વેપાર સુધીના બધા મુદ્દે બાંગ્લાદેશમાં કટ્ટરવાદી હાવી થઈ ગયા છે.

બાંગ્લાદેશમાં શું કરવું તેની હોળી પતી નથી ત્યાં હવે શ્રીલંકામાં પણ સામ્યવાદી નેતા અનુરા કુમારા દિશાનાયકે પ્રમુખપદની ચૂંટણીમાં વિજેતા જાહેર થતાં ભારતને ફટકો પડ્યો છે. શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રથમ રાઉન્ડની મતગણતરી પછી કોઈ ઉમેદવારને ૫૦ ટકાથી વધુ મત ન મળ્યા હોય બીજા તબક્કાના મતોની ગણતરી કરવી પડે છે. શ્રીલંકાના ઈતિહાસમાં પહેલા કદી એ નોબત નહોતી આવી પણ આ વખતે શ્રીલંકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રથમ વખત બીજા તબક્કાના મત પણ ગણવા પડ્યા. બીજા તબક્કાની મત ગણતરી પછી ચૂંટણી પંચે જનતા વિમુક્તિ પેરામુના (JVP) ગઠબંધન નેશનલ પીપલ્સ પાવર (NPP)ના નેતા અનુરા કુમારા દિશાનાયકેને વિજેતા જાહેર કર્યા છે. દિશાનાયકેને લગભગ ૪૨ ટકા લોકપ્રિય મત મળ્યા જ્યારે તેમના નજીકના હરીફ સાજીથ પ્રેમદાસાને માત્ર ૨૩ ટકા મક મળ્યા. વર્તમાન પ્રમુખ રાનિલ વિક્રમસિંઘે માત્ર ૧૬ ટકા મત મેળવીને ત્રીજા સ્થાને આવ્યા છે.

દિશાનાયકે શ્રીલંકાના પ્રમુખ બન્યા એ ભારત માટે બધી રીતે મોંકાણના સમાચાર છે કેમ કે દિશાનાયકે ચીનના માણસ ગણાય છે. ભારત અને શ્રીલંકા નજીકના પાડોશીઓ છે અને શ્રીલંકા ભારત માટે એક મહત્ત્વપૂર્ણ પાડોશી દેશ છે. ઈન્ડો પેસિફિક ક્ષેત્રમાં ચીન પોતાનું વર્ચસ્વ જમાવવા મથી રહ્યું છે. તેને ખાળવા માટે ભારતે શ્રીલંકા સાથે તેના સંબંધો મજબૂત રાખ્યા હતા પણ દિશાનાયકેની એન્ટ્રીથી ભારતના કર્યાકારવ્યા પર પાણી ફરી વળ્યું છે. ૨૦૨૨માં શ્રીલંકા આર્થિક સંકટમાં ફસાયું પછી ભારતે લગભગ ૪૦૦ કરોડ ડોલરની મદદ શ્રીલંકાને કરી છે.

આ સમયગાળા દરમિયાન લંકાનાં લોકો પાસે ખાવા માટે અનાજ નહોતું. એ વખતે ભારતમાંથી અનાજ મોકલવામાં આવ્યું હતું અને બીજી દરેક જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. શ્રીલંકાની પ્રજા ભારતે કરેલી મદદને યાદ રાખીને ભારતતરફી રાનિલ વિક્રમસિંઘેને ફરી તક આપશે એવું લાગતું હતું. આર્થિક સંકટ સામે ઝઝૂમીને શ્રીલંકાને પાટા પર લાવવા માટે ઝઝૂમનારા વિક્રમસિંઘેને ફરી તક મળે તો ભારતને ફાયદો થાય પણ શ્રીલંકાની પ્રજાએ તેના બદલે સામ્યવાદી દિશાનાયકેને સત્તાની કમાન સોંપી દીધી છે.

દિશાનાયકે ભારત વિરોધી છે તેમાં શંકા નથી. શ્રીલંકા સાથે ભારતમાં હિતો ચાર રીતે સંકળાયેલાં છે. પહેલાં દ્વિપક્ષી વ્યાપાર અને આર્થિક સંબંધો. બીજું હિંદ મહાસાગરમાં ચીનના વધતા વર્ચસ્વને રોકીને ભારત સામેના ખતરાને ટાળવો, ત્રીજું તમિલોની સુરક્ષા અને ચોથું કચ્ચાથીવું ટાપુ અંગે ભારતના વલણનો સ્વીકાર કરવો. દિશાનાયકે અને તેમની પાર્ટી ચારેય મુદ્દે ભારત વિરોધી વલણ ધરાવે છે.

દિશાનાયકેના પક્ષે ભારત અને શ્રીલંકા વચ્ચેના વેપાર અંગેના વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA)નો બહુ પહેલાંથી વિરોધ કર્યો છે. આ કરાર બંને દેશો વચ્ચે વધુ વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ છે પણ દિશાનાયકેની પાર્ટી ભારતના બદલે ચીન સાથે આર્થિક સંબંધો વધારે મજબૂત બનાવવાના પક્ષમાં છે. ઈન્દિરા ગાંધીએ કચ્ચાથીવું ટાપુ શ્રીલંકાને સોંપી દીધો હતો પણ ભારતે આ ટાપુ પાછો માગ્યો છે. નરેન્દ્ર મોદીએ ઈન્દિરા ગાંધી પર કાચાથીવુ ટાપુ શ્રીલંકાને આપીને ભારત સાથે દ્રોહ કર્યાનો આક્ષેપ કર્યો હતો. ભારતને હવે આ ટાપુ પાછો જોઈએ છે પણ દિશાનાયકે કચ્ચાથીવુંને મુદ્દે પણ ભારત વિરુદ્ધ વલણ ધરાવે છે.

દિશાનાયકેએ કાચાથીવું ટાપુને ભારતને પરત કરવાના કોઈપણ પ્રયાસનો વિરોધ કર્યો છે. તેમણે પહેલાં જ સાફ શબ્દોમાં કહી દીધું છે કે, કચ્ચાથીવું ભારતને સોંપવાના પ્રયત્નને કોઈ પણ કિંમતે સફળ થવા દેવાય નહીં. ભારતે આ વર્ષની શરૂઆતમાં ડિસનાયકે અને તેમની પાર્ટી જેવીપીના પ્રતિનિધિમંડળને 'સત્તાવાર મુલાકાત' માટે આમંત્રણ આપીને ચર્ચા કરી હતી. દિશાનાયકે વિદેશ સચિવ એસ. જયશંકરને મળ્યા હતા પણ ભારત પ્રત્યેનું તેમનું વલણ નકારાત્મક જ રહ્યું છે.

દિશાનાયકેની જેવીપીએ જાફના સહિતના તમિલોની બહુમતી ધરાવતા તમિલોને સત્તા હસ્તાંતરણનો વિરોધ કર્યો છે. જેવીપી તો ૧૯૮૭માં તત્કાલિન ભારતીય વડા પ્રધાન રાજીવ ગાંધીની સરકાર દ્વારા કરાયેલી ભારત-શ્રીલંકા સમજૂતીનો પણ વિરોધ કરે છે. જેવીપીએ શ્રીલંકાના બંધારણના ૧૩મા સુધારાનો પણ વિરોધ કર્યો છે. આ સુધારા હેઠળ દેશના તમિલ-પ્રભુત્વ ધરાવતા જાફના સહિતના ઉત્તર-પૂર્વના વિસ્તારોમાં જમીન મહેસૂલ અને પોલીસ પર વધુ નિયંત્રણ માટે પ્રાંતીય પરિષદોની રચના કરવામાં આવી હતી.

જેવીપી તો ભારતમાંથી આવેલા તમિલ મૂળના લોકો અને સરકારી કર્મચારીઓની પણ વિરુદ્ધ છે. તેમના મતે, ભારતીય મૂળનો કમિલો ભારતીય વિસ્તરણવાદના સાધન છે ને તેમને શ્રીલંકામાં હાવી ના થવા દેવાય. જેવીપી કોઈ પણ સંજોગોમાં તમિલોને વધારે સત્તા મળે તેવું ઈચ્છતી નથી અને તેમનો સતત વિરોધ કરે છે. આ વિરોધના કારણે ભારત અને શ્રીલંકા વચ્ચેના દરિયામાં જતા માછીમારો પર પણ તવાઈ આવશે એ નક્કી છે.

બીજી તરફ શ્રીલંકામાં ચીન માટે લાલ જાજમ પથરાશે એ નક્કી છે. અનુરા કુમારા દિશાનાયકે સંપૂર્ણપણે ડાબેરી વિચારધારાથી પ્રભાવિત છે અને તેમનો રાજકીય પાયો માર્ક્સવાદી વિચારસરણી પર આધારિત છે. અનુરા પોતાને બૌદ્ધ રાષ્ટ્રવાદી ગણાવે છે પણ વાસ્તવમાં એ ચીનના પીઠ્ઠુ છે. ચીને શ્રીલંકા ફરતે પહેલેથી ભરડો કસેલો જ છે. ચીને શ્રીલંકામાં ભારે રોકાણ કર્યું છે અને શ્રીલંકાની સરકારને ધીરે ધીરે દેવાની જાળમાં ફસાવીને લાચાર કરી નાખ્યું છે. શ્રીલંકા પર ચીનનું એટલું દેવું વધી ગયું છે અને તેને ભરપાઈ કરવું શક્ય નથી.

ચીન શ્રીલંકાને એટલે પૈસા આપી રહ્યું છે કારણ કે શ્રીલંકા વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું છે. આ કારણે ચીન પોતાની હાજરી મજબૂત કરી રહ્યું છે. શ્રીલંકા હિંદ મહાસાગરમાં હોવાથી લંકા પર કબજો થાય તો હિંદ મહાસાગરના વેપાર પર કબજો થાય. ભારત હોય કે ચીન કે પછી બીજી કોઈ દેશ, બધાંનો દુનિયા સાથે આ માર્ગે વેપાર થઈ રહ્યો છે. ચીને આ ક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ વધારવા હમ્બનટોટા પોર્ટ પર કબજો કર્યો ને હવે આખા શ્રીલંકા પર કબજો કરવાનો તેનો મલિન ઈરાદો છે. દિશાનાયકેના આગમનથી ચીન માટે આ કામ સરળ થશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), બુધવાર, તા. ૨૫-૯-૨૦૨૪, નવમીનું શ્રાદ્ધ, અવિધવા નવમી

- ભારતીય દિનાંક ૩, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૨-૨૩ સુધી, પછી પુનર્વસુ.
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૯ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ઃ
- ભરતી : સાંજે ક. ૧૭-૦૩,
- ઓટઃ બપોરે ક. ૧૨-૧૨, રાત્રે ક. ૨૩-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - અષ્ટમી. નવમીનું શ્રાદ્ધ, અવિધવા નવમી. સૌભાગ્યવતીનું શ્રાદ્ધ. સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન હાથી.
- મુહૂર્ત વિશેષઃ રાહુ દેવતાનું પૂજન, શિવરુદ્રાભિષેક પૂજા, શિવલિંગને અગરની ઔષધીનું લેપન કરવું, ઔષધ ઉપચાર, ધજા, કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લેવડદેવડ, ઘર, ખેતર, જમીનનું લેવડદેવડ.
- શ્રાદ્ધ પર્વઃ આજરોજ નવમી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ કરવું. જે વિધવા નથી તે દિવંગત સૌભાગ્યવતીનું શ્રાદ્ધ આજરોજ કરવું. નવમી તિથિનું શ્રાદ્ધ સદ્‌ગુણી સ્ત્રીની પ્રાપ્તિ કરાવે છે. પ્રતિભા ઐશ્વર્યમાં વૃદ્ધિ કરાવે છે. જે વ્યક્તિ શ્રાદ્ધ નથી કરતી તેની નિત્ય પૂજા, સૂર્યાદિ ગ્રહો, અન્ય દેવતા માન્ય નથી કરતા. શ્રાદ્ધ ન કરનારને મોક્ષ પ્રાપ્તિ, સ્વર્ગ પ્રાપ્તિ થતી નથી. શ્રાદ્ધએ નૈમિતિક ફરજ છે. જેમ રાષ્ટ્ર પરત્વેની ફરજ છે, સમાજ પરત્વેની ફરજ છે તેમ કુટુંબ પરત્વેની ફરજ શ્રાદ્ધ વિધાનથી દર્શાવાય છે એટલે કે દિવંગતના આત્માની શાંતિ માટે શ્રાદ્ધવિધિ કરવાથી મનુષ્ય દિવંગત પરત્વેની ફરજ અદા કરે છે.
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ જાહેર જીવનની પ્રવૃત્તિમાં વકીલાતમાં સફળ રહે. બુધ-નેપ્ચ્યૂન પ્રતિયુતિ સ્વપ્નદષ્ટા, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી, ચંદ્ર-શનિ ત્રિકોણ જવાબદારીવાળું સ્થાન મળે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, બુધ-નેપ્ચ્યૂન પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ યુતિ. ચંદ્ર-શનિ ત્રિકોણ. ચંદ્ર વિષુવૃત્તની ઉત્તરે ૨૮ અંશ ૩૮ કળાના અંતરે રહે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી ઉત્તરે ૫ અંશ, ૧૮ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

### ચૂંટણીવિરોધી પ્રચાર

## તમિળનાડુમાં ૧૧ સ્થળે એનઆઈએના દરોડા

નવી દિલ્હીઃ દેશવિરોધી વિચારધારા અને ચૂંટણીપ્રચારવિરોધી ઝુંબેશને પ્રોત્સાહન આપવાને મામલે ચાલી રહેલી તપાસના ભાગરૂપ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ મંગળવારે તમિળનાડુમાં ૧૧ સ્થળે દરોડા પાડ્યા હતા.

દેશમાં ઈસ્લામિક કાનૂન લાગુ કરવાની માગણી સાથે હિઝબ-અટ-તાહિર દ્વારા શરૂ કરવામાં આવેલી સંસ્થા ચૂંટણીપ્રચાર વિરોધી ઝુંબેશને પ્રોત્સાહન આપવાને મામલે એનઆઈએ દ્વારા આ તપાસ શરૂ કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર એનઆઈએએ ચેન્નઈ, તાંબારામ અને કન્યાકુમારી જિલ્લામાં જુદા જુદા ૧૧ શંકાસ્પદ સ્થળે દરોડા પાડ્યા હતા અને ડિજિટલ ઉપકરણો, બિનહિસાબી રોકડ રકમ અને હિઝબ-અટ-તાહિરને લગતું સાહિત્ય સહિત વાંધાજનક સામગ્રી જપ્ત કરી હતી.

એનઆઈએના જણાવ્યા અનુસાર આ સંસ્થા તેનાં અનુયાયીઓને લોકશાહી ઢબે કાયદેસર ચૂંટાયેલી સરકારને ભાગલાવાદી કામગીરી મારફતે ફેંકી દેવા પ્રોત્સાહિત કરતી હતી. ભારતવિરોધી વિચારધારાને પ્રોત્સાહન આપવા મુખ્ય કાવતરાંખોર હમીદ હુસૈને અન્ય પાંચ જણ સાથે જોડાણ કર્યું હતું અને ગુપ્ત બેઠકો યોજી હતી.

આરોપી અન્ય જૂથો સાથે મળીને સંપૂર્ણ તમિળનાડુમાં ઈસ્લામિક શાસન સ્થાપવા માગતો હતો અને તે લોકોમાં ભાગલા પાડવા સહિત દેશની એકતા તેમ જ અખંડિતતાને ખોરવી નાખવાના કામમાં જોતરાયેલો હતો. દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલી સામગ્રીઓની ચકાસણી કરવામાં આવી રહી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## રેલવે પ્રધાને કર્યો કવચ ધરાવતી ટ્રેનમાં પ્રવાસ

નવી દિલ્હીઃ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવીએ ઑટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ (એટીપી)ની અસરકારકતાની ચકાસણી કરવા રાજસ્થાનના સવાઈ માધોપુરમાં મંગળવારે બપોરે એટીપી ધરાવતી ટ્રેનમાં પ્રવાસ કર્યો હતો.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર અશ્વિની વૈષ્ણવી સવાઈ માધોપુર રેલવે સ્ટેશનેથી બપોરે ચાર વાગ્યે ટ્રેનમાં બેઠા હતા અને ૪૫ મિનિટનો પ્રવાસ કરી ઈન્દ્રગઢ રેલવે સ્ટેશને પહોંચ્યા હતા.

આ ૪૫ મિનિટ દરમિયાન ટ્રેન એટીપી ધરાવતા વિસ્તારમાંથી જુદી જુદી ઝડપે પસાર થઈ હતી અને લૉકો પાઈલટ બ્રેક ન લગાડે તો પણ લાલ સિગ્નલ પર ટ્રેન ઊભી રહે છે કે નહીં તેની ચકાસણી કરી હતી.

એટીપી તરીકે જાણીતી આ કવચ ટ્રેન રિસર્ચ ડિઝાઈન ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑર્ગેનાઈઝેશન (આરડીએસઓ) દ્વારા વિકસાવવામાં આવી છે. એટીપીમાં એવી વ્યસ્થા છે જે ટ્રેનનો ડ્રાઈવર જો સમયસર બ્રેક લગાડવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં ટ્રેનને ઑટોમેટિક બ્રેક લાગે છે.

રેલવેના સંપૂર્ણ નૅટવર્કને તબક્કાવાર એટીપી સિસ્ટમ હેઠળ આવરી લેવા રેલવે ખાતું આ પ્રોજેક્ટ પર છેલ્લાં આઠ વર્ષથી કામ કરી રહ્યું હતું.

મુંબઈ-દિલ્હી અને દિલ્હી-કોલકાતાના અંદાજે ૩,૦૦૦ કિ.મી.ના રૂટ પર આ સિસ્ટમ કાર્યરત કરવાનું કામ ચલી રહ્યું છે અને આવતા વર્ષના માર્ચ મહિના સુધીમાં તે પૂરું થઈ જશે એવી ધારણા છે. આરડીએસઓએ કવચના ઍડવાન્સ વર્ઝન ૪.૦ને ૧૭, જુલાઈ ૨૦૨૪ના મંજૂરી આપી હતી. આ સિસ્ટમને મોટાપાયે કાર્યરત કરવાનું કામ ખૂબ જ જલદી શરૂ કરવામાં આવશે.

તમામ ભૌગોલિક પરિસ્થિતિમાં આ સિસ્ટમ સંદેશવ્યવહારના દરેક પ્રકારના પડકારોને પહોંચી વળશે, એમ વૈષ્ણવીએ કહ્યું હતું. કવચ ધરાવતી પ્રથમ પ્રવાસી ટ્રેનનું ટ્રાયલ ફેબ્રુઆરી ૨૦૧૬માં શરૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં સાઉથ સેન્ટ્રલ રેલવેના ૧૪૬૫ કિ.મી.ના રૂટ પર ઈલેક્ટ્રીક મલ્ટીપલ યુનિટ રૅક સહિત ૧૩૯ લૉકોમોટિવમાં આ સિસ્ટમ બેસાડવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## ભાજપે કર્ણાટક સરકારને ઊથલાવવા ષડ્યંત્ર રચ્યું છેઃ સિદ્ધરમૈયા

બેંગલૂરુઃ કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયાએ રાજીનામું આપવાનો મંગળવારે ઇનકાર કરીને આક્ષેપ કર્યો હતો કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર પોતાના વિરોધીઓ દ્વારા શાસિત રાજ્ય સરકારોના વડા પ્રત્યે કિન્નાખોરીભર્યું વલણ દાખવી રહી છે. ભાજપ નાણાંની તાકાતના જોરે મારી સરકારને ઊથલાવવા પ્રયાસ કરી રહ્યો છે.

રાજ્યપાલે 'જગ્યાની ફાળવણીના કેસ'માં રાજ્યના મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયા સામે તપાસ યોજવા આપેલી મંજૂરીને પડકારતી સિદ્ધરમૈયાએ કરેલી અરજીને અહીંની વડી અદાલતે કાઢી નાખી હતી અને તેને પગલે રાજ્યમાંના વિપક્ષો તેમના રાજીનામાની માગણી કરી રહ્યા છે.

સિદ્ધરમૈયાએ જણાવ્યું હતું કે મેં કોઇ ખોટું કામ નથી કર્યું અને હું મારા વિરોધીઓની સામે કાનૂની તેમ જ રાજકીય લડત લડીશ.

કર્ણાટકના મુખ્ય પ્રધાને પોતાના રાજીનામાની માગણીના સંબંધમાં સામા સવાલ કર્યા હતા કે હું શું કામ રાજીનામું આપું? શું (કેન્દ્રના પ્રધાન એચ. ડી.) કુમારસ્વામીએ રાજીનામું આપ્યું છે? તેઓ જામીન પર છે. તેમને સવાલ પૂછો. મારી સામે ષડ્યંત્ર રચાયું છે. તેમણે જણાવ્યું હતું કે હું કાનૂની નિષ્ણાતો, રાજ્યના પ્રધાનો, પક્ષના રાજ્ય એકમના પ્રમુખ અને અન્ય સાથીઓની સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ ભાવિ પગલાં નક્કી કરીશ. (એજન્સી) ■

## હરિયાણાના યુવાનો 'ડંકી' તરફ કેમ વળ્યા?ઃ રાહુલ ગાંધીનો અણિયાળો સવાલ

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે એવો આરોપ લગાવ્યો કે ભાજપે રોજગારની તકો છીનવીને હરિયાણા સહિત દેશના યુવાનો સાથે 'ગંભીર અન્યાય' કર્યો છે અને તેમને વિદેશની ધરતી પર 'અત્યાચારની યાત્રા' કરવા મજબૂર કર્યા છે.

તેમણે સોશિયલ મીડિયા પર હરિયાણાના કેટલાક ઇમિગ્રન્ટ્સ સાથે યુ.એસ.માં તેમની તાજેતરની મુલાકાતનો એક વિડિયો શેર કર્યો ત્યારે તેમણે આ ટિપ્પણી કરી હતી, જેમણે વતનમાંની બેરોજગારીનું કારણ આપીને યુ.એસ. જવાની ફરજ પડી હોવાનું જણાવ્યું હતું અને તેમને વિદેશમાં સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો.

વિડિયો સાથેની હિન્દીમાં પોતાની પોસ્ટમાં ગાંધીએ કહ્યું હતું કે, હરિયાણાના યુવાનો ડંકી તરફ કેમ વળ્યા?

'ડંકી' એ 'ગધેડા ફ્લાઇટ' લેવાની ગેરકાયદેસર ઇમિગ્રેશન ટેક્નિકને આપવામાં આવેલો શબ્દ છે અને ગયા વર્ષે શાહરૂખ ખાન અભિનિત રાજકુમાર હિરાણીની ફિલ્મથી લોકપ્રિય થયો હતો. લાખો પરિવારો તેમના પ્રિયજનોથી દૂર રહીને ભાજપ દ્વારા ફેલાવવામાં આવેલી 'બેરોજગારીની બિમારી'ની કિંમત ચૂકવી રહ્યા છે, એમ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું હતું.

મારી અમેરિકાની મુલાકાત દરમિયાન, હું હરિયાણાના એવા યુવાનોને મળ્યો જેઓ તેમના પરિવારોથી દૂર વિદેશમાં સંઘર્ષ કરી રહ્યા છે. જ્યારે ભારત પરત ફરીને તેમના પરિવારોને મળ્યો ત્યારે મારી આંખો પીડાથી ઉભરાઇ ગઈ હતી. તકોના અભાવે બાળકોમાંથી પિતાનો ટેકો અને વૃદ્ધો પાસેથી તેમના વૃદ્ધાવસ્થાનો ટેકો છીનવી લીધો છે, એમ રાહુલ ગાંધીએ કહ્યું હતું. કોંગ્રેસના નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમારો સંકલ્પ છે કે કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ અમે હરિયાણામાં એવી વ્યવસ્થા બનાવીશું જેમાં યુવાનોને તેમનાં સપનાં માટે તેમના પ્રિયજનોથી દૂર રહેવું નહીં પડે. વીડિયોમાં ગાંધી અમેરિકામાં હરિયાણાના યુવાનો સાથે વાતચીત કરતા અને વિદેશમાં તેમના સંઘર્ષ વિશે પૂછતા જોવા મળે છે. આ વાતચીત દરમિયાન ગાંધીની સાથે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા પણ હતા. (પીટીઆઈ) ■

## જાપાનના ટાપુઓ પર નાનું સુનામી આવ્યું

ટોક્યોઃ જાપાનના અંતરિયાળ ટાપુઓ પર મંગળવારે સવારે નાનું સુનામી આવ્યું હતું. જમીનમાંની જ્વાળામુખીને લગતી હિલચાલ અને ધરતીકંપને લીધે આ સુનામી આવ્યું હોવાનું કહેવાય છે.

આમ છતાં, ભૂકંપના પાછોતરા આંચકા નહોતા અનુભવાયા અને તેથી ત્રણ કલાક બાદ વધુ મોટી સુનામીને લગતી ચેતવણી પાછી ખેંચાઇ હતી. સમુદ્રના ઊંચે ઊછળેલાં મોજાંને લીધે જાનમાલને કોઇ ખાસ હાનિ નહોતી થઇ.

જાપાનના ઇઝુ ટાપુઓ પર શરૂઆતમાં ૫.૯ની તીવ્રતાવાળો ધરતીકંપ થયો હતો અને તેને લીધે અનેક ટાપુના બનેલા ઇઝુ અને ઓગાસાવારા ખાતે દરિયાનાં મોજાં સામાન્ય કરતાં એક મીટર વધુ ઊંચાઇએ ઊછળવાની ચેતવણી અપાઇ હતી.

જાપાનના અંતરિયાળ ઇઝુ ટાપુઓ પર અંદાજે ૨૧,૫૦૦ અને ઓગાસાવારા ટાપુઓ પર આશરે ૨,૫૦૦ લોકો રહે છે.

ધરતીકંપની અંદાજે ૩૦ મિનિટ પછી હાચીજો ટાપુ પર યાએને જિલ્લા પર સુનામીનાં મોજાં સામાન્ય કરતાં અંદાજે પચાસ સેન્ટિમીટર (આશરે ૨૦ ઈંચ) ઊંચાં ઊછળ્યાં હતાં.

ટોકયોની દક્ષિણમાં અંદાજે ૩૦૦ કિલોમીટર (૧૮૬ માઇલ) દૂર આવેલા હાચીજો ટાપુના કિનારાથી આશરે ૧૮૦ કિલોમીટર (૧૧૧ માઇલ) દૂર ધરતીકંપનું કેન્દ્ર હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### જમ્મુ-કાશ્મીરમાં

કરવાની આશા રાખે છે. બરકતી બીરવાહ અને ગાંદરબલ સીટથી ચૂંટણી લડી રહ્યા છે.

રાશિદ એન્જિનિયર તરીકે પ્રખ્યાત શેખ અબ્દુલ રશીદે આ વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં તિહાર જેલમાંથી ચૂંટણી લડી હતી અને બારામુલા મતવિસ્તારમાંથી બે લાખથી વધુ મતોના માર્જિનથી અબ્દુલ્લાને હરાવવામાં સફળ રહ્યા હતા.

વિધાનસભા ચૂંટણીના આ બીજા તબક્કાના અન્ય મુખ્ય ઉમેદવારોમાં અપની પાર્ટીના પ્રમુખ અલ્તાફ બુખારી (ચન્નાપોરા), ભૂતપૂર્વ પ્રધાનો અલી મોહમ્મદ સાગર (ખાન્યાર), અબ્દુલ રહીમ રાથેર (ચરાર-એ-શરીફ), ચૌધરી ઝુલ્ફીકાર અલી (બુધલ) અને સૈયદ મુશ્તાક બુખારી (સુરનકોટ) છે. ચૌધરી ઝુલ્ફીકાર અલી અને સૈયદ મુશ્તાક બુખારી આ વખતે ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે.

૧૮ સપ્ટેમ્બરના રોજ પ્રથમ તબક્કાના મતદાનમાં અંદાજિત ૬૧.૩૮ ટકા મતદારોએ મતદાન કર્યું હતું. ત્રીજા તબક્કાનું મતદાન ૧ ઓક્ટોબરે થશે. મતોની ગણતરી ૮ ઓક્ટોબરે થશે. આ તબક્કા દરમિયાન, શ્રીનગર જિલ્લામાં ૯૩ ઉમેદવારો મેદાનમાં છે, ત્યારબાદ બડગામ જિલ્લામાં ૪૬, રાજૌરી જિલ્લામાં ૩૪, પૂંચ જિલ્લામાં ૨૫, ગાંદરબલ જિલ્લામાં ૨૧ અને રિયાસી જિલ્લામાં ૨૦ ઉમેદવારો મેદાનમાં છે.

શ્રીનગર જિલ્લાના મતવિસ્તારોમાં હઝરતબાલ, ખાનયાર, હબ્બકા દાલ, લાલ ચોક, ચન્નાપોરા, ઝાડીબાલ, મધ્ય શાલટેંગ અને ઈદગાહ છે.

બડગામ જિલ્લામાં બડગામ, બીરવાહ, ખાનસાહિબ, ચરાર-એ-શરીફ અને ચદૂરા, જ્યારે ગાંદરબલ જિલ્લામાં બે મતવિસ્તાર કંગન (એસટી) અને ગાંદરબલનો સમાવેશ થાય છે.

જમ્મુ વિભાગની બેઠકોમાં ગુલાબગઢ (એસટી), રિયાસી, શ્રી માતા વૈષ્ણો દેવી (રિયાસી જિલ્લામાં), કાલાકોટ-સુંદરબની, નૌશેરા, રાજૌરી (એસટી) (રાજૌરી જિલ્લામાં), બુધલ (એસટી), થન્નામંડી (એસટી), સુરનકોટ (એસટી), પૂંચ હવેલી અને મેંઘર (એસટી)નો સમાવેશ થાય છે. ■

### ઇઝરાયલે લેબેનોનમાં

રાખીને, ઇઝરાયેલ સરકારે ૩૦ સપ્ટેમ્બર સુધી સમગ્ર દેશમાં સ્પેશિયલ હોમ ફ્રન્ટ સિચ્યુએશન એટલે કે ઈમરજન્સી જાહેર કરી છે. ઇઝરાયલ આર્મી સોમવાર સવારથી લેબનોનના બેકા વિસ્તારમાં સતત હુમલો કરી રહી છે. હુમલાનો વ્યાપ વધારવાની વાત કરતા ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હગારીએ કહ્યું કે બેકા ખીણને ખાલી કરવા સૂચના આપવામાં આવી છે.

દરમિયાન, ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એક વીડિયો સંદેશ જાહેર કરીને લેબનોનમાં રહેતા લોકોને શક્ય તેટલી વહેલી તકે વિસ્તાર છોડી દેવાની ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે આ ચેતવણીને ગંભીરતાથી લો. અમારું ઓપરેશન પૂરું થયા પછી, લેબનીઝ લોકો સુરક્ષિત રીતે તેમના ઘરે પરત ફરી શકશે.

ઈઝરાયલના હુમલાના ડરથી ૧૦ હજાર લોકો દક્ષિણ ભાગથી ઉત્તર તરફ પલાયન કરી ગયા છે. જેના કારણે બંદર શહેર સિડોનની બહાર મુખ્ય હાઇવે પર કારની લાંબી કતારો લાગી ગઈ છે. આ સિવાય સરકારે દેશના મોટાભાગના ભાગોમાં શાળાઓ અને યુનિવર્સિટીઓને બંધ રાખવાનો આદેશ આપ્યો છે. ૨૦૦૬માં ઇઝરાયેલ અને લેબનોન વચ્ચેના યુદ્ધ બાદ આ સૌથી મોટું સ્થળાંતર માનવામાં આવે છે. ■

### ઉત્તર પ્રદેશમાં

કસ્ટડીમાં લીધા હતા.

ટ્રેનને મિર્ઝાપુર સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી. અહીં નિવેદનો નોંધવાની સાથે ઘાયલ મુસાફરોને સારવાર આપવામાં આવી હતી.

મહાબોધિ એક્સપ્રેસ પર પથ્થરમારામાં ઘાયલ મુસાફર સુજીત કુમાર, બેગુસરાયના રહેવાસીએ જણાવ્યું કે તે બારી પાસે બેઠો હતો ત્યારે અચાનક પથ્થરમારો થવા લાગ્યો. તેને માથા અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે અન્ય ઘણા મુસાફરોને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ મામલે ઉત્તર મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શશિકાંત ત્રિપાઠીએ જણાવ્યું કે રેલવે તંત્રએ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને આરપીએફને કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે. ■



'તલવાર':
ભારતીય નૌકાદળનું જહાજ આઈએનએસ તલવાર કેન્યાના મોમ્બાસામાં. ભારત અને કેન્યા વચ્ચે સહકાર વધારવાના પ્રયાસના ભાગરૂપે નૌકાદળનું જહાજ કેન્યા ગયું હતું. (પીટીઆઈ)

# મુંદરા બંદરેથી પચીસ કરોડના ચાઈનીઝ રમકડાં ભરેલાં ચાર કન્ટેનર ઝડપાયાં

### સોનુ શુક્લા અને ક્રિષ્ણા સહાયની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચીનથી મુંદરા બંદરે આવેલા ચાર શંકાસ્પદ કન્ટેઇનરને ગાંધીધામ ડીઆરઆઈએ જપ્ત કરીને તપાસ હાથ ધરતા તેમાંથી અંદાજે ૨૫ કરોડના મૂલ્યના સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા ચાઈનીઝ રમકડાં અને ફુગ્ગાઓ, જેકેટ્સ નીકળી પડ્યા હતા.

આ અંગે જાણવા મળેલી સત્તાવાર માહિતી અનુસાર, ગત શુક્રવારે ચીનથી એક આયાતકારે મંગાવેલા ચારેય કન્ટેનરમાં બાળકોનાં કપડાં હોવાનું જાહેર કરાયું હતું, જે અંગે શંકા જતાં ડીઆરઆઈએ તમામ કન્ટેનરને રોકવી ઝીણવટભરી તપાસ કરી તો અંદરથી કરોડોના મૂલ્યનાં ચાઈનીઝ રમકડાં, બલુન્સ ઉપરાંત આ કન્ટેનરમાંથી વયસ્કોના માપના વિન્ટર જેકેટ્સ મળી આવ્યા હતા.

આવી સામગ્રીઓ પર લાગતી ૯૦ ટકા જેટલી જંગી ડ્યુટીની ચોરી કરવા મીસ ડિક્લેરેશન કરીને ચીની રમકડા અને ફુગ્ગાઓને ભારતીય બજારોમાં ઠાલવવાના ષડયંત્રનો પર્દાફાશ કરનારી ડીઆરઆઈ દ્વારા ગણતરીના કલાકોમાં માસ્ટર માઈન્ડ ગણાતા બે શખ્સ સોનું શુક્લા અને ક્રિષ્ણા સહાયને ઝડપી પાડ્યા છે. જ્યારે બાકીના શખ્સોના નિવેદનો લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

### રાજકોટમાં સોની પરિવાર સામૂહિક આપઘાત પ્રયાસ કેસ

# મુંબઈના ચાર વેપારીઓને મળી નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના ગુંદાવાડીના સોની પરિવારના નવ સભ્યોના આપઘાતના પ્રયાસ કેસની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવ્યા બાદ મુંબઈના ચાર સોની વેપારીઓને પૂછપરછ માટે પોલીસે રાજકોટ બોલાવ્યા છે.

શહેરના ગુંદાવાડીમાં ગોવિંદપરા શેરીમાં રહેતા અને સોની બજારમાં કેતન લલિત આડેસરા નામની સોની પેઢી ધરાવતા કેતન લલિતભાઈ આડેસરા તથા તેના ભાઈ વિશાલ લલિત આડેસરા સાથે દિવ્યાબેન કેતનભાઈ આડેસરા (ઉ.વ.૪૨) તેમના સસરા લલિતભાઈ વલ્લભભાઈ (ઉ.વ.૭૬), સાસુ મિનાબેન આડેસરા (ઉ.વ.૬૭), દેરાણી સંગીતાબેન વિશાલભાઈ આડેસરા (ઉ.૪૦), પુત્ર જય કેતનભાઈ આડેસરા (ઉ.વ.૨૧), ભત્રીજો અંશ વિશાલભાઈ આડેસરા (ઉ.વ.૧૫) અને ભત્રીજી હેતાંશી વિશાલભાઈ આડેસરા (ઉ.વ.૮)એ સામુહિક જંતુનાશક દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં આ તમામને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

પોલીસ તપાસમાં આપઘાતના પ્રયાસમાં જાણવા મળ્યું કે સોનાના દાગીના બનાવી ગુજરાત અને મહારાષ્ટ્રમાં વેચવાનું કામ કરતાં કેતનભાઈ આડેસરા અને વિશાલ આડેસરા, મુંબઈના વિજય કૈલાસ રાવલ અને મહેન્દ્રભાઈ તથા પ્રકાશ અને નિર્મળ નામના સોની વેપારીએ અલગ અલગ દાગીનાનો ઓર્ડર આપ્યો હતો. એક વર્ષ પૂર્વે સાડા ૩ કિલોના ૨૨ કેરેટના દાગીના બનાવવાનો ઓર્ડર આપ્યા બાદ આ દાગીના બનાવીને કેતન અને તેના ભાઈ વિશાલે આ ચારેય સોની વેપારીઓને આપ્યા હતાં અને જે પેટે રૂા.૨.૭૫ કરોડની રકમ લેવાની નીકળતી હોય જે રકમ વર્ષ ૨૦૨૩માં દિવાળી સુધીમાં આપી દેવાનું આ ચારેય સોની વેપારીઓએ વચન આપ્યું હતું. પરંતુ વર્ષ ૨૦૨૩ પૂર્ણ થયા છતાં અને બીજુ વર્ષ પૂર્ણ થવાના આરે હોય ત્યારે હજુ સુધી આ ૨.૭૫ કરોડ આપવાના બદલે બહાના બતાવતાં સોની પરિવાર આર્થિક ભીંસમાં મુકાયો હતો. આ ઘટનામાં આપઘાતના પ્રયાસ પૂર્વે બે દિવસ પહેલા સોની ભાઈઓએ ક્રાઈમ બ્રાંચમાં આ મામલે અરજી પણ કરી હતી ત્યારે આ સામુહિક આપઘાતના પ્રયાસની ઘટના બાદ પોલીસ કમિશ્નર બ્રજેશ-કુમાર ઝાએ આ તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપી હતી. ક્રાઇમ બ્રાન્ચની ટીમે આ બાબતે તપાસ શરૂ કરી મુંબઈના આ ચારેય સોની વેપારીઓની પુછપરછ માટે તેમને નોટિસ મોકલી છે. ■

# રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસના આરોપીઓને વકીલ મળતા નથી: કોર્ટ નારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:દેશભરમાં ભારે ચકચાર જગાવનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસમાં પકડાયેલા ૧૫ આરોપી સામેનો કેસ ચાર્જશીટ મુકાઇ ગયા બાદ સેશન્સ કમિટ થયાની ત્રીજી મુદતમાં પણ નવ આરોપીઓએ વકીલો રોકવા સેશન્સ કોર્ટમાં મુદત માગવામાં આવી હતી.

અદાલત દ્વારા આગામી તા.૮મી સપ્ટેમ્બર સુધીમાં વકીલ નહીં રોકવામાં આવે તો લીગલ એઇડમાંથી વકીલની ફાળવણી કરી કેસની ટ્રાયલ આગળ ચલાવવામાં આવશે તેવી સૂચના આપવામાં આવી છે.

રાજકોટ શહેરના કાલાવડ રોડ નજીક નાના મવા વિસ્તારમાં આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ગત ૨૮મી મેના રોજ આગ ફાટી નીકળતા નાનાં બાળકો અને ગેમ ઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી લેવામાં આવેલ ન હોવા છતાં તંત્ર દ્વારા ગેમ ઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાઠગાંઠ હોવાના કારણે આ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું.

આ બનાવને ગંભીરતાથી લઇ રાજ્ય સરકાર દ્વારા સીટની રચના કરવામાં આવી હતી. જે તપાસમાં ટીઆરપી ગેમ ઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા સહિતના જવાબદાર અધિકારીઓ સહિત ૧૫ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ થતા આ કેસ સેશન્સ કમિટ થયા બાદ ૩જી સપ્ટેમ્બરે સેશન્સ કોર્ટમાં પ્રથમ સુનાવણીમાં કુલ ૧૫ પૈકીના કેટલાક આરોપીઓને વકીલ રોકવાના બાકી હોવા બાબતે સમય માગવામાં આવ્યો હતો. જે અનુસંધાને અદાલત દ્વારા પક્ષકારોની સાથે ચર્ચાવિચારણા કરીને તા.૧૦ મી સપ્ટેમ્બરના રોજ સુનાવણી રાખવામાં આવી હતી. ૧૦મી સપ્ટેમ્બરે સેશન્સ કોર્ટમાં તમામ આરોપીઓને કોર્ટમાં હાજર કરતા ફરી આરોપીઓએ વકીલ રોકવા મુદત માંગી હતી. જેને પગલે કોર્ટે તમામ આરોપીઓને વકીલ રોકવા ખાસ સૂચના આપી હતી. આગામી તા.૨૪ના રોજ કેસની ટ્રાયલ ચલાવવા મુકરર કરી હતી.

સેશન્સ કોર્ટમાં ટ્રાયલ ચાલવાની ત્રીજી મુદતે તમામ આરોપીઓને પોલીસ જાપતા સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં જમીન માલિક અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મનપાના સસ્પેન્ડેડ મનસુખ સાગઠિયા, સસ્પેન્ડેડ આસિસ્ટન્ટ ટીપીઓ મુકેશ મકવાણા, સસ્પેન્ડેડ આસિસ્ટન્ટ ફાયર ઓફિસર ઈલેશ ખેર અને ગેમ ઝોન સંચાલક ધવલ ઠક્કરના વકીલ હાજર રહ્યા હતા. જ્યારે અન્ય નવ આરોપીએ હજુ પોતાના બચાવ પક્ષે વકીલ નહીં રોકતા સેશન્સ કોર્ટના ન્યાયાધીશ આગામી તા.૮મી ઓક્ટોબર સુધીમાં તમે વકીલ નહીં રોકો તો લીગલ એઇડમાંથી વકીલ ફાળવી દેવામાં આવશે તેવી કડક સૂચના આપવામાં આવી હતી. ■

### આગામી સાત દિવસમાં વરસાદનો છેલ્લો રાઉન્ડ

# ગુજરાતમાંથી પાંચમી ઑક્ટોબરે ચોમાસું વિદાય લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હવામાન વિભાગે ચોમાસાની વિદાય અંગે મહત્ત્વની આગાહી કરી હતી, હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાંથી આગામી ૫ ઑક્ટોબરે ચોમાસું વિધિવત્ વિદાય લેશે. રાજ્યના વિવિધ ભાગોમાંથી હાલ ધીમે ધીમે ચોમાસું વિદાય લઈ રહ્યું છે. બંગાળની ખાડી પર સક્રિય સાયક્લોનિક સર્ક્યુલેશન ધીમે ધીમે આગળ વધી રહ્યું છે અને તેની અસર જોવા મળી રહી છે.

હવામાન વિભાગે આગામી ૭ દિવસ ક્યાંક મધ્યમ તો ક્યાંક ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ભાગોમાં સૌથી વધુ વરસાદ વરસી શકે છે. જ્યારે ૩ દિવસ બાદ સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતના ભાગોમાં પણ વરસાદની પૂરતી સંભાવના છે જ્યારે બીજી તરફ ત્રણ ઓક્ટોબરથી નવરાત્રિ શરૂ થઈ રહી છે અને પાંચ ઑક્ટોબરથી ચામાસું વિધિવત વિદાય લેશે.

આ ઉપરાંત ચોમાસાની વિદાયની પણ ધીમે ધીમે શરૂઆત થઈ છે. હાલમાં દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને પશ્ચિમ કચ્છના ભાગોમાં વિધિવત રીતે ચોમાસાની વિદાયની શરૂઆત થઈ છે. એટલે કે, આ વરસાદી રાઉન્ડ છેલ્લો હોય શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટરે ગુજરાતના ખેલૈયાઓ માટે પણ સારા સમાચાર આપ્યા હતા. જેમાં નવરાત્રિ પહેલાં જ વરસાદનો રાઉન્ડ પૂર્ણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એટલે કે, ખેલૈયાઓના નવરાત્રિના નવ દિવસ બગડે તેવી શક્યતા ઓછી જણાઇ આવે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના વિવિધ ભાગોમાં જુદા જુદા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. પરંતુ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની પણ શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી સાથે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. બાદમાં ચોથા દિવસથી એટલે કે, ૨૫ સપ્ટેમ્બરથી સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ગાજવીજ સાથે ભારે વરસાદ વરસી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ૨૫થી ૨૬ સપ્ટેમ્બર બાદ મધ્યમથી ભારે વરસાદ વરસી શકે છે. ■

# સુરતના કતારગામની ડાયમંડ ફેક્ટરીની ગેસ લાઈનમાં વિસ્ફોટ: ૧૪ રત્નકલાકાર દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના કતારગામ વિસ્તારમાં લક્ષ્મી ડાયમંડ ફેક્ટરીની બાજુમાં આવેલી એક ડાયમંડ્સ કંપનીની ફેક્ટરીમાં ગેસ લાઈનમાં વિસ્ફોટ થતાં અફરાતફરી મચી ગઈ હતી.

આ દુર્ઘટનામાં ફ્લેશ ફાયરના થવાને કારણે અંદર કામ કરી રહેલા રત્નકલાકારોમાંથી ૧૪ જેટલા દાઝી ગયા હતા. જેમાંથી બે વ્યક્તિની હાલત ગંભીર હોવાની વિગત મળી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સુરત મેયર દક્ષેશ માવાણીએ ઇજાગ્રસ્તોની કિરણ હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી હતી. સુરતના કતારગામ વિસ્તારની આરવી ડાયમંડ્સ કંપનીના ત્રીજા માળે ડાયમંડને ક્લીન કરતી વખતે ગેસ લાઈનમાં ધડાકાભર સાથે બ્લાસ્ટ થયો હતો.

ડાયમંડ ઉપરની ડસ્ટ દૂર કરવા માટે અને તેને ક્લીન કરવા માટે ગેસ લાઇનનો ઉપયોગ કરવામાં આવતો હતો. એકાએક જ બ્લાસ્ટ થતા હીરા ક્લિનિંગનું કામ કરતા ૧૪ રત્નકલાકારો દાઝી ગયા હતા. ફાયર વિભાગ દ્વારા ઘટનાસ્થળ ઉપર પહોંચીને આગ ઉપર કાબૂ મેળવી લેવાયો હતો. ગૅસ સિલિન્ડર મારફતે ગ્રાઉન્ડ ફ્લોરથી ત્રીજા માળ સુધી ગૅસ લાઇન નાખવામાં આવી હતી. ■

# મહેસાણાની ગણપત યુનિ.માં જાહેરમાં નમાજ પઢવાનો વીડિયો વાયરલ: હિન્દુ સંગઠનોનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણાના ખેરવા ખાતે આવેલી ગણપત યુનિવર્સિટી વિવિધ કારણોથી સતત ચર્ચામાં રહે છે. આ દરમિયાન ગણપત યુનિવર્સિટીમાં નમાજ પઢવાનો વીડિયો વાયરલ થતાં હોબાળો મચી ગયો હતો. આ મુદ્દે હિન્દુ સંગઠનોએ યુનિવર્સિટી ખાતે એકત્રિત થઈને ભારે હંગામો મચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગણપત યુનિવર્સિટીમાં નમાજ પઢવાનો વીડિયો વાયરલ થયો હતો, જેને પગલે હિન્દુ સંગઠનોમાં રોષ ફાટી નીકળ્યો હતો. નમાજ પઢવાનો વીડિયો બહાર આવતા હિન્દુ સંગઠનોએ યુનિવર્સિટીમાં હોબાળો મચાવ્યો હતો. મોટી સંખ્યામાં હિન્દુ સંગઠનના લોકો યુનિવર્સિટી પહોંચ્યા હતા અને જાહેરમાં નમાજ પઢવા મામલે વિરોધ વ્યક્ત કરીને જવાબદાર સામે પગલાં ભરવા માગ કરી હતી. ગણપત યુનિવર્સિટીમાં આ રીતે જાહેરમાં નમાજ પઢવાનો વીડિયો વાયરલ થતાં માહોલ ગરમાયો હતો. ■

# ગુજરાત હાઇ કોર્ટ એડવોકેટ એસો.ના પ્રેસિડેન્ટ સામે અવિશ્વાસની દરખાસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ એસોસિએશનનાં પ્રેસિડેન્ટ એડવોકેટ બ્રિજેશ ત્રિવેદી સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી હતી. અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાનો ઠરાવ એસોસિ-એશનની એક બેઠકમાં કરાયો હતો, અવિશ્વાસની દરખાસ્ત થતાં રાજકારણ ગરમાઈ ગયું છે. અવિશ્વાસની દરખાસ્ત મામલે હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા.

સોમવારે એસોસિએશનની સભ્યોની બેઠક વાઇસ પ્રેસિડેન્ટ એડવોકેટ વિરાટ પોપટની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં ૬૩ સભ્યો હાજર રહ્યા હતા અને ૧૪મી ઓક્ટોબરના રોજ સિક્રેટ બેલેટથી ચૂંટણી યોજવાનો નિર્ણય કરાયો હતો. ઉક્ત ઘટનાક્રમ અંગે પ્રેસિડેન્ટ બ્રિજેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે એસોસિએશનમાં બોગસ વોટર્સને દૂર કરવાની આગામી કાર્યવાહીના પગલે મારી વિરુદ્ધ આવો નિર્ણય કરવામાં આવી રહ્યો છે અને હું એનાથી ડરતો નથી. માત્ર ૬૦ સભ્યો મારી સામે પડ્યા છે, ૧૦૬૦ સભ્યોએ મત આપીને મને ચૂંટણીમાં વિજેતા બનાવ્યો છે અને મને સભ્યોમાં વિશ્વાસ છે.

હાઇ કોર્ટ એડવોકેટ એસો.ના પ્રેસિડેન્ટ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હોય એવી ચોંકાવનારી ઘટનાએ હાઇકોર્ટના સ્ટાફ, એડવોકેટ સહિતના લોકોમાં ચર્ચા જગાવી છે. જોકે સોમવારે યોજાયેલી બેઠકના ઠરાવમાં સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું હતું કે,આજ રોજ (સોમવારે) મેનેજિંગ કમિટીના સભ્યોની બેઠક વાઈસ પ્રેસિડેન્ટ વિરાટ પોપટની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે કે, કોઇ પણ ચૂંટાયેલા સભ્યને તેના પદ પરથી દૂર કરવા માટે સિક્રેટ બેલેટ અથવા તો રેફરેન્ડમની પ્રક્રિયાનો અમલ કરવાનો રહે છે, જેથી કરીને આવી પ્રક્રિયામાં બારના સર્વે સભ્યોની ઇચ્છા જાણી શકાય.

આગામી ૧૪મી ઓક્ટોબરે હાઇકોર્ટના બાર રૂમમાં સાડા દસથી સાડા પાંચ વાગ્યા દરમિયાન સિક્રેટ બેલેટથી વોટિંગ કરાશે અને આ પ્રક્રિયાના નોડલ ઓફિસર નિલેશ એ. પંડ્યા રહેશે. એસોસિએશનના સેક્રેટરી એડવોકેટ હાર્દિક બ્રહ્મભટ્ટની સહી સાથે ઉક્ત ઠરાવ જાહેર કરવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં આ વર્ષે સિંગતેલ સસ્તું થશે?

### મગફળીનું વિક્રમી ૫૮ લાખ ટન ઉત્પાદન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા એક દાયકાથી મગફળીનુ વાવેતર અને ઉત્પાદન વધતું રહ્યું છે, પરંતુ તેનાથી વિપરિત સિંગતેલના ભાવ ઘટવાને બદલે ક્રમશઃ વધતા જ રહ્યાં છે. વિક્રમી ઉત્પાદનનો લાભ સિંગતેલ ખાનારા પરિવારોને મળતો નથી. આ વર્ષે પણ ગુજરાતમાં ગત વર્ષના ૧૬.૩૫ લાખ સામે આ વર્ષે રેકોર્ડ ૧૯.૧૦ લાખ હેક્ટરથી વધુમાં વાવેતર થયું છે. રાજ્યમાં ૫૮.૦૪ લાખ ટન મગફળી પાકવાનો અંદાજ જાહેર કરવામાં આવ્યો છે. ખરીફ ઋતુ-૨૦૨૪ના આજે જાહેર થયેલા પ્રથમ સત્તાવાર અંદાજ મૂજબ રાજ્યમાં ૫૮.૦૪ લાખ ટન મગફળી પાકવાનો અંદાજ છે. જો તેલીયા રાજાઓ મોંઘા તેલનો ખેલ ન ખેલે તો લોકોને આ વર્ષે વાજબી ભાવે સિંગતેલ મળવા અને સિંગતેલની માંગ વધે તો ખેડૂતોને પણ પૂરતા ભાવ મળી રહેશે કે કેમ તે અંગે પણ સવાલો ઉઠી રહ્યાં છે. ગુજરાતમાં ૭૬.૭૪ ટકા મગફળીનું વાવેતર સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં થાય છે.

ગુજરાતમાં આ ચોમાસામાં ખરીફ ૨૦૨૪-૨૦૨૪ ઋતુમાં વાવેતરમાં ઉત્પાદનનો પ્રથમ અંદાજ જોઇએ તો, ડાંગરનું ૮.૭૯ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે અને ૨૨.૩૨ લાખ ટન ઉત્પાદનનો અંદાજ છે જ્યારે મગફળીનું ૧૯.૧૭ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે તેની સામે ઉત્પાદન ૫૮.૦૩ લાખ ટન થશે. સોયાબીનના ૩.૦૮ લાખ હેક્ટરમાં વાવેતર સામે ૫.૫૨ લાખ ટન, કપાસના ૨૩.૬૫ લાખ હેક્ટર વાવેતર સામે ૮૮.૩૧ લાખ ગાંસડી, તુવેરના ૨.૩૭ લાખ હેક્ટર વાવેતર સામે ૨.૮૪ લાખ ટન, દિવેલાના ૫.૭૩ લાખ હેક્ટર વાવેતર સામે ૧૩.૦૨ લાખ ટન, જુવારના ૧૭,૧૦૦ હેક્ટર વાવેતર સામે ૨૨,૮૧૦ ટન, બાજરો ૧.૯૬ લાખ હેક્ટર વાવેતર સામે ૨.૯૭ લાખ ટન, મકાઈના ૨.૮૮ લાખ હેક્ટરવાવેતર સામે ૫.૮૨ લાખ ટન, અડદના ૮૪,૯૩૦ હેક્ટર વાવેતર સામે ૫૨,૫૪૦ ટન અને તલના ૪૯,૧૨૦ હેક્ટર વાવેતર સામે ૨૫,૨૭૦ ટન ઉત્પાદનનો અંદાજ જાહેર કરવામાં આવ્યો છે. ■

# સુરતમાં નર્સિંગમાં અભ્યાસ કરતી નર્સનો શંકાસ્પદ રીતે મૃતદેહ મળી આવતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોલકાતામાં મહિલા ડોક્ટર સાથે દુષ્કર્મ બાદ હત્યાના મામલાની શાહી હજુ સુકાઈ પણ નથી ત્યાં સુરતમાં નર્સિંગમાં અભ્યાસ કરતી નર્સનો શંકાસ્પદ મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. નવસારીના ઓયો હેપ્પી સ્ટેટમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. જેને પગલે સુરત પોલીસ દોડતી થઈ હતી.

મળતી માહિતી અનુસાર સુરતમાં ૨૩ વર્ષીય ભાવિકા પટેલનો મૃતદેહ મળતા ખળભળાટ મચી ગયો હતો. ભાવિકા સુરતમાં નર્સિંગમાં અભ્યાસ કરતી હતી. તેનો મૃતદેહ નવસારીના ઓયો હેપ્પી સ્ટેટમાંથી મળી આવ્યો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

સમગ્ર મામલે પ્રાપ્ત માહિતી અનુસાર ભાવિકા ભાર્ગવ સાથે હોટલ ગઈ હતી. ભાર્ગવ નરેશ પટેલ સાથે ભાવિકાની મિત્રતા હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યાં ભાવિકાનો મૃતદેહ મળ્યો ત્યાં નવસારી પોલીસે તપાસ હાથ ધરી છે. આ મામલે પરિવારે ભાવિકાની હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. ■

# ગાંધીનગરમાં ફોરેસ્ટ બીટ ગાર્ડના ૧૦૦ જેટલા ઉમેદવારોને ડિટેઈન કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતી મામલે રજૂઆત કરવા આવેલા ઉમેદવારોને ડિટેઈન કરાયા હતા, રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી પોતાની રજૂઆત કરવા માટે આવેલા ૧૦૦ જેટલા ઉમેદવારોને પોલીસ દ્વારા ડિટેઈન કરી પોલીસવાહનમાં બેસાડી લઈ જવામાં આવ્યા હતા. પોલીસે ડિટેઈન કરવાનો પ્રયાસ કરતા પોલીસકર્મીઓ અને ઉમેદવારો વચ્ચે ઘર્ષણનાં દૃશ્યો સર્જાયાં હતાં. પોલીસ ઉમેદવારોને ટીંગાટોળી કરીને લઈ ગઈ હતી.

છેલ્લાં બે-અઢી વર્ષથી સરકારી નોકરીની રાહ જોઈ રહેલા ઉમેદવારો લાંબા સમય બાદ પણ ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થતાં મંગળવારે રજૂઆત માટે ગાંધીનગર પહોંચ્યા હતા. પથિકાશ્રમ પાસે એકઠા થયેલા ઉમેદવારો તેમનો આગળનો કાર્યક્રમ જાહેર કરે તે પહેલાં જ ઉપસ્થિત પોલીસ જવાનોએ ઉમેદવારોને ડિટેઈન કર્યા હતા. ગાંધીનગરમાં આંદોલન કરવા આવેલા ઉમેદવારોએ કહ્યું હતું કે, મહેકમ મુજબ ૫૦૦થી ૭૦૦ જગ્યાઓ ખાલી પડી છે. તો સરકારને વિનંતી છે કે, ચાલુ ભરતીમાં જ તે જગ્યા ઉમેરી દેવામાં આવે. જેથી જે ઉમેદવારોને અન્યાય થયો છે તેમને લાભ મળે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વનવિભાગની ભરતી માટેની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ ૮ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં પરીક્ષા લેવામાં આવી હતી. ૮૨૩ પદ માટે ૮ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ૪ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ જાહેર થતાં જ ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો છે. સીઆરબીટી નોર્મલાઈઝેશન મેથડના કારણે અન્યાય થયો હોવાનો ઉમેદવારોએ આક્ષેપ કર્યો હતો. ■

# અમદાવાદ શહેરમાં ખાનગી લક્ઝરી બસોનો પ્રવેશ પ્રતિબંધ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં સવારે ૮થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખાનગી પરિવહનના ભારે વાહનો અને લક્ઝરી બસોને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતાં શહેર પોલીસ કમિશનરના જાહેરનામાને બહાલ રાખતા હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી જુદી-જુદી ટ્રાવેલ્સ કંપનીઓ (લક્ઝરી બસ સંચાલકો) તરફથી કરવામાં આવેલી અપીલ આજરોજ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે લક્ઝરી બસ સંચાલકોની અપીલ ફગાવી દઈ ગુજરાત હાઈ કોર્ટના લક્ઝરી બસોને શહેરમાં પ્રવેશબંધી ફરમાવતાં હુકમને બહાલી આપી હતી.

સુપ્રીમ કોર્ટે લક્ઝરી બસ સંચાલકોને વૈકિલ્પક રૂટ સહિતની કોઈપણ પ્રકારના મુદ્દે રાહત આપવાનો સાફ ઇન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટના આ મહત્ત્વના આદેશને પગલે હવે શહેરમાં લક્ઝરી બસોનો પ્રવેશ પ્રતિબંધિત જ રહેશે. હાઈ કોર્ટે લક્ઝરી બસો, ખાનગી બસો સહિતના ભારે વાહનોના શહેરમાં પ્રવેશ અને ગેરકાયદે પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા વધુ જટિલ બનતી હોવાની અને નિર્દોષ નાગરિકો પર અકસ્માતની સંભાવનાની ગંભીર દહેશત વ્યકત કરી લક્ઝરી બસોના અમદાવાદ શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધને બિલકુલ કાયદેસર અને યોગ્ય ઠરાવ્યો હતો. ■

# કીમ-કોસંબા વચ્ચે ટ્રેન ઊથલાવવાના કેસમાં ત્રણ આરોપીના ૭ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સુરતના કીમ-કોસંબા વચ્ચે મોટી રેલ દુર્ઘટના કરવાનું કાવતરું રચવામાં આવ્યું હતું, કીમ-કોસંબા વચ્ચે ટ્રેન ઉથલાવાનું ષડયંત્ર રચનારા ૩ આરોપીઓને સુરત ગ્રામ્ય પોલીસે ઝડપી પાડ્યા હતા. મંગળવારે તેમને સુરતની ઓલપાડ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસે કોર્ટમાં આરોપીઓને રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. ૩ આરોપીઓ સુભાષ પોદ્દાર, મનીષ મિસ્ત્રી અને શુભમ જયસ્વાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારે કોર્ટે ત્રણેય આરોપીઓના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

કીમ-કોસંબા વચ્ચે ટ્રેન ઉથલાવવાના કાવતરામાં રેલવે કર્મચારીઓની સંડોવણી બહાર આવી હતી. પ્રમોશન મેળવવા માટે તેમણે આ યોજના બનાવી હતી. સુભાષ પોદારે જ પેડ લોક કાઢ્યા હતા. પોતે સતર્ક હોવાનો તંત્રને કોલ કરી વાહવાહી લેવા એવોર્ડ મેળવવા આ પ્રકારનું કામ કર્યું હતું. ગેંગમેન સુભાષ પોદ્દાર આ ઘટનાનો મુખ્ય સૂત્રધાર હતો. મોબાઈલમાં મળેલા વીડિઓ-ફોટાઓને આધારે કાવતરાખોરોનો ભાંડો ફૂટ્યો હતો.

સુભાષે બંને સાથીદારોને નાઈટ રાઉન્ડ લંબાઈ જાય અને એવોર્ડ મળે એવી વાત કરીને જાતે જ જોગલ ફિશ પ્લેટ અને એઆરસી પેડ લોક ખોલી અપ ટ્રેક પર મૂકી દીધા હતા. સુભાષે પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારી અને ફોટો પાડી તમામને ગુમરાહ કરવાના ગુનાની કબૂલાત કરી હતી. ■

# સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં સિંચાઈ માટે ૧૦ કલાક વીજળી અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્રના ૪ જિલ્લામાં સિંચાઇ માટે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા નિર્ણય અનુસાર, રાજકોટ, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જિલ્લામાં ૧૦ કલાક વીજળીની ફાળવણી કરવામાં આવી છે. આ પહેલા ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. જોકે ખેડૂતો દ્વારા વીજળી આપવાના કલાકોમાં વધારો કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મગફળીનું વાવેતર જે વિસ્તારમાં કરવામાં આવી રહ્યું છે. ત્યાં વધુ વીજ પુરવઠો આપવામાં આવે તેવી માગ ઊઠી હતી. સરકારના આ નિર્ણયથી સૌરાષ્ટ્રમાં ૧૦ કલાક વીજળી આપવાની શરૂઆત કરાઈ છે. હાલ રાજકોટ, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જિલ્લા પૂરતો આ નિર્ણય કરવામાં આવ્યો છે. ■

મળીશું શનિવાર અને રવિવારે

મુંબઈ સમાચાર ગરબા દાંડિયા વર્કશોપ દ્વિતીય વર્ષ

પ્રવેશ નિઃશુલ્ક

૨૮-૨૯ સપ્ટે. વર્કશોપનો સમય ૪થી ૭

કાંદિવલી
શ્રી લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ

માટુંગા
માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૮, તેલંગ રોડ, ફૂલ ગલી, માટુંગા પોસ્ટ ઓફિસની બાજુમાં, માટુંગા (સેન્ટ્રલ રેલવે)

ઘાટકોપર
રામજી આસર સ્કૂલ, રુઈયા હોલ, પહેલો માળ, રામજી આસર સ્કૂલ કમ્પાઉન્ડ, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ

મુલુંડ
૫૦૧, પદ્માવતી બેન્કવેટ હોલ, શિવસેના ઓફિસની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ વેસ્ટ

MAGIC COLOURS
ELECTRON
PROUDLY INDIAN



# ખેલૈયાના ઉત્સાહ અને ઉમંગથી ‘મુંબઈ સમાચાર’ની વર્કશોપને ચાર ચાંદ લાગ્યા

## વર્કશોપમાં એક પણ સ્ટેપ શીખવાનું મિસ ન થાય એ માટે રસિકો સાંજે ચાર વાગ્યા પહેલાં જ ઊમટી પડ્યા, ચારેય સેન્ટરોમાં હાઉસપેક રિસ્પોન્સ

મુંબઈ સમાચારના દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે રોમેરોમ ગુજરાતી અભિયાન હેઠળ મુંબઈ શહેરનાં ચાર ઠેકાણે આયોજિત ગરબા વર્કશોપમાં હકડેઠઠ મેદની વચ્ચે મુંબઈગરાઓએ ભારે જોશ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો અને ગરબા-દાંડિયાની પ્રેક્ટિસ કરી હતી. કાંદિવલી, માટુંગા, ઘાટકોપર અને મુલુંડ સ્થિત આયોજિત આ ગરબા વર્કશોપમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ગરબારસિકોએ મુંબઈ સમાચારની બીજા વર્ષે પ્રવેશેલી વર્કશોપને બિરદાવી હતી અને આ વર્કશોપને હંમેશાં ચાલતી રહે એવી વિનંતી પણ કરી હતી.

મુંબઈ સમાચાર આયોજિત ગરબા વર્કશોપ માટે નિઃસ્વાર્થ ભાવે જગ્યા પૂરી પાડનારા મુલુંડમાં પદ્માવતી હોલના મીતેશભાઈ પલાન, ઘાટકોપરમાં રામજી આસર સ્કૂલ, માટુંગામાં ગુજરાતી સેવા મંડળ અને કાંદિવલીમાં હાલાઈ લોહાણા મહાજન વાડીનો ભરપૂર સહયોગ સાંપડ્યો એ બદલ મુંબઈ સમાચાર તેમનું આભારી રહેશે. ડિજિટલ ગરબા ગ્રુપના દુષ્યંત સોની, અમિતા સોની અને મનીષા શેઠે સુંદર કામગીરી નિભાવી. કોરિયોગ્રાફરો અને મુંબઈ સમાચાર તેમ જ પાર્ટિસિપન્ટ્સ સાથે બ્રિજ બનવાનું કામ કરીને ત્રણેયે કાર્યક્રમને સફળ રીતે પાર પાડવામાં ભારે જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત મેજિક કલર્સ - પ્રાઉડલી ઈન્ડિયન, ઈલેક્ટ્રોનનો આ કાર્યક્રમમાં બહોળો સહયોગ સાંપડ્યો હતો. મુંબઈ સમાચારને સહયોગ અને સહકાર આપનારાઓની યાદી ઘણી મોટી છે, પણ જિતુભાઈ મહેતાનું નામ કેવી રીતે ભુલાય.

મુંબઈ સમાચારનાં ચારેય સેન્ટરની વર્કશોપમાં ગરબાના સ્ટેપ્સ શીખવા માટે આવેલા આબાલવૃદ્ધ તેમના અનુભવો કેવા રહ્યા એ અંગે પૂછવામાં આવ્યું ત્યારે તમામનો એક જ સૂર હતો કે મુંબઈ સમાચારે ગરબા વર્કશોપનું આયોજન કર્યું એને કારણે અમે ઘણું શીખ્યા અને આવી વર્કશોપનું આયોજન દર વર્ષે અવિરત થતું રહે.

(અહેવાલ : જયદીપ ગણાત્રા, ભરત પટેલ, જિજ્ઞેશ પાઠક, યોગેશ પંડ્યા અને જયેશ ભાલિયા
તમામ તસવીરો અમય ખરાડે - જયપ્રકાશ કેળકર)

## ઘાટકોપર

### બેઝિક સ્ટેપ્સ શીખવા મળ્યા - કાયરા વરિયા



પાંચ વર્ષની દીકરીને લઈને આવેલી કાયરાની મમ્મી હીનાબહેને કહ્યું હતું કે હું પોતે જોબ કરું છું અને શનિ-રવિની રજા હતી એટલે આ લ્હાવો મિસ કરવા જેવો નહોતો. હું અને મારી દીકરીએ ખૂબ જ એન્જોય કર્યું અને મૂળ વાત એ હતી કે બેઝિક સ્ટેપ્સ શીખ્યા.

### વિશાળ પ્લેટફોર્મ પૂરું પાડ્યું - દર્શના દેસાઈ



મારી ઉંમર ૬૪ વર્ષની છે અને અનેક નવરાત્રિમાં હું વિનર થઈ છું, પણ મુંબઈ સમાચારની વર્કશોપમાં ઘણા નવા સ્ટેપ્સ શીખવા મળ્યા. પ્રોફેશનલી શીખવા માટે પૈસા ચૂકવવા પડતા હોય છે, પણ મુંબઈ સમાચારે વર્કશોપ નિઃશુલ્ક કરીને અનેક ગરબારસિકોને વિશાળ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

### નાનાથી મોટા બધાને સમજાય જાય એવી વર્કશોપ - જસ્મિના મહેતા



કોઈ પણ વયજૂથના લોકો હોય ગરબાના સ્ટેપ્સ આસાન થઈ રહે એવી રીતે શીખ્યા હતા બધા. ન સમજાય એના પર ધ્યાન આપીને તેમને સ્ટેપ્સ પ્રોપર કરાવવામાં આવતા હતા. આવી વર્કશોપ કરવા બદલ મુંબઈ સમાચારને ધન્યવાદ.

### હું શનિ-રવિ ચોક્કસ જઈશ - ભાવિશા આશર



મારી ચાર વર્ષની દીકરી પુષ્ટિને લઈને અંધેરીથી ખાસ સ્ટેપ્સ શીખવા આવી હતી. કોરિયોગ્રાફરોએ ખૂબ જ ધ્યાન આપીને સ્ટેપ્સ શિખડાવ્યા હતા. નવરાત્રિ આવે એ પહેલાં બે મહિનાથી હું ઘરમાં પ્રેક્ટિસ કરું છું, પણ મુંબઈ સમાચારે વર્કશોપનું આયોજન કર્યું, તેને કારણે મારું ઘણું કામ આસાન થઈ ગયું.

### જૂના દિવસો યાદ આવ્યા -હીના દાવડા



નાનપણમાં ગરબાને સ્ટેપ્સ શીખવા માટે જતા હતા એવો માહોલ જોઈને ખૂબ જ આનંદ થયો. કોરિયોગ્રાફરો પર્સનલી ધ્યાન આપતા હતા અને કોઈને પણ અગવડતા ન રહે અને સ્ટેપ્સ શીખવામાં સંકોચ કે પછી મુશ્કેલી થાય તો આસાન રીતથી શિખડાવતા હતા. અમે ફ્રેન્ડ સર્કલ સાથે આવ્યા હતા અને અમે શનિ-રવિમાં હું ચોક્કસ જઈશું.







## માટુંગા

### પારંપરિક મુંબઈ સમાચાર, પારંપરિક ગરબા વર્કશોપ - પ્રતિક્ષા વ્યાસ



મારા પપ્પા અને મારા દાદા વર્ષોથી ‘મુંબઈ સમાચાર’ વાંચતા હતા, હું પણ વાંચું છું એટલે આ ગરબા વર્કશોપ વિશે ખબર પડી. આ ગરબા વર્કશોપ સુપર્બ છે, દરેક ગુજરાતીએ મુંબઈ સમાચારના ગરબા વર્કશોપમાં આવવું જ જોઈએ અને ભાતીગળ ગરબા શીખવા જોઈએ.





### ખૂબ સંતુષ્ટ થયો - ભગવાનદાસ અને શોભાબહેન સંઘવી



મારે ગયા વરસે પણ આવવું હતું પણ અચકાતો હતો... આ વર્ષે ફક્ત જોવા આવ્યો કે ગરબા વર્કશોપમાં આપણને કંઈ શીખવા મળશે કે નવયુવાનો માટે જ છે, પણ અહીંના કોરિયોગ્રાફરોએ નાનાં ભૂલકાંથી લઈને અમારા જેવા વરિષ્ઠોને પણ ભાતીગળ ગરબા શીખવ્યા તેથી હું ખૂબ સંતુષ્ટ છું અને બીજું અહીં ફક્ત માતાજીના ધાર્મિક ગરબા જ શીખવવામાં આવે છે, થેંક યુ ‘મુંબઈ સમાચાર.’



### સરળ અને પારંપરિક સ્ટેપ - હેતલ કોરડિયા



‘મુંબઈ સમાચાર’નો આ અદ્‌ભુત પ્રયાસ છે જે ખૂબ જ સરાહનીય છે કેમ કે આ ગરબા વર્કશોપમાં કોરિયોગ્રાફરો બાળકોથી લઈને ૬૦ વર્ષની ઉંમરના વરિષ્ઠોને સરળ થાય એ રીતે પારંપરિક ગરબા શીખવી રહ્યા છે, ‘મુંબઈ સમાચાર’ આવી વર્કશોપ દર વર્ષે કરતું રહે એવી આશા.

### નવો ઉત્સાહ જાગ્યો - હરેશ બદિયાણી



મારી ૭૬ વરસની ઉંમરે ગરબા વર્કશોપમાં આવવાનો મોકો મળ્યો, થેંક્સ ટુ મુંબઈ સમાચાર. ગરબા વર્કશોપમાં ગરબા શીખીને મારામાં નવો ઉત્સાહ આવી ગયો છે. આ વરસે નવા જોમ સાથે નવરાત્રિ મનાવીશ. આવું શીખવા હંમેશાં મળતું રહે તો ઉત્તમ.

### ખૂબ જ સુંદર આયોજન - દિવ્યા મદરેચા



‘મુંબઈ સમાચાર’ની વર્કશોપ ખરેખર અદ્વિતીય હતી. ગયા શનિ-રવિ આવ્યા બાદ આવનારા શનિ-રવિને મિસ નહીં કરું. કોરિયોગ્રાફરોની શિખડાવવાની પદ્ધતિ એટલી સરસ છે કે તેમની સાથે એટેચમેન્ટ થઈ ગયું છે.

### ઘણું નવું શીખવા મળ્યું - હિત વોરા



‘મુંબઈ સમાચારે’ ખૂબ જ સરસ ઓર્ગેનાઈઝ કર્યું. સૌથી મહત્ત્વની વાત એ હતી કે પ્રવેશ નિઃશુલ્ક હતો. આજકાલ તો કોરિયોગ્રાફરો શિખડાવવાના ઘણા ચાર્જ કરતા હોય છે ત્યારે અમારા માટે મુંબઈ સમાચાર આશીર્વાદ સમું છે.

### તાળી અને ચપટીની સમજણ આપતું વર્કશોપ - ચિંતન શાહ



‘મુંબઈ સમાચાર’ની વર્કશોપમાં બેઝિકથી લઈ પૂર્ણ ગરબા સુધી શીખવાડ્યા. એક્સલન્ટ મેનેજમેન્ટ, તાળી અને ચપટી ક્યારે પાડવી એની સમજણ અહીં જ પડી. ખૂબ જ સરસ કોરિયોગ્રાફી હતી, આભાર મુંબઈ સમાચાર.

### માહિતીસભર હતી વર્કશોપ - તેજ ખંડૂર



હું અહીં આવ્યો અને જોયું તો સમજાયું કે ‘મુંબઈ સમાચાર’ની ગરબા વર્કશોપના કોરિયોગ્રાફરો દરેક ઉંમરનાને તેમની સમજણ મુજબ ગરબા શીખવી રહ્યા હતા. હેટ્સ ઓફ મુંબઈ સમાચાર. ખૂબ સરસ આયોજન, દર વરસે બે વાર આવું આયોજન કરવું જોઈએ.

### આભાર મુંબઈ સમાચાર - રૂપલ શાહ

ખૂબ જ સુંદર આયોજન. નાનાં બાળકોથી લઈને ૭૫ વરસના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, બધાને ગરબા શીખવાની તક મળી છે, ‘મુંબઈ સમાચાર’ની આ પહેલ રંગ લાવશે અને ડિસ્કો ગરબા છોડી લોકો ગુજરાતી ગરબા તરફ વળશે. થેંક યુ મુંબઈ સમાચાર.



### વેકેશનમાં પણ રાખો - વિહાન ખાબરિયા



‘મુંબઈ સમાચાર’નું આ વર્કશોપ મને ખૂબ ગમ્યું, બે વરસથી આવું છું અહીં મને ખરેખર ગરબા કેમ રમવા એની સમજ પડી છે, કોરિયોગ્રાફરો ખૂબ જ મહેનત કરી રહ્યા છે, વેકેશનમાં આવી વર્કશોપ રાખવી જોઈએ, જેથી વધુ સ્ટુડન્ટો એમાં ભાગ લઈ શકે.

### ઘણું શીખવા મળ્યું - વીણા સોલંકી



ઘણા નવા નવા સ્ટેપ્સ શીખવા મળ્યાં અને તાળી અને ચપટી વિશેની સમજ આટલા વરસોમાં કોઈએ શીખવાડી નહોતી, થેંક્સ મેઘનાબેન અને મુંબઈ સમાચાર.

# મુલુંડ

### ગરબા કોમ્પિટિશનમાં પણ જઈશ - નિયા છાડવા

મને મજા આવે છે રમવાની. હું મારી મમ્મી સાથે અહીં આવી છું અને ટીચર પણ સારું શીખવાડે છે. હું મુંબઈ સમાચારની ગરબા કોમ્પિટિશનમાં પણ ભાગ લેવાની છું .








### ઈન્સ્ટાગ્રામ ઉપર કાર્યક્રમની જાણકારી મળી - સરિતા રસાળ

હું મારી ફ્રેન્ડ્સ સાથે અહીં આવી હતી. અમને અહીં ઘણું નવું શીખવા મળ્યું. નવા નવા સ્ટેપ જાણવા મળ્યા, એ પણ કોરિયોગ્રાફરની સંપૂર્ણ દેખરેખ હેઠળ. સ્ટેપ બરાબર ન થાય તો ફરીથી કરાવે છે જે બહુ મહત્ત્વની વાત છે. ખરેખર બહુ મજા આવી. થેન્ક્સ ટૂ ‘મુંબઈ સમાચાર’ આવું સારું પ્લેટફોર્મ આપવા માટે.



### અભિનંદન- સાગર કારિયા

આજના સમયમાં શીખવાના હજારો રૂપિયા થઈ જાય છે ત્યાં તમને ફ્રીમાં ત્રણ ત્રણ કલાક ચાર દિવસ સુધી શીખવા મળે એનાથી વધુ શું હોઈ શકે? વધુમાં વધુ લોકોએ આનો લાભ લેવો જોઈએ.આવા સરસ આયોજન માટે મુંબઈ સમાચારને અભિનંદન.



### સારી પહેલ છે - પુષ્પા શાહ

કોરિયોગ્રાફરો ફ્રેન્ડલી છે અને એટલે જ નવા નવા સ્ટેપ પણ આસાન થઈ જાય છે.શીખવા પણ મળે છે. ‘મુંબઈ સમાચારે’ આ એક સારી પહેલ કરી છે જેના થકી જે પૈસા ખર્ચીને ના શીખી શકતા હોય એવા લોકોને પણ ગરબા શીખવાનો લાભ મળી રહ્યો છે.



### મોટો લ્હાવો હતો - હેતલ લાઠીયા

પ્રખ્યાત કોરિયોગ્રાફર પાસે શીખવાનો લ્હાવો મળ્યો એ મોટી વાત છે. હજારો રૂપિયા ખર્ચીને જે શીખવાડે છે એ અહીં વર્કશોપમાં તદ્દન ફ્રીમાં શિખવાડવામાં આવે છે અને એ પણ એટલું જ એટેન્શન આપીને.



### મારું મન પણ થનગનાટ કરવા લાગ્યું - ફોરમ ગાલા

હું મારી ૭ વર્ષની દીકરીને અહીં શીખવા માટે લઈને આવી હતી, પણ માહોલ જોઈને મને પણ શીખવાનું મન થઈ ગયું. કોરિયોગ્રાફર બધા ધ્યાન આપે છે. નાના હોય કે મોટા બધાની તરફ ધ્યાન આપે છે. આ આયોજન માટે હું મુંબઈ સમાચારની આભારી છું.



### હું આવતા શનિ-રવિવારે ફરી આવવા આતુર છું - જિજ્ઞા રાઠોડ

ગરબાના સિમ્પલથી લઈને લેટેસ્ટ સ્ટેપ શીખવા મળ્યા. બે દિવસમાં ઘણું જાણવા મળ્યું. એટલી સરસ ટેક્નિકથી શિખડાવવામાં આવતું હતું કે રમતા જ રહીએ એવી ફિલિંગ્સ થતી હતી. મને વિશ્વાસ છે કે આવનારા બીજા બે દિવસમાં અનેક નવા સ્ટેપ શીખવાડવામાં આવશે.



### બીજા બે દિવસ પણ મિસ નહીં કરું - માયરા ગાલા

નવાનવા સ્ટેપ શીખવાની બહુ મજા આવી, હું અહીં બધા દિવસ શીખવા આવીશ. કોરિયોગ્રાફરો શીખવાડે છે તે પણ બહુ સારું છે. ન સમજાય તો ધ્યાન આપીને બીજી વાર કરાવે છે. થેન્ક્સ ‘મુંબઈ સમાચાર’.



### કોરિયોગ્રાફર ટીમ મજબૂત છે - મેઘના સચદે

કદાચ મુંબઈમાં આ પેહેલું અખબાર હશે જે ચાર દિવસ ત્રણ ત્રણ કલાકના સેશન ફ્રીમાં શીખવાડતું હશે. આટલી મોટી પ્રોફેશનલ કોરિયોગ્રાફરની ટીમ અહીં શીખવાડી રહી હતી એને લીધે વધુ આકર્ષણ થયું.



### હેટ્સ ઓફ તો ‘મુંબઈ સમાચાર’ - દેવેન્દ્ર ઠક્કર

મુંબઈ સમાચાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આટલું સારું આયોજન ચાર દિવસ એ પણ ફ્રીમાં. મને ગરબા રમતા નથી આવડતું પણ જયારે મને આ આયોજનની ખબર પડી ત્યારે અહીં આવ્યા અને જોયું તો આટલી મોટી સંખ્યામાં લોકો અહીં આવ્યા છે અને પ્રખ્યાત કોરિયોગ્રાફર અહીં શીખવાડી રહ્યા છે, જેઓ બધા ઉપર એક સરખું ધ્યાન આપે છે.



### શીખીને ગરબા કોમ્પિટિશનમાં જઈશ - છબીલભાઈ છેડા

વર્કશોપમાં મારું આ બીજું વર્ષ છે. ગયા વર્ષે મેં ‘મુંબઈ સમાચાર’ની નવરાત્રી ગરબા કોમ્પિટિશનમાં પણ ભાગ લીધો હતો અને પ્રાઈસ પણ જીત્યો હતો અને હવે આ વર્ષે પણ અહીંથી શીખીને પાછો નવરાત્રી ગરબા કોમ્પિટિશનમાં ભાગ લઈને જીતીશ.



# કાંદિવલી

### સંસ્કૃતિ અને કલા તેમ જ ધર્મ અને ભક્તિનું સારી રીતે જતન થાય છે - હંસા-ભાસ્કર મહેતા



મુંબઈ સમાચાર છેલ્લાં ઘણાં વર્ષોથી વિવિધ નવરાત્રિમાં જઈને સારા ગરબા રમતા કલાકારોને પસંદગી કરીને ટ્રોફી આપીને કલાકારોનો ઉત્સાહ વધારે છે. ટ્રોફી મળે કે ન મળે પણ મહત્ત્વની વાત એ છે કે આપણી સંસ્કૃતિ, કલા, ધર્મ અને ભક્તિનું સારી રીતે જતન થાય છે એ જ છે.

### લાસ્ટ યર મિસ કરી - ધર્મેશ વૈદ્ય

મુંબઈ સમાચાર દ્વારા ગયા વર્ષે પણ ગરબા વર્કશોપનું આયોજન કર્યું હતું, પણ તેને મિસ કરી હતી. આ વર્ષે નક્કી જ કર્યું હતું કે વર્કશોપ ગમે તે થયા અટેન્ડ કરીશ જ. અમારી જેવા મોટી ઉંમરના લોકો માટે કોરિયોગ્રાફરોએ કાળજી રાખીને શીખવાડ્યું છે એ ક્યાંય શીખવા ન મળે.





### અમે ગરબાના સ્ટેપ્સ સાથે મોજ પણ કરી - કાંદિવલી ગ્રુપ

અમે કાંદિવલીના વિવિધ વિસ્તારોમાંથી આવીએ છીએ. એક સાથે અમે એક ઠેકાણે ક્યારે પણ પ્રેક્ટિસ કરી નથી, પણ મુંબઈ સમાચારની આ વર્કશોપમાં અમે સાથે મળીને શીખીએ છીએ. ગયા વર્ષે પણ અમારું આખું ગ્રુપ આવ્યું હતું, ઘણું શીખ્યા હતા અને આ વર્ષે પણ અમે આખું ગ્રુપ આવ્યું અને કંઈક નવું જ શીખવા મળ્યું. એક્ચ્યુઅલી તો અમે મુંબઈ સમાચારની આ વર્કશોપની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. દર વર્ષે આવું આયોજન કરવામાં આવે એવી ભલામણ કરીએ છીએ.




કાંદિવલી લોહાણા મહાજન વાડીમાં હાજર ડાબેથી વ્યાપારના ભૂતપૂર્વ તંત્રી રાજેશ ભાયાણી, ટ્રસ્ટી પ્રકાશભાઈ માખેચા, કાંદિવલી ચારકોપ જલારામ મંદિરના ટ્રસ્ટી બ્રિજેશભાઈ દત્તાણી, મુંબઈ હાલાઈ લોહાણા મહાજનના પ્રમુખ પીયૂષભાઈ ગંઠા, કાંદિવલી લોહાણા મહાજન વાડીના પ્રમુખ ડો. દિલીપભાઈ રાયચુરા, નવીનભાઈ ઠક્કર અને ડીજીજી ગ્રુપના અમિત સોની.

### કોરિયોગ્રાફરો કો-ઓપરેટિવ -મોના ખાન



ગયા વર્ષે ન આવીને મેં ભૂલ કરી હતી. આમ તો હું પણ એક કોરિયોગ્રાફર જ છું, પણ અહીંના કોરિયોગ્રાફરો જે રીતે ફ્રેન્ડલી શીખવાડે છે એને કારણે મનમાં જે સંકોચ હતા એ દૂર થયા. ખરેખર તો બધા લોકોએ સ્ટેપ્સનો આનંદ મેળવ્યો અને કંઈક નવું જ શીખવા મળ્યું.








## મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે

બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

રોજેરોજ ઈનામોની વણઝાર

રમો ઝૂમો અને જીતો

૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં મુખ્ય સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે

મહાસ્પર્ધામાં બમ્પર ઈનામોઃ થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ), ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ, ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી વત્તા લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

પ્રાયોજકઃ

Chandan MOUTH FRESHENER Khaane Ki Happy Ending!

Tripz2Thailand

JVM SPACES a mehta group venture

B SEEN GET NOTICED

HAIRLOGIC THE RIGHT BASICS

Renddezvous where soulmates meet

NanoNine

...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર

ફાઈનલ રાઉન્ડની અને અન્ય સેન્ટરોની યાદી માટે જોતા રહો મુંબઈ સમાચાર

સહયોગઃ દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ

DIGITAL GLOBAL GARBA

visit: www.bombaysamachar.com

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



# શું ફેડરલનો ફેરફાર લાવશે ડૉલરનું ઘોડાપૂર?

**અમેરિકાની** મધ્યસ્થ બેન્ક ફેડરલ રિઝર્વએ રેટ કટની જાહેરાત કરી ત્યારથી વિશ્વભરના ઇક્વિટી માર્કેટમાં તેજીનું ઘોડાપૂર આવ્યું છે. એ જ સાથે ભારતીય શેરબજારમાં પણ તોફાની તેજી જોવા મળી છે, બેન્ચમાર્ક બ્રેક વગર એક પછી એક નવાં શિખરો સર કરતો જાય છે. સવાલ એ છે કે અમેરિકન બેન્ક અને ભારતીય બેરોમીટર વચ્ચે એવું તે શું કનેકશન છે?

આ સવાલનો એક સીધો જવાબ એ મળે છે કે, આ ફેરફારને કારણે વિદેશી ફંડો ઇમર્જિંગ માર્કેટ તરફ અને ખાસ કરીને ભારતીય બજાર તરફ આકર્ષાશે! પણ શું આ માન્યતા પ્રમાણે એફઆઇઆઇ ભારતીય બજારમાં ડોલરનો ભંડાર ઠાલવવા માંડશે? આવો આપણે આ અંગે દેશના અર્થશાસ્ત્રીઓ અને ગ્લોબલ એનાલિસ્ટ, એડવાઇઝર્સના મંતવ્યો શું છે એ જાણીએ.

એક તરફ વિદેશી નિષ્ણાતો આ રેટ કટથી ઊભરતા બજારોમાં રોકાણ મોટાપાયે ઠલવાશે એવો મત વ્યક્ત કરી રહ્યા છે, ત્યારે ભારતના અર્થશાસ્ત્રીઓ અને કેટલાક નિષ્ણાંતોએ દેશમાં વિદેશી નાણા પ્રવાહ પર ખાસ મોટી અસર નહીં જોવા મળે એવો વિરોધાભાસી મત વ્યક્ત કર્યો છે. અલબત્ત, સર્વસામાન્ય મતાનુસાર ભારત સહિત વૈશ્વિક અર્થતંત્ર માટે આ નિર્ણય પોઝિટિવ છે. આ જ કારણસર અત્યારે શેરબજાર પર પોઝિટિવ સેન્ટિમેન્ટલ અસર વર્તાઇ રહી છે.

જોકે, ખુદ ભારતના આર્થિક બાબતોના સચિવ અજય શેઠે એવો મત વ્યક્ત કર્યો છે કે, અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની ભારતમાં વિદેશી નાણાં પ્રવાહ પર મોટી અસર જોવા નહીં મળે! ઊંચા સ્તરેથી વ્યાજ દરમાં ૫૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો મોટો હોવા છતાં ઈન્ફલો પર આની કોઈ મોટી અસર થવાની શક્યતા નથી. પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, અન્ય અર્થતંત્રો કેવી રીતે પ્રતિસાદ આપે છે, તે જોવાનું રહેશે.

દેશના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને કહ્યું છે કે, ફેડરલ રિઝર્વના નિર્ણયની ભારતમાં સ્થિર અસર જોવા મળશે. ભારતનું શેરબજાર અગાઉથી રોકાણકારોને આકર્ષી રહ્યું છે અને વ્યાજ દરમાં કપાત ઊભરતી બજારો માટે પોઝિટિવ છે. જોકે, વ્યાજ દરમાં કપાત પહેલા જ શેરબજારો વધી ચૂકયા છે. અન્ય બાબતો હજુ અનિશ્ચિત હોવાથી વૈશ્વિક અર્થતંત્રને બળ મળે છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. વૈશ્વિક અર્થતંત્ર પર તોળાઇ રહેલી મંદી સાથે ભૂરાજકીય સંઘર્ષના સંદર્ભમાં તેમણે કહ્યુ હતું કે, અન્ય પ્રતિકૂળ બાબતો દૂર થઈ જશે તો, દરમાં કપાતની આપમેળે પોઝિટિવ અસર જોવા મળશે, કારણ કે તેનાથી ડોલરના રૂપમાં મૂડીના ખર્ચમાં ઘટાડો થશે અને વિશ્વમાં ડોલર લિક્વિડિટી વધશે.

ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં કપાતની ભારતીય બજાર પર મર્યાદિત અસર રહેશે. લાંબા ગાળાના વિકાસનો અવકાશ હોવા છતાં, ઊંચા મૂલ્યાંકનોને કારણે રોકાણકારો સાવચેતીનો સૂર ધરાવે છે, એમ ગોલ્ડમેન સાશ દ્વારા મત વ્યકત કરાયો છે.

જોકે, નિષ્ણાતોનો એક વર્ગ એમ પણ માને છે કે, ભારત સહિત ઊભરતા બજારોમાં વૈશ્વિક રોકાણ પ્રવાહ મોટાપાયે ઠલવાતો જોવાશે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં અપેક્ષાથી વધુ અડધા ટકાના ઘટાડાને કારણે ભારત સહિત ઊભરતી બજારોમાં વૈશ્વિક ફંડો, રોકાણકારો દ્વારા મોટાપાયે રોકાણ ધોધ વહેતો થવાની પૂરી શકયતા છે. ઊભરતી બજારોમાં ભારતીય અર્થતંત્રની સ્થિતિ મજબૂત હોવાથી અને અત્યારે શ્રેષ્ઠ વળતર આપી રહેલાં ભારતમાં ફરી શેરોમાં ખરીદદાર બનેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારો, એફપીઆઈ રોકાણકારો પોતાનો ફંડ પ્રવાહ ભારત તરફ વાળે એવી શકયતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

ઇમર્જિંગ માર્કેટના ખ્યાત એનલિસ્ટ માર્ક મોબિયસે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે, ભારતને બાદ કરતા ઊભરતી બજારો માટે અગાઉ હું સાવચેતીનું વલણ ધરાવતો હતો, પરંતુ હવે ઊભરતી બજારો માટે હું એકદમ તેજીનું માનસ ધરાવું છું. ઈન્વેસ્ટમેન્ટ મથક તરીકે ભારત માટે પોતે એકદમ આશાવાદી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

વ્યાજ દરમાં કપાતની સ્થિતિમાં સામાન્ય રીતે વિદેશી રોકાણકારો ઊભરતી બજારો તરફ નજર દોડાવતા હોય છે. અમેરિકન બોન્ડસ તથા અન્ય એસેટસ પર યીલ્ડસમાં ઘટાડાને કારણે વિદેશી રોકાણકારો ઊભરતી બજારો તરફ વળવા લાગે છે. વર્તમાન મહિનામાં ઊભરતી બજારોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું સૌથી વધુ આકર્ષણ ભારતીય ઈક્વિટીસમાં રહ્યું હોવાનું ઉપલબ્ધ આંકડા દર્શાવે છે. સપ્ટેમ્બરમાં એફઆઈઆઈએ ભારતીય ઈક્વિટીસમાં અત્યારસુધીમાં ૨.૧૯ અબજ ડોલર ઠાલવ્યા છે.

વ્યાજ દરમાં પચાસ બેઝિસ પોઈન્ટના ઘટાડાથી પોતાને આશ્ચર્ય થયું હોવાનું જણાવતાં એક અખબારી મુલાકાતમાં જેફરીસ ખાતેના ઈક્વિટી સ્ટ્રેટેજિસ્ટ ક્રિસ્ટોફર વુડે કહ્યું હતું કે આ ઘટાડાથી ભારત સહિત ઊભરતી બજારોને લાભ થશે. વદેશી રોકાણકારોનો ભારતમાં પસંદગીના ક્ષેત્રોમાં જ ઈન્ફલોસ જોવા મળવાની એક વિશ્લેષકે ધારણાં મૂકી હતી. ખાસ કરીને આઈટી ક્ષેત્રમાં વિદેશી રોકાણકારોનો રસ વધી શકે છે.

## આરબીઆઇ વ્યાજદરમાં આ વર્ષે ઘટાડો નહીં કરે?

ફેડરલ દ્વારા ચાર ચાર વર્ષ બાદ અણધારી રીતે વ્યાજ દરમાં અડધા ટકા ના ઘટાડાની જાહેરાત થયા બાદ ભારતીય રિઝર્વ બેન્ક હવે શું કરે છે તેની ઉત્સુકતા વધી ગઇ છે. ભારત અને અમેરિકાના સંજોગો અને અર્થતંત્રની પરિસ્થિતિ અલગ છે, પરંતુ પાછલાં કેટલાક વર્ષથી એવું જોવા મળ્યું છે કે મોટેભાગે રિઝર્વ બેન્ક ફેડરલ બેન્કને અનુસરી રહી છે. આ માટે કારણો અને પરિબળો ગમે તે હોય પરંતુ ચિત્ર કંઇક એવું જ ઉપસ્યુ છે.

ફેડરલ રિઝર્વ પહેલા યુકે, કેનેડા તથા યુરોઝોનમાં વ્યાજ દરમાં ઘટાડાના પ્રારંભ થઈ ચૂકયો છે ત્યારે રિઝર્વ બેન્ક પણ તેમના પગલે ચાલશે એવી અપેક્ષા સેવાઇ રહી છે. રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી ૨૦૨૩થી ૬.૫૦ ટકા વ્યાજ દર જાળવી રાખ્યો છે. નોંધવું રહ્યું કે, જુલાઈ તથા ઓગસ્ટનો ફુગાવો આરબીઆઈના ચાર ટકાના ટાર્ગેટ કરતા નીચો રહ્યો છે. જુલાઈમાં ૩.૫૪ ટકા તથા ઓગસ્ટનો રિટેલ ફુગાવો ૩.૬૫ ટકા રહ્યો છે. ફુગાવાના ટાર્ગેટ કરતા નીચા સ્તર તથા વર્તમાન વર્ષનું ચોમાસુ સારુ રહેતાં રિઝર્વ બેન્ક ઓકટોબરની બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરવાનું શરૂ કરશે એમ એક બેન્કરે જણાવ્યું હતું.

જો કે ખાધાખોરાકીના ફુગાવાના ઊંચા સ્તરને ધ્યાનમાં રાખતા આરબીઆઈ પા ટકા ઘટાડાથી પ્રારંભ કરશે, એવો તેમણે મત વ્યકત કર્યો હતો. ઓકટોબરની બેઠકમાં વ્યાજ દર ઘટાડવાનું શરૂ કરી ૨૦૨૫ના મધ્ય સુધીમાં આરબીઆઈ એકંદર એક ટકો ઘટાડો કરી રેપો રેટ ૫.૫૦ ટકા સુધી લઈ આવશે, તેવી ધારણાં બ્રોકરેજ પેઢી નોમુરા દ્વારા મૂકવામાં આવી છે.

આપણે ખૂદ રિઝર્વ બેન્કની માહિતી ટાંકીએ તો અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા તાજેતરમાં વ્યાજદરોમાં પચાસ બેસિસ પોઇન્ટના ઘટાડા બાદ આરબીઆઇ પણ વ્યાજદરોમાં ઘટાડો કરી શકે છે, પરંતુ આ વર્ષે નહીં. આરબીઆઇ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં રેપોરેટમાં ઘટાડો કરશે તેવી શક્યતા આરબીઆઇના રિસર્ચમાં વ્યક્ત કરવામાં આવી છે.


ઓગસ્ટ ૨૦૨૪માં દેશમાં સીપીઆઇ ફુગાવો ૩.૬૫ ટકા સાથે પાંચ વર્ષના તળિયે રહ્યો છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં વ્યાજદરોમાં ઘટાડો કરે તેવી શક્યતા ઓછી છે. વર્ષ ૨૦૨૫ની શરૂઆતનો સમયગાળો વ્યાજદરમાં ઘટાડા માટે શ્રેષ્ઠ સમય કહી શકાય. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# લેબેનોન પર ઈઝરાયલનો પેજર હુમલો...

### આ ચોંકાવનારા આક્રમણથી વેસ્ટ એશિયામાં બીજો મોરચો ખુલ્લી ગયો છે





પેજર એટેકથી ઈઝરાયલે આખી દુનિયાને ચોંકાવી દીધી છે. કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે સંદેશવ્યવહારની આ મૂળભૂત ડિવાઈસ આટલી ખતરનાક સાબિત થઈ શકે.

હિજબુલ્લાના જણાવ્યાં મુજબ ૧૭ સપ્ટેમ્બરે મંગળવારે બપોરે લગભગ ૩.૩૦ વાગે તેના દ્વારા યૂઝ થઈ રહેલા પેજરમાં અચાનક સ્ફોટ થયો. ધડાકાના ગણતરીના કલાકો બાદ ખબર પડી કે દરેક પેજરની બેટરી પાસે વિસ્ફોટક પ્લાન્ટ કરાયા હતા. સાથે એક સ્વિચ લાગેલી હતી, જેનાથી દૂર બેસીને ધડાકા થઈ શકે! બપોરે ૩.૩૦ વાગે હિજબુલ્લા મેમ્બર્સના પેજર્સ પર એક મેસેજ ફ્લેશ થયો. ગણતરીની સેકન્ડોમાં 'બીપ... બીપ' બાદ પેજર્સમાં ધડાકા થવા શરૂ થઈ ગયા... લાગ્યા. આ પેજરમાં ધડાકા દ્વારા લેબનોન અને સીરિયામાં હિજબુલ્લા ઓપરેટિવ્સને ટાર્ગેટ કરવામાં આવેલા.

ઈઝરાયેલની ડિફેન્સ ફોર્સ (IDF) અને 'મોસાદ'નું આ જોઈન્ટ ઓપરેશન હતું. ઈઝરાયલે તાઈવાનમાં બનેલા પેજર્સની એક બેચમાં વિસ્ફોટક ગોઠવી દીધા હતા. આ પેજર્સને લેબનોને આયાત કર્યાને હિજબુલ્લાને પહોંચાડ્યા હતા.

ઈઝરાયલ વારંવાર ઈરાન અને તેના સાથીદારો હિજબુલ્લા અને હમાસ પર હુમલા કરીને તેને સીધું પડકારી રહ્યું છે. ઈરાન ઈઝરાયલ પર સીધા હુમલાની ઈરાને ધમકી આપે છે, પરંતુ એનો અમલ કરતા નથી. બીજી તરફ , ઈઝરાયલે આ હુમલા કરીને ગાઝા પટ્ટી ઉપરાંત લેબનોનમાં નવો મોરચો ખોલી દીધો છે. ઈઝરાયલના વડા પ્રધાન નેતન્યાહુ યેનકેન પ્રકારે યુદ્ધ લંબાવીને વડા પ્રધાનપદની ખુરસીમાં ચીટકી રહેવામાં સફળ થયા છે.

### કેરળ કનેકશન... ?

આખી દુનિયામાં ચર્ચા છે કે પેજર કઈ કંપનીથી હિઝબુલ્લાહ સુધી પહોંચ્યાં? આ બધાની વચ્ચે આ વિસ્ફોટોનું એક આશ્ચર્યજનક કેરળ કનેક્શન પણ સામે આવ્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે પેજર કંપની અને શેલ ફર્મ્સની વેબમાં કેરળમાં જન્મેલી એક વ્યક્તિનું નામ પણ સામે આવ્યું છે, જે હવે નોર્વેનો નાગરિક છે.

'નોર્ટા ગ્લોબલ કંપની' કેરળનો રહેવાસી રેન્સન જોસની છે અને હવે પેજર બ્લાસ્ટના કેસમાં મલયાલી અને હવે નોર્વેના નાગરિક રેન્સન જોસની સંડોવણીની તપાસ થઈ રહી છે..,જે મૂળ મનનથાવડી, વાયનાડ, કેરળનો છે. કેટલીક સ્થાનિક ટીવી ચેનલોના અહેવાલ મુજબ રેન્સનના પિતા દરજી છે અને માનંતવાડીમાં દરજીની દુકાનમાં કામ કરે છે. એ આ વિસ્તારમાં 'ટેલર જોસ' તરીકે ઓળખાય છે.

ઈઝરાયલે વર્ષોના પ્લાનિંગ પછી આ હુમલા કર્યા છે. આ માટે ઈઝરાયલે બનાવટી શેલ કંપનીની પણ રચના કરી હતી. હિજબુલ્લાએ આનો બદલો લેવા તેની સરહદની નજીકના ઈઝરાયલના હાઈફા બંદર-શહેર પર રોકેટ અને મિસાઈલ વડે હુમલા કર્યા હતા. .

હિજબુલ્લાના નેતા હસન નસરાલ્લાએ પેજર હુમલા માટે ઈઝરાયલને જવાબદાર ઠરાવીને કહ્યું હતું કે ઈઝરાયલે બધી લક્ષ્મણરેખા ઓળંગી છે અને અમે તેને સજા આપીશું . ઈઝરાયલ પાસે અમેરિકાએ દીધેલાં એફ-૧૬ ફાઈટર વિમાનો છે અથી હવાઈ યુદ્ધમાં તેનો હાથ ઉપર છે, પરંતુ હિજબુલ્લાને ઈરાન રોકેટ અને મિસાઈલ આપતું હોવાથી તે ઈઝરાયલના ખાસ કરીને ઉત્તર વિસ્તારોને લક્ષ્ય બનાવી શકે. સામા પક્ષે લેબનોનને ખતમ કરવું હોય તો ઈઝરાયલે જમીન પરથી હુમલો કરવો પડશે. આનો અર્થ એ થયો કે તેન પેલેસ્ટાઈન ઉપરાંત લેબનોનમાં બીજો મોરચો ખોલવો પડશે.

હમાસ અને ઈઝરાયલ વચ્ચેની આ અથડામણને એક વર્ષ થવા આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે અત્યારની સ્ફોટક પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે.. આવા પેજર હુમલાને લીધે આખા વિશ્વના દેશો સાવધાન થઈ ગયા છે. ભારતમાં ચીની બનાવટના મોબાઈલનો વ્યાપ ઘણો છે અને ચીન આપણું દુશ્મન હોવાથી ચીન પાસેથી મોબાઈલ જેવા ગેઝેટ મંગાવતા પહેલાં ભારતે સાવધાની રાખવી પડશે.

તાજેતરના પેજર અને વોકીટોકી બ્લાસ્ટમાં ૨૦ના જાન ગયા છે અને ૨૮૦૦થી વધારે લોકો ઘાયલ થયા છે. બેરુતની સડકો લોહિયાળ થઈ ગઈ છે. લોકો ભયભીત છે. પેજર ફક્ત હિજબુલ્લાના લડાયકો પાસે નહીં, સામાન્ય માનવી પાસે પણ હતા. આથી સામાન્ય લોકો પણ ઘાયલ થયા. હિજબુલ્લાના ટોચના લડાયકો આમાં માર્યા ગયા છે. એક સાથે ૧૦૦૦થી વધારે પેજર બ્લાસ્ટ થયા.

**પેજર કેવી રીતે બન્યા ખતરનાક ડિવાઈસ?**

'બીપર' તરીકે પણ ઓળખાતું પેજર એક નાનકડું ઈલેક્ટ્રોનિક ડિવાઈસ છે, જેના દ્વારા નાના મેસેજ રિસીવ અને સેન્ડ કરી શકાય છે. તે રેડિયો ફ્રિક્વન્સી પર કામ કરે છે. જ્યારે કોઈ મેસેજ આવે ત્યારે પેજર બીપ...બીપ કરે છે. ૯૦ના દાયકામાં પેજર્સનો ખૂબ ઉપયોગ થતો હતો. હવે એનું પ્રમાણ ખાસ્સું ઘટી ગયું છે.આમ છતાં હેલ્થકેર અને ઈમરજન્સી સેવાઓમાં હજુ પણ પેજરનો યુઝ થાય છે. જે પેજર્સમાં ધડાકા થયા તે તાઈવાનમાં બનેલા હતા. હિજબુલ્લાએ 'ગોલ્ડ એપોલો' નામની કંપની પાસેથી ૫૦૦૦ પેજર મંગાવ્યાં હતાં. જો કે એ પેજરોનો જથ્થો લેબનોન પહોંચે તે પહેલા જ એની સાથે છેડછાડ થઈ ચૂકી હતી. રિપોર્ટ્સ મુજબ ત્રણ ગ્રામ વિસ્ફોટક દરેક પેજરની બેટરીની બરાબર બાજુમાં પ્લાન્ટ કરવામાં આવ્યા હતા.. એક સ્વિચ પણ હતી, જેનાથી દૂર બેસીને રિમોટ દ્વારા ધડાકા થયા..

આ સિનારિયો જોતાં ભારતે પણ આવા હુમલાથી બચવા પૂર્વતૈયારી અને સાવધાની રાખવી પડશે.સરકાર જાહેર સંદેશવ્યવહારના હાર્ડવેર પર નજર રાખે છે. ભારત ફાઈવ- જી ટેકનોલોજી બનાવી રહ્યું છે , જેથી દેશની સુરક્ષામાં મદદરૂપ થાય ભારત વિદેશથી આયાત થનારા કોમ્યુનિકેશનનાં સાધનોનો ઉપયોગ બંધ કરવો પડશે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# શૅરબજારમાં ફટાફટ કમાણીનું સપનું બની ગયું દુઃસ્વપ્ન

**શૅરબજારમાં** ફટાફટ કમાણી અને રાતોરાત માલદાર બનવાની ઈચ્છા એટલે રેલવેના બે પાટા. એ બંને મળે ખરા? એમાંય મોટો પૈસો બનાવવા માટે શૅરબજારમાં રમો કાં ખોટા કામ કરો એ માન્યતા ઘણાં સ્વીકારી લે છે. આ જ કારણસર શૅરબજારમાં ચોક્કસ નફાકારક ટીપની લાલચમાં ઘણાંના લાખના બાર હજાર અને બંગલોના ઝૂંપડાં થઈ જાય છે. આ બધામાં સાયબર વિલનની એન્ટ્રી એવી ધમાકેદાર હોય કે ગબ્બર, મોગમ્બો ને શાકાલ પણ વામણા લાગે.


એક સાયબર ગેંગે આવા રાતોરાત પૈસાદાર બનવા ઈચ્છકોનું રૂ. ૨૫ થી ૩૦ કરોડનું કરી નાખ્યું હોવાનું બહાર આવ્યું હતું. કોઈ શિક્ષિત કે શૅરબજારનો જાણકાર એમની જાળમાં કેવી રીતે ફસાયો હશે એવો સવાલ જરૂર થાય પણ લાલચ કદાચ મગજ અને સમજ પર જાડ્ડો પડદો નાખી દેતી હશે. સૌ પ્રથમ આ સાયબર ઠગની મોડસ ઓપરેન્ડી જાણીએ. આ લોકો એક વ્હોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રૂપ બનાવે. આ ઉપરાંત જેના મોબાઈલ ફોન નંબર મળે એને મેસેજ મોકલે. એમાં અમુક ટીપ હોય. પછી શૅરબજારમાં નિશ્ચિતપણે કમાણી કરો એવા વિષય પર વેબીનારનું આયોજન કરે. જોડાવાની કોઈ ફી ન રખાય, પરંતુ જે લોકો જોડાય એમને શૅરબજારમાં કમાણી કરવામાં સો ટકા રસ હોવાનું દીવા જેમ સ્પષ્ટ થઈ જાય.

પછી આમાંથી અમુકને શૅરબજારની એવી ટીપ મોકલાય કે જેમાં અચૂક કમાણી થાય. આવી બે-ત્રણ કમાઉ ટીપ બાદ મોટાભાગનાને વિશ્વાસ બેસી જાય. પછી શું?



મહિલાનો કિસ્સો થકી જાણીએ.

આ બહેને કસદાર રોકાણ માટેનો વોટ્સએપ મેસેજ આવ્યો પણ તેમણે ધ્યાન ન આપ્યું. થોડા દિવસ બાદ વધુ મેસેજ આવ્યા તો તેમણે નજર ફેરવી. પછી સેમિનારનું સંપર્ક કરતા કોઈ અનિલ ઝા શર્માએ સ્યોર શૉટ શૅરની યાદી મોકલી. આમાંથી મોટાભાગના શૅરના ભાવ વધતા દેખાયા એટલે આ મહિલા શૅરબજારમાં રોકાણ માટે તૈયાર થઈ ગઈ.




તેઓ અજાણતા નહોતા કે પોતે એક જાળમાં સપડાવા જઈ રહ્યાં છે. અનિલ ઝા શર્માએ એક લિન્ક મોકલી, એને ડાઉનલોડ કરવાની સૂચના આપી. આ લિન્કમાં ડિમેટ અકાઉન્ટ ખોલવા અને એના બૅંક અકાઉન્ટ સાથે જોડાણ સહિતની બધી જાણકારી હતી.

એ બહેને લિન્ક ડાઉનલોડ કરીને વૅબસાઈટ ઓપન કરી તો એમને એકદમ સાચુકલી લાગી. તેમણે મોટી આશા સાથે રૂ. ૨૫ હજારના રોકાણથી શ્રીગણેશ કર્યાં. જોતજોતામાં ૫૦ ટકા નફો દેખાયો અને તેમણે વીસેક હજાર રૂપિયા ઉપાડી પણ લીધા. હવે ગળા સુધી વિશ્વાસ બેસી ગયો. તેમણે ધડાધડ રોકાણ શરૂ કરી દીધું. પોતાની બચત ઉપરાંત ઉધારી કરીને ૧૬ સોદામાં કુલ રૂ. ૪૯.૩૫ લાખ લગાડી દીધા. અને આ રકમને રૂ. ૧.૭૯ કરોડ થવામાં ઝાઝી વાર ન લાગી.

પણ મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરેલી એપમાં દેખાતી આ રકમ તેમણે ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આંચકો લાગ્યો. તેમને કહેવાયું કે એ રકમ મેળવવા માટે વધુ રોકાણ કરવું પડશે. આ તે વળી કેવો નિયમ? હવે મનમાં શંકા જાગી અને તેઓ પોલીસ પાસે દોડી ગયા.

પોલીસે તપાસ આદર્યા બાદ બે આરોપીની ધરપકડ કરી. એક મુંબઈમાંથી પકડાયો, તો બીજો સુરતમાંથી આ બંને પાસેથી છેતરપિંડીથી પડાવાયેલી રકમ આ બંનેના બૅંક ખાતામાં જમા થઈ હતી, પરંતુ આ સાયબર સ્કૅમના બે મુખ્ય સૂત્રધાર પલાયન થઈ ગયા હતાં. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## આ એરપોર્ટમાં વિમાન નહીં, કાગડા ઊડે છે...




એરપોર્ટ એટલે એવી જગ્યા જ્યાં માણસ તો ઊભરાય, વિમાન પણ ઘરઘરાટી બોલાવતા એક આવે, બીજું ઊડે, ત્રીજું ચકરાવો લેતું હોય એવો ખેલ દિવસભર જોવા મળે.

યુએસના એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રોજેરોજ ૨૧૦૦ વિમાન ઊતરે - ઊડે અને ૨ લાખ ૮૬ હજાર ઉતારુઓની ભીડ હોય એવાં દ્રશ્ય જોવાં મળે છે. જોકે, ‘ગુનાહોંકા દેવતા’નો આક્ષેપ જેમની પર કરવામાં આવ્યો હતો એવા શ્રીલંકાના વડા પ્રધાન અને રાષ્ટ્રપતિનો હોદ્દો ભોગવી ચૂકેલા મહિન્દા રાજાપક્ષ દ્વારા હજી ૧૧ વર્ષ પહેલા આશરે ૧૬ કરોડ પાઉન્ડના ખર્ચે બાંધવામાં આવેલા મટાલા રાજપક્ષા આંતરરાષ્ટ્રીય હવાઈ ‘મથક’ને વિશ્વના સૌથી શાંત એરપોર્ટનો ખિતાબ આપવો પડે એવી નીરવતા ત્યાં જોવા મળે છે. દેશની રાજધાની કોલંબોથી ફક્ત ચાર કલાકના અંતરે આવેલા આ હવાઈ મથક પર દરરોજ આવ- જા કરતી ફલાઈટની ગણતરી કરવા માટે પાંચ આંગળીના વેઢા વધી પડે એવી હાલત છે. એરપોર્ટમાંથી પસાર થતા પેસેન્જરનો આંકડો ઘણા દિવસે તો બે આંકડા પર પણ નથી પહોંચતો એવી ‘કંગાળ’ હાલત છે. એરપોર્ટની ફરતે જંગલ છે અને નાનકડા ગામડાં વસે છે. જોકે, ‘ઈતના સન્નાટા ક્યૂં હૈ ભાઇ’ જેવી એરપોર્ટની હાલતથી ચીન ચિંતામાં પડી ગયું છે, કારણ કે એરપોર્ટ બાંધવા તોતિંગ લોન આપી છે. લોન ભરપાઈ કરી શકાય એવી કમાણીના કોઈ સંજોગો હમણાં તો નથી દેખાતા. કારણ કે અહીં ઊતારુ કરતાં કાગડા વધુ ઊડતા દેખાય છે !


## તુમ જીયો હઝારો સાલ, બાઈક કે માઈલ હો ૫૦ હજાર

બર્થડે-વર્ષગાંઠ એટલે એવો દિવસ જ્યારે કોઈ જૂની ગાંઠ છૂટે, કોઈ નવી ગાંઠ બંધાય અને ક્યારેક કોઈ ગાંઠ ઉકલી પણ જાય. આજના જમાનામાં તો માણસનો જ નહીં, પાળેલા શ્વાન કે બિલાડીનો હેપ્પી બર્થ - ડે પણ શાનથી ઉજવવાની પ્રથા છે. જોકે, સોશિયલ મીડિયામાં વાઇરલ થયેલું ‘બર્થ- ડે સેલિબ્રેશન જોઇ’ આ જ જોવાનું બાકી હતું’ એવા ઉદગાર તમારા મોઢામાંથી સરી પડે તો નવાઈ ન લાગવી જોઈએ.

વીડિયોમાં એક મહાશય પોતાની મોટરબાઈકનો હેપ્પી બર્થ-ડે માનવી રહ્યા છે. ભાઈસાહેબ પોતાની વહાલસોયી બાઇકને માળા પહેરાવે છે. એક સાથીના હાથમાં કેક છે, બીજો બાઈકની કિક મારે છે અને ત્રીજા ભાઈસાહેબ ખેલ જોઈ રહ્યા છે. બાઈકને સહેજ ધકેલવામાં આવે છે અને ટાયર સાથે બાંધેલા ચાકુથી કેક કટિંગ થાય છે. કલ્પના કરો કે તાળીઓ પાડી ‘તુમ જીયો હઝારો સાલ, બાઈક કે માઈલ હો ૫૦ હજાર’ ગીત ગાઈ મોઢું મીઠું કરવામાં આવ્યું હશે. કદાચ ટાયર પર ક્રીમ પણ ચોપડવામાં આવ્યું હશે. કોઈ પણ વળતરની અપેક્ષા વિના આજની તારીખમાં જ્યારે કહો ત્યારે અને જ્યાં કહો ત્યાં ફટાક કરતી પહોંચાડી નિઃસ્વાર્થ ભાવે સેવા કરતી આ મોટરબાઈક માટે ઈતના તો બનતા હૈ ના!



## કાયદો ગયો તેલ લેવા!



બ્રિટિશ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની નવલકથા ‘ઓલિવર ટ્વિસ્ટ’માં અનાથાલયના મેનેજર મિસ્ટર બમ્બલ ભરી અદાલતમાં કહે છે કે ‘કાયદો ગધેડો છે.’ કાયદાને અનુસરતા લોકોનું પ્રમાણ વિશાળ છે, પણ કાયદાની ઐસી તૈસીકરી ‘હું કહું એ કાયદો’ જેવી વ્યાખ્યાથી જીવનારા લોકો પણ છે.

જોકે, સાઉથ અમેરિકાના પેરુ નામના દેશમાં તો એક આખે આખું નગર ‘કાયદો ગયો તેલ લેવા’ના મંત્ર સાથે ધબકે છે. દરિયાની સપાટીથી ૫૧ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા La Rinconada નામના નગરમાં તડીપાર લોકોની વસતિ વધારે છે. નગરની પાદરે જ એક સોનાની ખાણ છે અને નગરના મોટાભાગના રહીશો અહીં ખાણિયા તરીકે કામ કરે છે. અહીં જે ખાણિયા કામ થાય છે એમાનું મોટા ભાગનું ગેરકાનૂની છે. દિવસ દરમિયાન અદભુત પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરાવતું આ નગર રાત પડતા લોકોની ચીસાચીસ, દારૂની બોટલોની ફેંકાફેંકી અને ફૂટવાનો અવાજ-દાડિયાનાં ધીંગાણાં અને ધાંય...ધાંય બંદૂકના અવાજથી બિહામણું બની જાય છે. જીવનના સૌથી મોટો વિરોધાભાસનું આ નગર જાણે કે પ્રતીક છે.

## ક્લાસ રૂમમાં તબડક... તબડક



‘પાર ગુરુ બિન કૌન ઉતારે’ એવો મહિમા કબીરએ ગાયો છે તો કોઈ વળી ગુરુ ઘંટાલ (નાલાયક ગુરુ) પણ હોય છે. સાચો ગુરુ એ કહેવાય, જેણે શીખવેલી વિદ્યા પચી જાય અને આજીવન ઉપયોગી સાબિત થાય. જોકે, આજની શિક્ષણ વ્યવસ્થામાં આવા ગુરુ જવલ્લે જ જોવા મળે છે. યુરોપના હંગેરી નામના દેશના બુડાપેસ્ટ શહેરની ‘યુનિવર્સિટી ઓફ વેટરનરી મેડિસિન’ (પ્રાણીઓના તબીબી જ્ઞાન)ના ડો. પીટર સોટોનીએ વિદ્યાર્થીઓને સમજાવવા માટે અપનાવેલો નુસખો જોઈ બે હાથે સલામ મારવાની ઈચ્છા થઈ આવે. મેડિકલનું ભણતી વખતે મૃતદેહ કે હાડપિંજર વિદ્યાર્થીઓ સમક્ષ રાખી માનવ શરીરની પ્રેક્ટિકલ સમજણ આપવામાં આવતી હોય છે. ડો. પીટર તો ક્લાસમાં બે જીવતા જાગતા ઘોડા લઈને ગયા અને જીવંત શરીરને સ્પર્શ કરાવી વિદ્યાર્થીઓને વિવિધ અંગોની સમજણઆપી. આવું કેમ કર્યું એવા સવાલના જવાબમાં ગુરુજી બોલ્યા કે ‘વિદ્યાર્થીઓ સમક્ષ પહેલાં હાડપિંજર ન લાવવું જોઈએ, કારણ કે ભવિષ્યમાં ડોક્ટર બની એમણે પ્રાણીઓની સારવાર કરવાની છે. એમને સાજા નરવા કરવાના છે.’ પુસ્તકો ઉથલાવી કે ચાર્ટ અથવા મોડલનો અભ્યાસ કરી શીખવા કરતા જીવંત શરીરના અભ્યાસથી વિષયની જાણકારી વધુ સારી અને સાચી મળે છે એવો ગુરુજીનો દાવો છે. ‘ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ’ જેવી પંક્તિઓનું કૌવત આવા ગુરુ થકી વધુ સુદ્રઢ બને છે.

## ઉડે જબ જબ ઝુલ્ફેં તેરી...



માણસ માત્ર ભૂલને પાત્ર તો આવડત માત્ર બક્ષિસને પાત્ર એમ કહી શકાય. વીસમી સદીના પ્રારંભથી જ (૧૯૦૧થી) માનવજાત માટે લાભદાયી પુરવાર થતા યોગદાનનું સન્માન કરી કુલ છ શાખા માટે નોબેલ પ્રાઈઝ એનાયત કરવામાં આવે છે. ૧૯૯૧થી વિજ્ઞાન ક્ષેત્રમાં મામૂલી સંશોધન કે અનોખા સંશોધન માટે નોબેલ પ્રાઈઝના વ્યંગ તરીકે ઓળખાતા આઈજી નોબેલ પ્રાઈઝ એનાયત કરવામાં આવે છે. તાજેતરમાં એનાયત કરવામાં આવેલા આ વર્ષના ‘અનોખા નોબેલ પ્રાઈઝ’ના વિજેતામાં એક પારિતોષિક ઉત્તર ગોળાર્ધમાં (ભારત, ચીન, યુકે, યુએસએ, જર્મની ઇત્યાદિ) રહેતા લોકોના કેશ અને દક્ષિણ ગોળાર્ધમાં (ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કોલંબિયા, મોરિશિયસ વગેરે) રહેતા લોકોના કેશની ઊગવાની દિશા સરખી છે કે અલગ અલગ એનાં સંશોધન માટે આપવામાં આવ્યું છે.

બીજું એક વિચિત્ર કહી શકાય એવું પારિતોષિક હતું શાંતિના દૂત (કબૂતર)નો ઉપયોગ અશાંતિ માટે નિમિત્ત બનતા મિસાઈલ એના લક્ષ્યાંકને ઉડાવી શકે છે કે કેમ એ ચકાસવા માટેનું છે. નોબેલ પ્રાઈઝની ઘોષણાના એક મહિના પહેલા જાહેર થતા આ એવોર્ડનો ઉદ્દેશ લોકોને મનોરંજન પૂરું પાડવા સાથે ‘ઐસા ભી હો સકતા હૈ’ એવું વિચારતા કરી દેવાનો પણ છે.

## લ્યો કરો વાત!

*‘પહેલો સગો પાડોશી’ એ વાત મહોલ્લા, ચાલી કે સોસાયટીમાં રહેતા લોકો માટે સાચી હશે, પણ દેશની વાત આવે ત્યારે પહેલો દુશ્મન પાડોશી એવું પણ જોવા મળે છે. દેશની આંતરિક ભૂગોળ હોય કે આંતરરાષ્ટ્રીય સીમાની વાત હોય, વાત ક્યારેક રોચક હોય છે. ભારતમાં ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશ છે. પ્રત્યેક રાજ્યનું વિભાજન અલગ અલગ જિલ્લામાં થયું છે. દેશમાં ૮૦૬ જિલ્લા છે. આ જિલ્લાઓમાં ઉત્તર પ્રદેશના સોનભદ્ર નામના જિલ્લાની વાત ન્યારી છે. દેશનો આ એકમાત્ર જિલ્લો છે, જેની સીમા ચાર રાજ્યને અડે છે. આ ચાર રાજ્ય છે મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ અને બિહાર. અહીં રસપ્રદ વાત એ છે કે વર્ષોથી સોનભદ્રમાં જ રહેતા અનેક લોકો જિલ્લાની આ વિશિષ્ટતા નથી જાણતા.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પત્ની વિના પતિ બની શકાય?**
- હા, ઉદ્યોગપતિ, લખપતિ અને કરોડપતિ બની શકાય.

**આદુંફૂદીનાવાળી ચાની જેમ કોફીમાં શું નાંખવું જોઈએ?**
- અત્યારે કોથમીર- મરચાં નાંખી જુઓ.

**રસ્તા પરના ખાડા અને ગાલમાં પડતા ખાડા વચ્ચે શું ફરક છે ?**
- રસ્તા પરના ખાડા નબળાં બાંધકામ અને ભ્રષ્ટાચારની નિશાની છે. જયારે ગાલના ખાડા પ્રેમનો પુરાવો છે.

**ભૂવા અને ખાડા વચ્ચે શું ફરક છે?**
- જમ્બો અને મિની સાઈઝ જેટલો.

**કટકી- બટકી- લટકી- ચટકી- મટકી પછી શું?**
- હવે તમારું જશે છટકી.

**ભગવાન મળે તો કયું વરદાન માગો?**
- મિસ કોલ મારતાંવેંત હાજરહજૂર દર્શન મળે.

**સ્ત્રીને આયનો કેમ વધુ ગમે છે?**
- આયનો પતિ કે પ્રેમીની જેમ સામે બોલતો નથી.

**તમામ સમાજ અને વ્રતધારીઓને ગમે એ વડા કયા?**
- વાતોના વડાં.

**સૌને પારકી ચીજ કેમ ગમે છે?**
- ખુદ સરકારનું એક સમયે સ્લોગન હતું પારકી મિલકતનું પોતીકી ગણીને જતન કરો !

**મને પડોશણ સ્વપ્નામાં આવે છે.**
- પણ, જાગ્યા પછી એના પતિ સાથે સ્વપનમાં નહીં વિચારેલો સિન થશે.

**કોની શંકા વધુ સાચી પડે છે?**
- પત્નીની...પોલીસ પણ એની પાસે પાણી ભરે !

**કોઈ નેતા સ્વર્ગલોકના સુકાની બને તો?**
- -તો સ્વર્ગ અને નર્કનો ભેદ ભૂંસાઈ જાય.

**કોને ક્યારેય જશ નથી મળતો ?**
- વહુ અને વરસાદને

**બિલાડી રસ્તામાં આડી ઊતરે તો અપશુકન કેમ કહેવાય છે?**
- માણસ માટે બિલાડી અપશુકન મનાતી હશે, પણ બિલાડી માટે માણસ કદાચ શુકનવંતો સાબિત થતો હશે..

**ગાંધીજીની પ્રતિમા પરથી ચશ્માં, લાકડી કેમ ચોરાઈ જાય છે?**
- અરે, અનેકના ખિસ્સામાંથી ગાંધી છાપની નોટો પણ ચોરાઈ જાય છે.

**ગાજયા મેઘ કેમ વરસતા નથી ?**
- પણ ભસ્તા કૂતરા તો કરડે છે.

**ભારત અને પાકિસ્તાન એક થઈ જાય તો શું થાય?**
- બંને દેશના નેતા નવરા થઈ જાય.

### વરસાદ સ્પેશિયલ

**વરસાદ અંગે તમે શું માનો છો?**
- દ્વિધામાં છું વરસાદને મેઘરાજા કહું કે વર્ષારાણી ?

**વરસાદને રીમઝીમ કેમ કહે છે?**
- ફેન્ટા, કોકાકોલા અને લેમન માફક નહીં આવતી હોય.

**વરસાદ ક્યારે વરસે એ સારો ?**
- આપણે ઓફિસે પહોંચી ગયા હોય અથવા ઘેર આવી ગયા હોય ત્યારે.

**છત્રી શું સંદેશો આપે છે?**
- એક હાથ દુઃખવા માંડે તો બીજા હાથે છત્રી પકડવી.


**છત્રીની બીજી ઓળખ શું?**
- કાગડો.

**વરસાદ અંગે હવામાન ખાતાના વર્તારા કેમ ખોટા પડે છે?**
- હવામાન વિભાગ વરસાદને રોયલ્ટી નહીં આપતું હોય. ■

# ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## પિતૃઓને તર્પણઃ તમને શું આવી અનુભૂતિ થઇ છે?





પ્રાચીન-ઐતિહાસિક અજંટાની ગુફાઓ વાકાટકોના વંશજોનું સર્જન છે

જ્યારે જ્યારે કોઈ મને ફરવા જવા માટે સ્થળ પૂછે ત્યારે હું હમેશા મધ્યપ્રદેશના ઓરછાનો હોંશભેર ઉલ્લેખ કરું જ... !

આ સ્થળ માટે મને ખાસ અનુરાગ છે. મારા પરિચિતોને હમેશા કહેતો કે કોઈ એવું તત્વ એ હવામાં છે, જે મને આકર્ષે છે. ઓરછાનો પંદરેક વર્ષમાં આઠ દશ -વાર અલગ અલગ કારણોસર ત્યાંનો પ્રવાસ કર્યો છે. ક્યારેક એવું પણ બન્યું છે કે કલાક સુધી એ હવામાંથી કંઈક પામવા આંખો બંધ રાખીને બેઠો છું.

ઘણાં સ્થળે તમને પણ આવી અનુભૂતિઓ થતી હશે- થાય છે ને ભવિષ્યમાંય થશે.

થોડા સમય પહેલાં એક અમેરિકન કન્યાએ ગુજરાતી યુવાન સાથે લગ્ન કર્યાં, યુવાનની કુળદેવીના દર્શન કરતાં એ વિદેશી યુવતી રડી પડી ને કહેતી રહી કે ‘આ મૂર્તિ સાથે મારું કશું જોડાણ છે...!’

મહાત્મા ગાંધી કહેતા કે, જે પુનર્જન્મમાં નથી માનતો એને હું સનાતની માનવા તૈયાર નથી...

ઇતિહાસ સંબંધિત સેન્ટ્રલ લાઇબ્રેરીમાં જઇને ઓર્થેન્ટિક - અધિકૃત દળદાર પુસ્તકો જોવાં - વાંચવાં ગમે. એનાં આમ જ પાનાં ફેરવતા એક પ્રકરણ મળ્યું ને હું કન્ફ્યુઝ થઇ ગયો. પુસ્તકના આ પ્રકરણ વાંચવા પહેલાં મને ખબર ન હતી કે કદાચ કોઈ આવું પણ કારણ હોય?

ભારતીય ઇતિહાસમાં ઘણા ગૌરવશાળી વંશોએ શાસન કર્યું છે. કોઈ વંશમાં બે -ચાર પેઢી તો કોઇ વંશમાં વધારે પેઢીઓએ શાસન કર્યું છે. વર્ષ ૨૪૮થી વર્ષ ૩૪૮ અને તે પછી પરોક્ષ રીતે વર્ષ ૫૫૦ સુધી વાકાટક વંશે મધ્ય ભારતમાં રાજ્ય સંભાળ્યું હતું. વાકાટક વંશનો પહેલો રાજા વિન્ધ્યશક્તિ હતો, જે બ્રાહ્મણ હતો. વિન્ધ્યશક્તિનો પુત્ર પ્રવરસેન પ્રથમ રાજા બન્યો. એણે ચાર વખત અશક્ય એવા અશ્વમેઘ યજ્ઞ કર્યા. સમ્રાટ પ્રવરસેન એટલો લાંબો સમય રાજ્ય કર્યું કે એના પુત્ર ગૌતમીને ગાદી પર બેસવાનો વારો આવ્યો નહીં. પહેલા વાકાટક રાજા વિન્ધ્યશક્તિએ છત્રીસ વર્ષ અને એના વારસદાર પ્રવરસેન પહેલાએ ૬૦ વર્ષ રાજ્ય કર્યું. આમ બંને મળીને ૯૬ વર્ષ રાજ્ય સંભાળ્યું. પ્રવરસેનના સમયના સિક્કાઓ નથી મળતા, પણ સમ્રાટ અશોક પછી સૌથી વધારે તામ્રપત્રો એનાં મળ્યા છે. સમય જતાં વાટાકટ વંશના વારસદારો સમુદ્રગુપ્તના ખંડિયા રાજાઓ બનતા ઘણા અધિકાર ગુમાવ્યા.

પ્રવરસેન પછી એના વેવાઇનો પુત્ર પૃથ્વીસેન પ્રથમ ગાદી પર આવ્યો. એ પછી ગૌતમીનો પુત્ર રુદ્રસેન દ્વિતીય ગાદી પર આવ્યો. રુદ્રસેન દ્વિતીય સમયે રાજ્ય એટલું મજબૂત હતું કે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યની પુત્રી પ્રભાવતી સાથે એનું લગ્ન થયું. બે પેઢી પછી આ વંશ અલગ અલગ શાખામાં વિભાજીત થયો. રુદ્રસેનનું મૃત્યુ નાની વયમાં થતાં તેર વર્ષના પુત્ર દિવાકરને રાજવી બનાવવા માટે માતા પ્રભાવતીએ શાસનધુરા સંભાળી. એ પછી એના વંશજો કાળક્રમે છેક ગુજરાતના નર્મદા કિનારા સુધી ખસતા ગયાં.

બ્રાહ્મણવંશી વાકાટકોનું રાજ્ય એ સમયે આજના બુન્દેલખંડની આસપાસ અને આજના મહારષ્ટ્ર- મધ્યપ્રદેશમાં કહી શકાય. રાજ્ય વિસ્તાર વધતો ગયો અને સમય જતાં ઘટતો પણ ગયો.

વાકાટકોની રાજધાની વાકાટક નગર હતી. જે ઓરછા કસ્બામાં સ્થિત કહી શકાય, જેનું એક નામ ચનકા હતું. વાટાકટનો પ્રવરસેન - પહેલો સાહસિક રાજા હતો, વિદેશી કહી શકાય એવા કુષાણોને ભગાડ્યા અને ભારતીય શાસન પ્રણાલી દાખલ કરી, સંસ્કૃત ભાષાનો પુનર્રોદ્ધાર કર્યો, સંસ્કૃત સાહિત્યને પ્રોત્સાહન આપ્યું, કૌમુદી મહોત્સવ ગ્રંથની રચના એના સમયમાં મહીલાઓ થકી થઇ. સરકારી કામકાજની ભાષા સંસ્કૃત બનાવી. હા, અજંટાની ગુફાઓ આ વાકાટકોનું સર્જન છે. એ કટ્ટર શિવપંથી રાજા હતો.

વાકાટક રાજ્યનો પહેલો રાજા વિન્ધ્યશક્તિ અને એનો પુત્ર પ્રવરસેન પહેલો બ્રાહ્મણ હતાં, પણ એમનું ગોત્ર વિષ્ણુ વૃદ્ધ હતું. બ્રહ્માંડ પુરાણ અનુસાર વિષ્ણુવૃદ્ધ રાજા હતો, જે તપ કરીને બ્રાહ્મણ બન્યા. મગધના ગુપ્તવંશ સમકક્ષ સમયના વાકાટક વંશ સૌથી સુસંસ્કૃત વંશ હતો.

વિષ્ણુવૃદ્ધ ગોત્ર મારા જેવા અસંખ્ય વ્યક્તિઓનું ગોત્ર હોય શકે. ઓરછા પ્રત્યેના આકર્ષણમાં આ ગોત્ર જવાબદાર હશે? વિજ્ઞાન પણ ઘણી વાતોમાં હાથ અધ્ધર કરતું હોય છે ત્યાંથી શ્રદ્ધાનો જન્મ થાય છે.

ગોત્ર એટલે ગાયોના સમૂહને રાખવાનું સ્થળ. વ્યાપક અર્થમાં પૂર્વજોનું સરસ મજાનું ઝુમખું, જે એક ઓળખ છે. આપ પણ થોડો અભ્યાસી હશો તો હું પણ માનું છું કે વૈજ્ઞાનિક અભિગમમાં ગોત્રવાળી કથા કદાચ કોઇને શક્ય ન લાગે, પણ મારા જીવનમાં બન્યું છે એ હકીકત છે.

ઇતિહાસ સિવાયની વાતમાં અસહમત થવાનો આપનો અધિકાર છે, પણ મારે વાત અલગ કરવી છે. આપ આપના વડવાઓ, આસપાસના સમાજ, મહાનુભાવો, વિસ્તાર, જનજીવન, લોકસાહિત્ય, કળાઓ, સભ્યતાઓ, સ્થાપત્યો, કથાઓ વગેરે પર અભ્યાસ કરી શકો છો. એક સમયે વિખ્યાત લેખક કાફકાએ એનું સર્જન પિતાના નામે કર્યું. વિશ્વપ્રસિદ્ધ ‘મેટામોર્ફોસિસ’ હોય કે ‘ધ જજમેન્ટ’... ધ જજમેન્ટમાં નાયક જ્યોર્જ બેન્ડેમૈન બીમાર પિતાના બગડેલા કપડાં બદલતા પોતાના એંગેજમેન્ટની વાત કરે છે. બાપ આ સાંભળીને છેલ્લી પાયરીએ બેસી જાય છે અને દીકરાને બેફામ બોલે છે. દીકરાને ડૂબી મરવા કહે છે. દીકરો સમજી શક્તો નથી અને ભાગતો ભાગતો દરિયા કિનારે આવે છે અને સમુદ્રમાં છલાંગ લગાવી દે છે. પિતા પરત્વે ગુસ્સા થકી આ સર્જન થયું. મહદઅંશે આપણે ત્યાં પિતાજીમાં જે ગુણ જોયા ના હોય એના પણ ખરા - ખોટા વખાણ કરીને લખવામાં આવતું હોય છે. પિતા-પુત્રના સંબંધ લેખક કાફકા જેવા પણ નથી હોતા અને સાવ ગળચટ્ટા પણ નહીં. દરેક સ્થિતિમાં બંને અપેક્ષા કરતાં અલગ જ વર્તન કરતાં હોય છે. મહદઅંશે એકબીજા કરતાં વધારે સમજદારી હોવાના ભ્રમમાં જીવે છે ને એ સાબિત કરવાની કોશિશ કરતાં હોય છે. આમ છતાં એકબીજાથી હારવાનો પણ આનંદ ભોગવતા હોય છે.

વારંવાર લખું છું : શરત એક જ છે, ફોર્વર્ડ મેસેજની બહાર અભ્યાસ કરતાં રહો, મજાની ઇન્ટરેસ્ટિંગ દુનિયા છે. કળા સાહિત્ય અર્થશાસ્ત્ર સહીત અનેક વિષયો પર વિશ્વના પ્રવાહોને સમજીને અભ્યાસ કરતાં રહેવું એ જ પિતૃઓને તર્પણ છે. ■

**ધ એન્ડ :**

*न जाने क्यो, होता है ये जिन्दगी के साथ*
*अचानक ये मन, किसी के जाने के बाद*
*करे फिर उसकी याद, छोटी-छोटी सी बात*
*न जाने क्यूँ...*



પ્રકરણ ૭૦

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

પોલીસ લઈ ગઈ એ પહેલાં વિક્રમ બોલ્યો હતો એ શબ્દો જગમોહનના માથા પર હથોડાની જેમ વીંઝાતા હતા. આજે કરણ પણ બોલ્યો હતો કે મારા અને રૂપાની વચ્ચે કોઈ આવશે તો એનું ખૂન કરતાં હું અચકાઈશ નહીં અને હવે આ વિક્રમ ...આમ

આજે બંને છોકરાએ બાપની હત્યા કરવાની ધમકી આપી હતી. !

ફોન પર વારંવાર એનું ખૂન કરવાની ધમકી ઉચ્ચારતા એના દુશ્મન અને સંતાનો વચ્ચે શું ફરક?

જગમોહનની આંખમાં આંસુ ધસી આવ્યાં.

‘સગા દીકરાને જેલ ભેગો કરી દીધો અને હવે સાહેબ રડવા બેઠા છે. હું તો પહેલાંથી જ કહેતી હતી કે તમારા આદર્શો અને સિદ્ધાંતોને કારણે બધાને એક વાર ડૂબવું પડશે.’ પ્રભા જોરજોરથી બોલવા લાગી.

ગાયત્રી વિચારતી હતી કે એક સ્ત્રી આટલી ચીસો પાડીને વાત કેવી રીતે કરી શકે...

‘તમારો દીકરો જેલ ભેગો નથી થયો. પોલીસ એની પૂછપરછ માટે લઈ ગઈ છે. એમને સંતોષ થઈ જશે કે વિક્રમ નિર્દોષ છે એટલે એ પાછો ઘેર આવી જશે... વાતનું વતેસર કરવાનું રહેવા દો !’ જગમોહન ઉશ્કેરાટથી બોલવા ગયો પણ એના અવાજમાં આત્મવિશ્વાસનો અભાવ હતો. ગાયત્રીને પણ જગમોહનના અવાજમાં બોદાપણું વર્તાયું.

‘પપ્પા, મમ્મી સાચું જ કહે છે. તમે તમારી જીદને કારણે આખા પરિવારને દાવ પર લગાડી શકો છો. તમારાં સંતાનો તમારી દૃષ્ટિએ નિર્દોષ ન હોય. પોલીસ નક્કી કરે તો જ એ નિર્દોષ ગણાય.’ કરણ મમ્મીની પડખે ચડી ગયો હતો.

ગાયત્રીને લાગ્યું કે કરણના અવાજમાં બપોરની ચર્ચાની કડવાશ પણ ભળેલી હતી. બાપે દીકરાની પસંદગી પર પોતાની મંજૂરીની મહોર મારવાનો ઈન્કાર કર્યો એટલે દીકરો પોતાનો રોષ પ્રગટ કરતો હતો.

‘કરણ, તું સમજ્યા વિના નહીં બોલ. આ એક ખૂનનો મામલો છે. એમાં વચ્ચે પડીએ તો પોલીસને વધુ શક પડે અને મામલો ગૂંચવાઈ જાય...’ જગમોહને પોતાનો બચાવ કર્યો.

‘હવે તમે રહેવા દોને...’ પ્રભા ફરી જગમોહન પર તૂટી પડીઃ

આ ગાયત્રીને પૂછી જુઓ. તમે સાચું કર્યું કે ખોટું?’

દરેક ગાયત્રી સામે જોવા લાગ્યા.

ગાયત્રી ગભરાઈ ગઈ. વારંવાર આ લોકો એને જજ શા માટે બનાવે છે?’

‘કાકુ,’ ગાયત્રીએ નીચે જોઈને બોલવાનું શરૂ કર્યું, ‘એટલું તો ચોક્કસ છે કે પોલીસ વિક્રમભાઈને માત્ર પૂછપરછ માટે નથી લઈ ગઈ. પોલીસ અહીં એમની ધરપકડ જ કરવા આવી હતી.. એનો અર્થ એ થયો કે પોલીસને એમની વિરુદ્ધ ફરિયાદ મળી છે, પુરાવા મળ્યા છે... કાકુ, એવું બની શકે કે કોઈએ એમની વિરુદ્ધ ખોટી ફરિયાદ નોંધાવીને એમને ફસાવવાનું ષડયંત્ર રચ્યું હોય. બાકી વિક્રમભાઈ કોની હત્યા કરે એવા તો નથી જ...’

‘આ જુઓ...જુઓ... સાંભળો, આ છોકરીની વાત. આપણાં બધાં કરતાં વધુ બુદ્ધિ છે એનામાં.’

ગાયત્રીના ખભે માથું મૂકીને પ્રભા રડવા માંડીઃ ‘જરૂર મારા દીકરાને કોઈએ ફસાવ્યો છે.’

કરણ પણ લાગ જોઈને કૂદી પડ્યો :

‘અરે મમ્મી, તારા દીકરાને કોઈ ફસાવતું હોય તો ભલે ફસાવે. મારી નાખતું હોય તો ભલે મારી નાખે. એ જો નિર્દોષ છે તો એણે જાતે પુરવાર કરવું પડશે એ કે નિર્દોષ છે. એના પપ્પા એને મદદ નહીં કરે. પપ્પા એવા કોઈ નિર્ણય નહીં લે જેમાં એમના પર કોઈ આંગળી ચીંધી જાય !’

‘કરણ, તું વાતને જુદો રંગ આપી રહ્યો છે. વિક્રમની આડ લઈને તું તારો હિસાબ પતાવી રહ્યો છે. તને તો કોઈ દિવસ લગ્ન માટે હું મંજૂરી નહીં આપું...’ જગમોહને પોતાનો ગુસ્સો કરણ પર ઠાલવ્યો.

‘કરણભાઈ, તમે ચૂપ રહો, ઘરમાં રહો, ઘરમાં બાપ-દીકરા વચ્ચે આ રીતે બોલાચાલી થાય એ કોઈને શોભતું નથી.’ ગાયત્રીએ કરણને અટકાવવાની કોશિશ કરી.

‘ચાલો, બધાં જમી લ્યો.’ લખુકાકાએ પ્રેમથી કહ્યું પણ કોઈને એમની વાત રુચી નહીં.

‘જુવાનજોધ દીકરો ભૂખ્યા પેટે થાણામાં બંધ હોય એમાં અમને ક્યાં ભૂખ લાગે? તમે આમને જમવાનું આપો..’ ‘એમની તો ભૂખ ઊઘડી હશે.!’

જગમોહન તરફ આંગળી ચીંધીને પ્રભા બોલી.

‘પ્રભા, હવે હદ થાય છે. હું બોલતો નથી એટલે તું મનફાવે તેમ બોલે રાખે છે. હવે એક શબ્દ વધુ બોલી છે તો...’ જગમોહન પોતાની જગ્યાએથી ઊભો થઈ ગયો હતો. બધાની હાજરીમાં થયેલું એનું અપમાન એનાથી સહન નહોતું થતું.

‘તો શું? તો શું કરશો...? અમને પણ થાણે મોકલી દેશો? તમે કરી શું શકો છો બીજું?’ ...પ્રભા રડતાં રડતાં બોલતી હતી.

‘પ્રભા, હું કહું છું તું ચુપ રહે... મારી કમાન છટકશે ને તો હું મારી રિવોલ્વર કાઢીને...’ જગમોહન અટકી ગયો. એનો અવાજ કાંપતો હતો.

‘રિવોલ્વર? કંઈ રિવોલ્વર...?’ પ્રભાના કૃત્રિમ હાસ્યથી હોલ ગુંજી ઊઠ્યો :

‘પોતે રિવોલ્વર લઈને કોઈને આપી આવ્યા છો અને અમને રિવોલ્વરની ધમકી આપો છો.’

‘શું? રિવોલ્વર હું લઈ ગયો? તેં શું આ લવારો માંડ્યો છે? હું શા માટે રિવોલ્વર લઈ જાઉં? એ તો વૉર્ડરોબમાં પડી છે...’ જગમોહન મૂંઝાઈ ગયો.

‘ઓહ... તો રિવોલ્વરને પગ ઊગી આવ્યા?’ જોજો, કોઈ બીજી વ્યક્તિનું ખૂન નથી થયું ને આ ગનથી? આપણા ઘરનાએ તો નથી કર્યું ને? તો એને પકડાવીએ પોલીસ પાસે...’ પ્રભા બોલતી જતી હતી.

‘પ્રભા, રિવોલ્વર ક્યાં છે?’ જગમોહન વિફર્યો.

‘મેં લીધી છે કોઈ એકનું ખૂન કરવા...બોલો, કંઈ કહેવું છે?’ પ્રભા ગાંજી જાય એમ નહોતી.

‘કરણ, રિવોલ્વર ક્યા છે?’ જગમોહને ફરીને કરણને પૂછ્યું.

‘રિવોલ્વર ગાયબ છે. કદાચ કોઈ ચોરી ગયું છે...’ કરણે જવાબ આપ્યો.

‘તમારા બધાનું માથું ખરાબ થઈ ગયું લાગે છે... આપણા ઘર પર આટલું મોટું જોખમ તોળાઈ રહ્યું છે અને તમે લોકો રિવોલ્વરની ચોરીની વાત એટલી સહજાતાથી કરો છો કે જાણે કંઈ બન્યું ન હોય. કરણ, તેં વૉર્ડરોબ ઠીકથી જોયો હતો?

‘યસ, મેં બે વાર ચેક કરી જોયું. રિવોલ્વર ગાયબ છે અને તમે કયા જોખમની વાત કરી રહ્યા છો?’ કરણે પૂછ્યું.

‘મારો કોઈ જૂનો દુશ્મન ઊભો થયો છે એ મને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા કરે છે. એણે જ મારું અને ગાયત્રીનું અપહરણ કરાવ્યું હતું. આપણા સ્વબચાવનું એક સાધન હતું પેલી રિવોલ્વર.. કરણ, આપણે એ શોધવી જ પડશે...’

‘જુઓ, તમે તો બહાર પણ બાવળ વાવીને આવ્યા છો તો જ કોઈ તમને મારી નાખવાની ધમકી આપે ને...કરણ, તારા પપ્પાએ અપહરણની વાત ઉપજાવી કાઢી છે...’ પ્રભાને વિશ્વાસ નહોતો બેસતો.

‘ના, મમ્મી, કાકુની વાત સાચી છે. કોઈ એમની પાછળ પડ્યું છે. આ તો નસીબજોગે અમે બચી ગયાં...પણ એ માણસ હજી કાકુને ફોન પર ધમકી આપ્યા કરે છે.’ ગાયત્રીએ તરત જ જગમોહનનો પક્ષ લીધો.

‘ભગવાન જાણે આપણા ઘરમાં શું થવા બેઠું છે. બાપને કોઈ મારવા માગે છે. બાપ દીકરાને મારવા માગે છે.’ પ્રભાના અવાજમાં ભારોભાર ધિક્કાર હતો.

‘તમે ફરી લવારો શરૂ કરી દીધો. હું શા માટે મારા સગા દીકરાનો દુશ્મન થાઉં? સાચે જ, જ્યારે મુશ્કેલીઓ આવે છે ત્યારે ઘરના ખૂણેખાંચરેથી આવે છે.’ જગમોહન હતાશ સ્વરે કહેતો હતો.

‘કાકુ, તમે હિંમત નહીં હારો. હમણાં આપણી સમક્ષ બે અગત્યના મુદ્દા છે. પહેલાં તો વિક્રમભાઈને છોડાવવાના છે. બીજું ખોવાયેલી રિવોલ્વર શોધવાની છે. કાકુ, પણ મને એક વાત નથી સમજાતી. તમને જ્યારે કોઈ મારી નાખવાની ધમકી આપે છે ત્યારે તમે પોલીસની મદદ કેમ નથી લેતા?’ ગાયત્રીએ સલાહ આપી.

‘યસ, આપણે પોલીસને ઇન્ફોર્મ કરવા જોઈએ...આજે જ હું પોલીસ કમિશનર સાથે વાત કરીશ’... જગમોહનને સૂચન રુચી ગયું.

‘જોયું, પોતાનો જાન જોખમમાં આવ્યો કે પોલીસ કમિશનરની મદદ લેવા દોડી જશે. સગા દીકરા માટે કંઈ કરતા વાંધો આવે છે...’ પ્રભાએ સંભળાવી દીધું.

‘મારી મા, હું પોલીસ કમિશનરને વિક્રમ માટે પણ વાત કરીશ. હવે તું ચૂપ મર એટલે હું શાંતિથી વિચારી શકું...’ જગમોહને પ્રભા સામે હાથ જોડ્યા.

‘લે, હું ક્યાં કંઈ બોલી જ છું ? ક્યારના પોતે બોલે જાય છે અને મને દોષ દે છે...’ પ્રભાએ નફ્ફટાઈથી કહ્યું.


જગમોહને હારીને ગાયત્રી સામે જોયું. ગાયત્રીએ માંડ માંડ એનું હસવું ખાળ્યું.

‘કરણ, મારા બેડરૂમમાં કોઈ બહારનું ગયું હતું? રિવોલ્વર કોણે ચોરી હોય?’ જગમોહન ફરી ગનની વાત પર આવી ગયો.

‘આપણા બેડરૂમમાં કોણ બહારનું આવે?’ પ્રભાએ સામે પ્રશ્ન કર્યો.

‘એક મિનિટ...’ જગમોહનને અચાનક વિચાર આવ્યો હોય એમ બોલ્યોઃ આપણા જમાઈબાબુએ હાથની સફાઈ દેખાડી હોય એવું બને?’

‘બસ, હવે ફરી તમારો લવારો શરૂ થઈ ગયો. જતીનકુમાર શા માટે તમારો તમંચો ચોરવા જાય?’




‘રિવોલ્વરને તમંચો ન કહેવાય.’ જગમોહન તાડૂક્યો.

‘હા, હા એને જે કહેવાય એ...જમાઈબાબુ એને ન જ ચોરે.’ પ્રભાએ બચાવ કર્યો.

‘તમે એક વાત ભૂલો છો. જમાઈબાબુએ ખૂન કરવા ગન તફડાવી હોય એમ હું નથી કહેવા માગતો. પણ એક રિવોલ્વરની કિંમત સવાથી દોઢ લાખ હોય છે. અડધી કિંમતમાં પણ કોઈ એને વેચી દે તો પણ ખાસ્સી રકમ હાથમાં આવે.’

જગમોહનની વાત સાંભળીને બધાં વિચારમાં પડી ગયાં. જમાઈબાબુ કોઈનું ખૂન કરવા માટે રિવોલ્વર ચોરે એ કદાચ માન્યામાં ન આવે. પણ રૂપિયા માટે... કોઈ આગળ વિચારવા નહોતું માગતું...

******************

કુમારની આંખમાં આંસુ ધસી આવ્યાં.

એની આંખ સામે વારંવાર શ્યામલીનો ચહેરો તરવરતો હતો. હોસ્પિટલમાં શ્યામલીને દાખલ કરીને એ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવવા ગયો હતો. એણે પોલીસ સ્ટેશનમાં શ્યામલી ચક્રવર્તીના પરિવારના એક મિત્ર તરીકે પોતાની ઓળખાણ આપી હતી.

કુમારે ફરિયાદમાં કહ્યું હતું કે ઘણા દિવસથી વિક્રમ દીવાન નામનો એક ઉદ્યોગપતિ શ્યામલીને કનડતો હતો. એણે જબરજસ્તીથી શ્યામલી સાથે સંબંધ બાંધ્યો હતો. છેવટે જ્યારે શ્યામલીએ પોલીસમાં જવાની ધમકી આપી ત્યારે વિક્રમે એની હત્યા કરવાની કોશિશ કરી. શ્યામલીનો અકસ્માત થયો એ સ્થળ પર વિક્રમ દીવાન પણ હાજર હતો....

પોલીસ સ્ટેશનેથી કુમાર પાછો આવ્યો ત્યારે ડોક્ટરે એને કહ્યું હતું કે શ્યામલીની હાલત વધુ બગડી ચૂકી હતી.શ્યામલીને આઈસીયુમાં મળવાની ડોક્ટરે માંડ માંડ પરવાનગી આપી, પણ શ્યામલી વાત કરી શકવાની સ્થિતિમાં નહોતી.

‘શ્યામલી, પ્લીઝ... ડોન્ટ ગો અવે... હું એકલો શું કરીશ?’ કુમાર ડોક્ટરની હાજરીમાં ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો હતો.

‘પ્લીઝ, કંટ્રોલ યોરસેલ્ફ ...’ ડોક્ટર એને સાંત્વન આપતો હતો.

કુમાર બહાર કોરિડોરમાં બેન્ચ પર બેઠો. સામાન્ય રીતે મુશ્કેલીમાં આવી પડે ત્યારે એ શ્યામલીની સલાહ લેતો, આજે એ કોની પાસે જાય!

થોડી મિનિટોમાં ડોક્ટરે બહાર આવીને એના ખભા પર હાથ મૂકીને કહ્યું હતું :

‘સોરી... શ્યામલી ચક્રવર્તી ઈઝ નો મોર...!’

કુમાર બાંકડા પરથી ઊઠીને બહાર રસ્તા પર આવી ગયો. એની આંખોમાં આંસુ ધસી આવ્યાં હતાં.

હવે શ્યામલીની લાશનો પોલીસ કબજો લેશે. એને પોસ્ટમોર્ટમ માટે મોકલાવશે. પછી કદાચ પોલીસ મોર્ગમાં રાખશે...

હવે એનું હોસ્પિટલમાં રહેવું ઉચિત નથી.

જો પોલીસને જરા પણ ગંધ આવી ગઈ કે એ શ્યામલીનો પતિ છે અને લોકોના દેણામાંથી બચવા મૃત હોવાનું નાટક કરે છે તો એને સળિયા પાછળ ધકેલી દેશે.

કુમાર ફૂટપાથ પર ચાલતો રહ્યો.હવે આ દુનિયામાં એ એકલો હતો. કોઈ એવું નહોતું જેને એ પોતાનું કહી શકે. શ્યામલી જીવતી હતી ત્યાં સુધી જીવવાનો એક હેતુ હતો- એક અર્થ હતો.

શ્યામલીના મૃત્યુ બાદ હવે કોઈ હેતુ બચતો નહોતો. જીવન નિરર્થક બની ચૂક્યું હતું.કુમારની આંખો ભીની થઈ ગઈ.

શ્યામલીને કોણે મારી નાખી?

કે પછી એ માત્ર એક અકસ્માત હતો?

કુમારને લાગ્યું કે મરતાં પહેલાં વિક્રમ દીવાનનું પણ એટલું જ નુકસાન પહોંચાડવું જોઈએ જેટલું વિક્રમે એને પહોંચાડ્યું હતું.

વિક્રમ દીવાનની હત્યા કરવાથી કુમારનું વેર નહીં શમે. બદલો તો એવો હોવો જોઈએ કે દુશ્મનનું સર્વસ્વ લૂંટાઈ જાય અને એ મોત માટે તરસતો રહે.

કુમારને ખબર હતી કે વિક્રમ દીવાનના જીવનમાં સૌથી મહત્ત્વનો આદમી એનો બાપ હતો - જગમોહન દીવાન.

હવે જો જગમોહન દીવાન જ આ દુનિયામાં ન રહે તો... કુમારના ચહેરાના હવભાવ ભાવ પ્રગટવા માંડ્યા.

યસ, જગમોહન દીવાન... આ માણસ દુનિયામાં હયાત ન રહે તો વિક્રમ દીવાન પણ પોતાની જેમ પાગલ થઈ જાય... ખૂનનો બદલો ખૂન જ હોય...

મારી પ્રિય વ્યક્તિ તેં છીનવી છે, વિક્રમ...

હવે તારી પ્રિય વ્યક્તિને હું દૂર કરીશ, હંમેશ માટે.

જગમોહન દીવાન, હવે મારા જીવનનો એક જ હેતુ છે - તારું મોત! (ક્રમશઃ)■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| SOP | સાબુ |
| SOAP | દાઝવું |
| SHOP | ડંખ |
| SINGE | દુકાન |
| STING | પલાળવું |

### ઓળખાણ રાખો



વિશ્વના બે તૃતીયાંશ ગેંડાની વસ્તી ધરાવતો કાઝીરંગા નેશનલ પાર્ક આપણા દેશના કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવો. હાથી અને હરણની હાજરી પણ છે.

અ) મેઘાલય બ) આસામ ક) નાગાલેન્ડ ડ) હરિયાણા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ નુ | ક | ૩ ર | ણ | | ૪ જો | ૫ શ | ભે | ૬ ર |
| ૭ વ | ગ | | કા | | ૮ આ | શ | કા | | હ |
| ૯ કા | રા | ૧૦ વા | સ | | શ્ચ | | ૧૧ ર | ૧૨ હ | સ્ય |
| શ | | સ | | ૧૩ આ | ર્ય | | | ૧૪ જા | મ |
| ૧૫ ચા | ૧૬ ચ | ના | | ૧૭ સ | જ | ળ | | ૧૮ મ | ય |
| ૧૯ ત્રા | ક | | ૨૦ કા | ન | ન | | ૨૧ વા | ત | |
| | ૨૨ લી | ૨૩ ન | ન | | ક | | હ | | ૨૪ સા |
| ૨૫ કુ | | ૨૬ વ | સ | ૨૭ ન | | ૨૮ જ | ન | ૨૯ પ | દ |
| ૩૦ સં | ૩૧ વ | ત | | ૩૨ રે | વા | લ | | ર | |
| ૩૩ પ | હે | ર | વે | શ | | ૩૪ સા | મ્ય | વા | દ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | |
| | | | | ૬ | | | | ૭ | ૮ |
| ૯ | ૧૦ | | | | | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | | |
| ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | | |
| | | ૧૯ | | | ૨૦ | | | ૨૧ | |
| ૨૨ | | | | ૨૩ | | | | ૨૪ | ૨૫ |
| | | ૨૬ | | | | | ૨૭ | | |
| ૨૮ | ૨૯ | | | | | | ૩૦ | | |
| ૩૧ | | | ૩૨ | | | | | | |

**આડી ચાવી**

૧. તમને શું કહી બોલાવું ? (૪)
૩. --- માં ક્યારેક મુક્કાલાત પણ થાય (૪)
૬. --- જોડે જૂઠું ના બોલાય (૩)
૭. ગમે, ફાવે (૨)
૯. સમક્ષ, મૌજૂદ, તૈયાર (૩)
૧૧. મોકો, લાગ (૨)
૧૩. મનમાં આવે તે કાગળ પર --- (૨)
૧૪. ઉમેરો, વૃદ્ધિ, સિલક (૩)
૧૫. ‘રખાવવું’નું આજ્ઞાર્થ (૩)
૧૬. મર્યા પછી --- દરબારમાં જવું પડે (૩)
૧૮. જવર, શરીરનો વિકાર (૨)
૧૯. વચ્ચે (૨)
૨૦. કચકચ (૪)
૨૨. છનો સમૂહ, છક્કુ (૩)
૨૩. સેવત (૨)
૨૪. ધૂળ (૨)
૨૬. કૃપાદૃષ્ટિ (૬)
૨૮. ચરો, ગોચર, ચરામણ (૩)
૩૦. મા દીકરાનો --- જ કરે (૩)
૩૧. વસ્તુ સંકલના, શ્રેણી (૨)
૩૨. સતત, એકધારો, ખૂબ (૫)

**ઊભી ચાવી**

૧. મ્યુઝિયમ (૫)
૨. ધૃષ્ટતાપૂર્વક, અચૂક, તદ્દન (૩)
૩. મને, મારું (૨)
૪. શરમ (૩)
૫. એક તેજાનો (૨)
૬. સમજૂતી, પતાવટ, સંતોષ (૪)
૮. સાવધાની, સાવચેતી (૪)
૧૦. ઘા (૩)
૧૨. પાસું, પડખું (૪)
૧૭. નામ પાડવાની વિધિ (૫)
૧૮. નેમ, ચોટ, તાકવું તે (૨)
૨૦. ઘંટનો અવાજ (૩)
૨૧. જે --- ઝુલાવે પારણું (૨)
૨૨. શરીરનાં છ ચક્રો (૪)
૨૩. ટેકો, સાબિતી (૪)
૨૫. પશુ, ઝેરી, પ્રાણી (૪)
૨૭. ભૂંસવા માટે જોઇએ (૨)
૨૯. શબરી --- ની રાહ જોતી (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘કોને જઈને પૂછીએ અને કાઢીએ પિછાણ ક્યાંથી?’ પંક્તિમાં પિછાણ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) રસ્તો બ) પીંછું ક) પછેડી ડ) ઓળખાણ

### માતૃભાષાની મહેક

આકાશનાં રંગમાં ધૂળનું સ્થાન અગત્યનું છે. હવામાંનાં ધૂળના રજકણોને લીધે તેમ જ હવાના અણુઓના ધૂળના રજકણોને લીધે તેમ જ હવાના અણુઓના કેટલાક ગુણોને લીધે આકાશનો રંગ સૌમ્ય નીલ-ઠંડો આસમાની લાગે છે. ક્ષિતિજ પાસેના નીચાણના પ્રદેશમાં આકાશનો રંગ ઝાંખો રહે છે. તેનું કારણ ધૂળના રજકણોની વધારે મોટી સંખ્યા છે.

### સુડોકુ-૬૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | ૭ | ૫ | | | |
| ૯ | | | ૩ | | | | ૮ | |
| ૨ | ૬ | | | | ૯ | | | ૩ |
| ૪ | ૩ | | | | | | | ૭ |
| | | ૫ | | ૩ | | ૨ | | |
| ૧ | | | | | | | ૩ | ૯ |
| ૮ | | | ૫ | | | | ૨ | ૧ |
| | ૧ | | | | ૩ | | | ૬ |
| | | | ૮ | ૬ | | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૭ | ૧ | ૯ | ૩ | ૪ | ૬ | ૫ |
| ૬ | ૩ | ૫ | ૮ | ૨ | ૪ | ૧ | ૯ | ૭ |
| ૧ | ૪ | ૯ | ૫ | ૭ | ૬ | ૩ | ૨ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૬ | ૪ | ૭ | ૨ | ૩ | ૯ |
| ૯ | ૬ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૭ | ૪ |
| ૪ | ૭ | ૨ | ૩ | ૮ | ૯ | ૬ | ૫ | ૧ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૫ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૪ | ૭ | ૬ | ૫ | ૯ | ૮ | ૨ |
| ૫ | ૨ | ૬ | ૯ | ૧ | ૮ | ૭ | ૪ | ૩ |

### ગુજરાત મોરી મોરી રે

‘સસ્તા ભાવની વસ્તુ આપી મોંઘીદાટ વસ્તુ લઈ લેવી’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ભેંસ જવી છોડી બાંધીને બકરી

### ઈર્શાદ

ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,
હૈયાનાં ઝરણાં નાનાને સાગર જેવું બનાવો.

- સુન્દરમ્

### માઈન્ડ ગેમ

પ્રતિ કલાક ૪૩૧ માઈલની ઝડપે દોડતી ટ્રેન કયા નામથી ઓળખાય છે એ જણાવો. તાજેતરમાં એને શરૂ થયાને ૨૦ વર્ષ પૂરાં થયાં.

અ) AVANT CLASS બ) ACELA EXPRESS
ક) IBERIAN TRAIN ડ) MAGLEV TRAIN

### ગયા બુધવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| CLAP | તાળી |
| CLAY | માટી |
| CLAD | શણગારેલું |
| CLAN | કુળ |
| CLAG | બગાઈ |

**ઓળખાણ પડી?**
TUXEDO

**માઈન્ડ ગેમ**
મુરુડેશ્વર

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
કિનારો

**ગુજરાત મોરી મોરી રે**
આપવીતી સહુ જાણે, પરવીતી કોઈ ન જાણે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) ભાવના કર્વે (૩૯) વિણા સંપટ (૪૦) દેવેન્દ્ર સંપટ (૪૧) રજનીકાંત પટવા (૪૨) સુનીતા પટવા (૪૩) નિતીન બજરિયા (૪૪) કલ્પના આશર (૪૫) પુષ્પા ખોના (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) મહેશ દંશવી

# એન્કાઉન્ટર ફેક, કોર્ટની નિગરાની હેઠળ એસઆઇટી તપાસ કરાવો

### આવી અરજ સાથે બદલાપુર કેસના આરોપી અક્ષય શિંદેના પિતા હાઇ કોર્ટમાંઃ આજે સુનાવણી : હાલ તપાસ સીઆઇડીએ સંભાળી લીધી છે





અક્ષય શિંદેનું એન્કાઉન્ટર થયું એ સ્થળે તપાસ કરી રહેલી સીઆઇડીની ટીમના સભ્યો.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બદલાપુરની ખાનગી શાળામાં બે બાળકી સાથે કથિત કુકર્મ કેસના આરોપી અક્ષય શિંદેના એન્કાઉન્ટર પછી તેના પિતાએ મંગળવારે બૉમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. પુત્રને ફેક એન્કાઉન્ટરમાં મારવામાં આવ્યો હોવાથી આખી ઘટનાની તપાસ કોર્ટની નિગરાની હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને સોંપવાની માગણી કરાઈ હતી. અરજીની સુનાવણી કોર્ટ બુધવારે હાથ ધરશે, પરંતુ તે પહેલાં એન્કાઉન્ટર પ્રકરણની તપાસ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ને સોંપાઈ હતી. મંગળવારની સાંજે મુંબ્રા પોલીસ સ્ટેશને પહોંચેલી સીઆઈડીની ટીમે તપાસનાં સૂત્રો સંભાળ્યાં હોવાનું જાણવા મળ્યું હતું.

અક્ષયના પિતા અણ્ણા શિંદેએ તેના વકીલ મારફત કરેલી અરજીમાં પુત્રને 'ફેક એન્કાઉન્ટર'માં મારી નાખવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. આ એન્કાઉન્ટરની તપાસ હાઈ કોર્ટની નિગરાની હેઠળ એસઆઈટી દ્વારા કરાવવાની તેમણે માગણી કરી છે.

દરમિયાન થાણેના પોલીસ કમિશનર આશુતોષ ડુંબરેએ એન્કાઉન્ટર પ્રકરણની તપાસ સીઆઈડીને સોંપવામાં આવી હોવાની વાતને સમર્થન આપ્યું હતું. થાણે પોલીસે એન્કાઉન્ટરની વિગતો સીઆઈડી, માનવઅધિકાર પંચ અને

(જુઓ પાનું ૪) ▸▸



**દાનવ માટે દુઃખઃ** માસૂમ બાળકીઓ સાથે દુષ્કર્મ આચરનારા અક્ષય શિંદેના મૃતદેહ પર જે હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું એ હૉસ્પિટલની બહાર રહેલા અક્ષયના માતા-પિતા.

## એન્કાઉન્ટરનું ગંદું રાજકારણ

### બળાત્કારી અક્ષય શિંદેને ફાંસીએ ચડાવવાની માગણી કરનાર 'અર્બન નક્સલી' વિપક્ષને કેમ પેટમાં દુઃખે છેઃ શાસકો

### સફાઇ કર્મચારી લૉક કરેલી ગન છિનવીને કઇ રીતે ચલાવી શકે?ઃ વિરોધ પક્ષ

મુંબઈઃ અક્ષય શિંદેના એન્કાઉન્ટર બાદ એક બાજુ મહાવિકાસ આઘાડીના નેતાઓએ સરકાર અને પોલીસ બંને પર આરોપોની ઝડી વરસાવી છે અને ત્યારે બીજી બાજુ સત્તાધારી પક્ષ દ્વારા પણ વિપક્ષ પર વળતા પ્રહાર કરવામાં આવી રહ્યા છે અને એક રીતે જોઇએ તો એન્કાઉન્ટર એક રાજકીય રમતમાં ફેરવાઇ ગયું છે.

આ મુદ્દે સરકારને ઘેરી રહેલા વિપક્ષને વળતો જવાબ આપતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ઠાર માર્યા ગયેલા આરોપી અક્ષય શિંદેની માનસિકતા વિશે પણ વાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે અક્ષય શિંદે એક વિકૃત માનસિકતા ધરાવતો વ્યક્તિ હતો. તેણે નાની નાની બાળકીઓ પર એટલો અત્યાચાર કર્યો હતો કે હું તમારી સામે વ્યક્ત નથી કરી શકતો. એ બાળકીઓએ પોતાના કુટુંબીજનોને તેમના પર થયેલા

(જુઓ પાનું ૪) ▸▸

# અમિત શાહ નાગપુરમાં, નીતિન ગડકરી કાશ્મીરમાં

### ગડકરી સહિત ફડણવીસ અને બાવનકુળેના નેતૃત્વ હેઠળ ભાજપ મહારાષ્ટ્રમાં ચૂંટણી લડવાનું એલાન કરવા અમિત શાહ નાગપુર પહોંચ્યા ત્યારે ગડકરીની ગેરહાજરીથી અનેકના ભવાં ખેંચાયા છે

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વ હેઠળ નાગપુરમાં કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરી, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના મહારાષ્ટ્રના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેની હાજરીમાં ભાજપના સેંકડો કાર્યકર્તાઓ સમક્ષ ચૂંટણી પ્રચારનું બ્યુગલ ફૂંકવામાં આવ્યું હતું. જોકે, આ સભામાં નીતિન ગડકરીની ગેરહાજરી ઉડીને આંખે વળગી હતી અને તેના કારણે રાજકીય વર્તુળોમાં ભાતભાતની ચર્ચાઓ પણ શરૂ થઇ ગઇ હતી.



**આરંભ હૈ પ્રચંડઃ** કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા નાગપુર ખાતે ભાજપના ચૂંટણી પ્રચારનું રણશિંગું ફૂંકવા માટે સભા યોજાઇ એ દરમિયાન તેમનું સ્વાગત કરી રહેલા નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ભાજપના મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે તેમ જ અન્ય દિગ્ગજો. (એજન્સી)

ભાજપની આ સભામાં સ્પષ્ટ થઇ ગયું હતું કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ગડકરી, ફડણવીસ અને બાવનકુળેના નેતૃત્વમાં ભાજપ લડશે. આ દરમિયાન સંપૂર્ણ ક્ષમતા સાથે ચૂંટણીમાં ઝંપલાવવાનો ઉદ્ઘોષ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સભામાં હાજર કાર્યકર્તાઓને પત્રિકાઓ વહેંચવામાં આવી હતી જેમાં લખવામાં આવ્યું હતું કે જ્યાં સુધી ચૂંટણી ન જીતીએ ત્યાં સુધી થાકવાનું નથી, થોભવાનું નથી અને નથી આરામ કરવાનો. મહારાષ્ટ્ર વિધાનસભા એ જ બધાનું લક્ષ્ય હોવું જોઇએ. મહારાષ્ટ્રમાં અમુક લોકો આપણને ચક્રવ્યૂહમાં અટકાવવાનો પ્રયાસ કરશે તે ચક્રવ્યૂહને આપણે ભેદવાનો છે. આ

(જુઓ પાનું ૪) ▸▸

## દક્ષિણ મુંબઈમાં ગુરુ-શુક્રવારે ૧૯ કલાક પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં જી-ઉત્તર વોર્ડમાં સેનાપતિ બાપટ માર્ગ પર આવેલી ૧,૪૫૦ વ્યાસની તાનસા (પૂર્વ) મેઈન લાઈનનું સમારકામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી ગુરૂવારે-શુક્રવારે ૧૯ કલાક માટે દક્ષિણ મુંબઈના દાદર, વરલી, પરેલ, પ્રભાદેવી જેવા વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ રહેશે.

સુધરાઈના પાણી પુરવઠા વિભાગના જણાવ્યા મુજબ ગુરુવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રાતના ૧૦ વાગ્યાથી શુક્રવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના સાંજના પાંચ વાગ્યા સુધી પાઈપલાઈનનું સમારકામ કરાશે.

તેથી સમારકામ દરમિયાન દાદર, વરલી, પરેલ, પ્રભાદેવી જેવા વિસ્તારોમાં આ સમય દરમિયાન પાણીપુરવઠો બંધ રહેશે, જેમાં મુખ્યત્વે જી-દક્ષિણ વોર્ડના કરી રોડ, સખારામ બાળા પવાર માર્ગ, મહાદેવ પાલવ

(જુઓ પાનું ૪) ▸▸

## એમએમઆરના ૨.૫ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને નિર્ધારિત મુદતમાં પૂરા કરોઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીની ૧૫૮મી બેઠક મંગળવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ પ્રસંગે બેકબે રિક્લેમેશન ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન, બદલાપુરથી વિરાર-અલીબાગ મલ્ટિમોડલ કોરિડોર એક્સેસ કંટ્રોલ્ડ હાઇવે માટે કન્સલ્ટન્ટની નિમણૂંક જેવા પ્રોજેક્ટને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંજૂરી આપી હતી.

મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે એમએમઆરડીએના માધ્યમથી લગભગ અઢી લાખ કરોડના વિકાસ કામો જે ચાલી રહ્યા છે અને તેને નિર્ધારિત સમય મર્યાદામાં પૂરા કરવા.

રાજ્યના મુખ્ય સચિવ સુજાતા સૌનિક, મુંબઈ મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઑથોરિટીના મેટ્રોપોલિટન કમિશનર સંજય મુખર્જી અને અન્ય અધિકારીઓની હાજરીમાં સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં બેકબે રેક્લેમેશન સ્કીમ માટે સુધારિત વિકાસ યોજના રજૂ કરવામાં આવી હતી. દરિયાકિનારા અને મેન્ગ્રોવ્સ જેવી કુદરતી સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપીને વિસ્તારને નિવાસી અને વ્યાવસાયિક

(જુઓ પાનું ૪) ▸▸

## ચોમાસું જતાં-જતાં તરબતર કરી જશે

### આજે ઑરેન્જ એલર્ટ : વીજળીના કડાકા સાથે ભારેથી અતિભારે વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશમાં નૈર્ઋત્યના ચોમાસાની વિદાય લેવાની શરૂઆત થઈ ગઈ છે. ચોમાસું વિદાય લેવાની સાથે જ ફરી એક વખત પોતાનું જોર દેખાડીને જવાનો છે. સોમવાર મોડી રાતથી મુંબઈમાં વરસાદે ફરી જોરદાર એન્ટ્રી કરી છે. મંગળવારે વહેલી સવાર બાદ મોડી સાંજે પશ્ચિમ અને પૂર્વ ઉપનગરમાં વીજળીના ગડગડાટ સાથે જોરદાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને કારણે મુંબઈમાં વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી અને મહત્તમ તાપમાનમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો હતો. હવામાન ખાતાએ મુંબઈ, થાણે અને પાલઘર માટે બુધવાર, ૨૪ સપ્ટેમ્બરના ઓરેન્જ એલર્ટની ચેતવણી આપી વીજળીના ગડગડાટ સાથે ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. તો રાયગડ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સોમવારે મોડી રાતથી મુંબઈના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાનું ચાલુ થયું હતું જે મંગળવારે વહેલી સવારના પણ ચાલુ રહ્યો હતો, જે સપ્ટેમ્બર મહિનાનો પહેલો ભારે વરસાદ છે. સોમવાર સવારના ૮.૩૦ વાગ્યાથી મંગળવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સાંતાક્રુઝમાં ૭૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ભારતીય હવામાન વિભાગના કહેવા મુજબ ૬૪.૫ મિલીમીટરથી ૧૧૫.૪ મિલીમીટર વચ્ચે નોંધાતો વરસાદ ભારે વરસાદની શ્રેણીમાં આવે છે, જેમાં સોમવાર મધરાત બાદ ૨.૩૦ વાગ્યાથી વહેલી સવારના ૪.૩૦ વાગ્યા સુધીમાં વીજળીના ગડગડાટ સાથે ભારે વરસાદ પડ્યો હતો. ત્યારબાદ દિવસ દરમિયાન વરસાદનાં હળવાં ઝાપટાં પડ્યાં બાદ મોડી સાંજે ફરી મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં વીજળીના ગડગડાટ સાથે જોરદાર વરસાદ પડ્યો હતો. વરસાદ ફરી સક્રિય થતા મુંબઈના મહત્તમ તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

મંગળવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૨૯.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈ, થાણે, પાલઘરની સાથે રાજ્યના અનેક વિસ્તારોમાં આગામી ત્રણથી ચાર દિવસ મુશળધાર વરસાદ રહેવાનો છે.

### લૉ પ્રેશરને કારણે અઠવાડિયું વરસાદ

હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ લો પ્રેશર નિર્માણ થયું હોવાથી મુંબઈ, થાણે, પાલઘર સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં આગામી દિવસોમાં વરસાદ પડવાની શક્યતા છે.

## મુંબઈની ફર્સ્ટ અંડરગ્રાઉન્ડ મેટ્રોનો જોઈ લો ફર્સ્ટ લૂક

### આવતા અઠવાડિયે શરૂ થઈ રહેલો આરેથી બીકેસી વચ્ચેનો મેટ્રો-૩નો પહેલો તબક્કો સ્પેશ્યલ છે

**૩૩.૫**
મેટ્રો-૩નો કુલ કોલાબા-સીપ્ઝ-બીકેસી સુધીનો માર્ગ આટલા કિ.મી.નો

**૨૭**
કુલ ૨૭ સ્ટેશન હશે.

**૧૦**
આરેથી બીકેસી સુધીમાં આટલાં સ્ટેશન હશે

**ટી-૧ અને ટી-૨**
આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટને જોડતાં આ બે મહત્ત્વનાં સ્ટેશન પણ હશે.

**૧**
મેટ્રો-૩ના તમામ ૨૭ સ્ટેશનમાંથી ફક્ત આરે જેવીએલઆર સ્ટેશન જમીનની ઉપર હશે, બાકીના તમામ સ્ટેશન અંડરગ્રાઉન્ડ હશે.

**૧૨.૫**
પ્રથમ તબક્કામાં આટલા કિ.મી.નો આરેથી બીકેસીનો માર્ગ ખુલ્લો મુકાશે.
ઑક્ટોબરના પ્રથમ અઠવાડિયામાં પીએમ મોદી કરશે ઉદ્ઘાટન.

**૯૩**
પ્રથમ તબક્કાનું આટલા ટકા કામ પૂર્ણ.

**મે, ૨૦૨૫**
કોલાબાથી આરે સુધીનો સંપૂર્ણ માર્ગ આ મહિનાથી શરૂ થવાની શક્યતા.

**૯૬**
આરેથી બીકેસી સુધી આઠ મેટ્રો ટ્રેન દ્વારા રોજની સવારે ૬.૩૦થી રાત્રે ૧૦.૩૦ સુધીની રોજની આટલી સર્વિસ. ફક્ત રવિવારે સવારે ૮.૩૦ કલાકથી સેવા થશે શરૂ.

**૧૦**
લઘુતમ ભાડું આટલા રૂપિયા અને મહત્તમ ભાડું ૫૦ રૂપિયા.

**૮૫**
આટલા કિમી/પ્રતિ કલાક મહત્તમ વેગ હશે મેટ્રોનો, જ્યારે સરેરાશ ૩૫ની સ્પીડ.

**૬.૫**
પ્રથમ કોરિડોર માટે પ્રતિ દિનની આટલા લાખની ક્ષમતા પ્રવાસીઓની

**૬**
મેટ્રો-૩માં દર બે મિનિટે એક ટ્રેન દોડાવવાની ક્ષમતા છે, પરંતુ હાલમાં પ્રથમ તબક્કામાં દર આટલી મિનિટે એક ટ્રેન દોડાવવામાં આવશે.

### ભારે વરસાદમાં પણ બંધ નહીં પડે

છેલ્લા અનેક વર્ષમાં પડેલા સરેરાશ વરસાદને ધ્યાનમાં રાખીને ટનલ તૈયાર કરવામાં આવ્યા છે. ટનલમાં થોડું પણ પાણી આવ્યું તો તેનો તાત્કાલિક નિકાલ લાવવામાં આવશે. મુશળધાર વરસાદ પડશે તો પણ અંડરગ્રાઉન્ડ મેટ્રો બંધ પડશે નહીં એવું કહેવાઇ રહ્યું છે.

### બસ અમુક પરવાનગી મળવાની બાકી


કમિશનર ઓફ મેટ્રો રેલવે સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા મંજૂરી મળે તેના આધારે મેટ્રો-૩નો આરેથી બીકેસી સુધીનો પ્રથમ તબક્કો ટૂંક સમયમાં ખુલ્લો મુકાશે. જરૂરી બે મંજૂરી પહેલાથી મળી ગઇ છે, જ્યારે રેલ લાઇન માટેની અરજી હજી મંજૂરી માટે પેન્ડિંગ હોવાનું મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)ના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની ભીડેએ જણાવ્યું હતું.











# પંતના ફોર્મથી ચિંતિત ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સ, કહ્યું- ‘તેને શાંત રાખવાની જરૂર છે’



નવી દિલ્હીઃ ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે સ્વીકાર્યું હતું કે ઓસ્ટ્રેલિયામાં સતત બે ટેસ્ટ શ્રેણી જીતવાના ભારતના અભિયાનમાં વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતનો ‘મોટો પ્રભાવ’ રહ્યો છે અને તે આ વર્ષના અંતમાં યોજાનારી પાંચ ટેસ્ટની સીરિઝમાં વિકેટકીપર બેટ્સમેનને ‘શાંત’ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

૨૬ વર્ષીય પંતે ૨૦૧૮-૧૯ અને ૨૦૨૦-૨૧માં ઓસ્ટ્રેલિયામાં ભારતની ઐતિહાસિક ટેસ્ટ જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ડિસેમ્બર ૨૦૨૨માં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં એક ભયાનક કાર અકસ્માતમાં ઘાયલ થયા બાદ ટેસ્ટ ક્રિકેટમાં અદભુત વાપસી કરી હતી. તેણે પ્રથમ ટેસ્ટની બીજી ઇનિંગમાં સદી ફટકારી હતી.

કમિન્સે ‘સ્ટાર સ્પોર્ટ્સ’ પર કહ્યું હતું કે , ‘‘તે એક એવો ખેલાડી છે જેણે છેલ્લી કેટલીક શ્રેણીમાં ખૂબ સારુ પ્રદર્શન કર્યું છે અને અમારે તેને શાંત રાખવાનો પ્રયાસ કરવો પડશે.’’ પંતે ઓસ્ટ્રેલિયા સામેની તેની છેલ્લી બે ટેસ્ટ શ્રેણીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. દરમિયાન પંતે ૧૨ ઇનિંગ્સમાં ૬૨.૪૦ની સરેરાશથી ૬૨૪ રન કર્યા હતા જેમાં તેનો સર્વોચ્ચ સ્કોર અણનમ ૧૫૯ રન હતો.

તેણે ૨૦૨૧માં ગાબા ખાતે બીજી ઈનિંગમાં અણનમ ૮૯ રન કર્યા હતા અને ૩૨ વર્ષમાં આ મેદાન પર ઓસ્ટ્રેલિયાની પ્રથમ હાર સુનિશ્ચિત કરી હતી અને ભારતને ૨-૧થી શ્રેણી જીતવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ૩૧ વર્ષીય ફાસ્ટ બોલરે પંતના આક્રમક વલણની તુલના તેના સાથી ખેલાડીઓ ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ સાથે કરી હતી. કમિન્સે કહ્યું હતું, દરેક ટીમમાં એક કે બે ખેલાડી એવા છે જે મેચનું પાસું પલટી શકે છે. અમારી પાસે ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ જેવા ખેલાડીઓ છે. મને લાગે છે કે આ ખેલાડીઓ સાથે તેઓ આક્રમક બનશે. જો તમે થોડું પણ ચૂકી જશો છો તો તેઓ તેના માટે તૈયાર હશે. ઑસ્ટ્રેલિયા ૨૦૧૪-૧૫ પછી ભારત સામેની પ્રથમ ટેસ્ટ શ્રેણી જીતવાનો પ્રયાસ કરશે. પાંચ મેચોની શ્રેણીની શરૂઆત ૨૨ નવેમ્બરે પર્થ ટેસ્ટથી થશે. ■



**સ્વાગતઃ** ૪૫મી ચેસ ઑલિમ્પિયાડમાં સુવર્ણચંદ્રક વિજેતા ચેસ ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશનું મંગળવારે ચેન્નઈ વિમાનમથકે કરાયેલું ભવ્ય સ્વાગત. (પીટીઆઈ)

# મારું સૌથી મોટું લક્ષ્ય પી.વી. સિંધુને ફરી પોડિયમ પર પહોંચાડવાનું છેઃ કોચ શ્રીધર



નવી દિલ્હીઃ ભારતીય મહિલા બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુના નવા કોચ અનૂપ શ્રીધરે કહ્યું હતું કે સ્ટાર ખેલાડી હજુ પણ સફળતાની ભૂખી છે અને તેમનું પ્રાથમિક લક્ષ્ય બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતાને તેના પ્રદર્શનમાં સાતત્ય જાળવી રાખવામાં મદદ કરવાનું છે. સિંધુએ પેરિસ ઓલિમ્પિક ગેમ્સ બાદ શ્રીધરને ટ્રાયલના આધારે કોચ બનાવ્યા હતા.

ત્રણ ઓલિમ્પિકમાં પ્રથમ વખત ફ્રાન્સની રાજધાની પેરિસથી મેડલ વિના પરત ફરેલી સિંધુ છેલ્લા ત્રણ અઠવાડિયાથી હૈદરાબાદના ગચીબાઉલી સ્ટેડિયમમાં બીજિંગ ઓલિમ્પિયન શ્રીધરના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહી છે. ૪૧ વર્ષીય શ્રીધરે લક્ષ્ય સેનને ટૂંકા ગાળા માટે કોચિંગ પણ આપ્યું હતું.

તેમણે પીટીઆઈને કહ્યું હતું કે, મેં થોડા અઠવાડિયા પહેલા સિંધુની ટીમ સાથે વાત કરી હતી અને તે આ મહિનાની શરૂઆતથી હૈદરાબાદમાં મારા માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહી છે. અમે ઘણી પ્રગતિ કરી છે અને બે અઠવાડિયામાં અમે યુરોપમાં સ્પર્ધાઓમાં ભાગ લઈશું. સિંધુને પેરિસ ગેમ્સના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ચીનની હી બિંગજિયાઓ સામે હારનો સામનો કરવો પડ્યો હતો અને તે તેની બીડબલ્યૂએફ વર્લ્ડ ટૂર સીઝનની શરૂઆત યુરોપિય તબક્કાથી કરશે જેમાં ફિનલેન્ડના વાંતામાં યોજાનારી આર્કટિક ઓપન અને ડેન્માર્ક ઓપન સામેલ છે. પેરિસ ઓલિમ્પિક બાદ ઇન્ડોનેશિયાના એંગસ ડવી સાંતોસો સાથે કરાર સમાપ્ત થતાં શ્રીધરને બાકીની સીઝન માટે કોચ બનાવવામાં આવ્યા છે.

શ્રીધરે કહ્યું હતું કે, હું અઠવાડિયાથી બાબતો જોઇ રહ્યો છું. અમે લાંબા ગાળાની કોઈ પ્રતિબદ્ધતાઓ નક્કી કરી નથી તેથી ૨૦૨૫ માટે આયોજન કરવું મુશ્કેલ છે. જો કે, ૨૦૨૫માં કેટલીક ટૂર્નામેન્ટ છે જેમાં સિંધુ તેની રમતમાં ટોચ પર રહેવાનું લક્ષ્ય રાખશે. ■

# ઓસ્ટ્રેલિયાના પડકાર માટે તૈયાર ટીમ ઈન્ડિયા, મહિલા ટી-૨૦ વર્લ્ડકપ અગાઉ ટીમની તૈયારીથી ખુશ કેપ્ટન હરમનપ્રીત

મુંબઈઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરને લાગે છે કે તેની ટીમે મહિલા ટી૨૦ વર્લ્ડકપમાં ટાઇટલ જીતવા માટે સારી તૈયારી કરી છે. મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ૩ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન યુએઇમાં રમાશે. ૨૦૦૯માં ટૂર્નામેન્ટની શરૂઆત થઈ ત્યારથી ભારત ૨૦૨૦માં માત્ર એક જ વાર ફાઇનલમાં પહોંચવામાં સફળ રહ્યું છે અને તે ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું છે.

ભારતે ૨૦૧૭માં મહિલા વન-ડે વર્લ્ડકપની ફાઈનલ પણ રમી હતી અને ત્યાં પણ રનર્સઅપ રહી હતી. હરમનપ્રીત બંને ટીમનો ભાગ હતી અને તેણે ૨૦૨૦ ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ ટીમનું નેતૃત્વ કર્યું હતું.

ટી-૨૦ વર્લ્ડ કપ માટે રવાના થતા પહેલા હરમનપ્રીતે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે , આ શ્રેષ્ઠ ટીમ છે જેની સાથે અમે આગળ વધી રહ્યા છીએ. ખેલાડીઓ લાંબા સમયથી સાથે રમી રહ્યા છે. અમે છેલ્લી વખત ટાઇટલની ખૂબ નજીક આવ્યા હતા અને સેમિફાઇનલ (૨૦૨૩)માં હારી ગયા હતા.



તેમણે કહ્યું, ‘‘અમારી તમામ વિભાગોમાં તૈયારી ખૂબ સારી છે.’’

જૂલાઈના અંતમાં એશિયા કપ ફાઇનલમાં શ્રીલંકા સામેની હાર બાદ ભારતીય ટીમને રમવાની તક મળી નથી.

ટીમે નેશનલ ક્રિકેટ એકેડમી ખાતે એક તૈયારી શિબિરમાં ભાગ લીધો હતો જ્યાં ખેલાડીઓએ ફિટનેસ અને ફિલ્ડિંગ પર ઘણો સમય વિતાવ્યો હતો. આ એવાં ક્ષેત્રો છે જ્યાં ટીમ ભૂતકાળમાં નબળી રહી છે. પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય કોચ અમોલ મજુમદાર અને મુખ્ય પસંદગીકાર નીતુ ડેવિડ પણ હાજર હતાં.

હરમનપ્રીતે કહ્યું હતું કે , ‘‘અમે એશિયા કપ દરમિયાન સારું ક્રિકેટ રમ્યા હતા, પરંતુ એક દિવસ બધું પ્લાન મુજબ નહોતું થયું.’’ હરમનપ્રીતે તેની લગભગ દોઢ દાયકાની કારકિર્દીમાં ઘણી વૈશ્વિક સ્પર્ધાઓમાં ભાગ લીધો છે પરંતુ તેણીને લાગે છે કે તે હજુ પણ તેની પ્રથમ વિશ્વ ચેમ્પિયનશિપ જેટલી જ ઉત્સાહિત છે.

હરમનપ્રીતની ટીમ માટે મુખ્ય પડકાર ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાનો હશે, જેમણે મુશ્કેલ સંજોગોમાં પણ આઈસીસી સ્પર્ધાઓમાં ભારતને હરાવવાનો રસ્તો શોધી કાઢ્યો છે.

મજમુદારે કહ્યું, અમે કેટલીક વસ્તુઓ ઓળખી અને અમે આગામી કેમ્પમાં તેના પર કામ કર્યું. અમે સૌપ્રથમ ફિટનેસ અને ફિલ્ડિંગ કેમ્પનું આયોજન કર્યું હતું. ત્યારબાદ અમે ૧૦ દિવસીય કૌશલ્ય શિબિરનું આયોજન કર્યું.

અમે સ્પોર્ટ્સ સાયકોલોજિસ્ટ (મુગ્ધા બાવરે) ને પણ બોલાવ્યા હતા.અમારા ટોચના છ બેટ્સમેન શ્રેષ્ઠ છે.

નોંધનીય છે કે બાંગ્લાદેશમાં અશાંતિના કારણે ટૂર્નામેન્ટ યુએઈમાં યોજવાનો નિર્ણય લેવાયો હતો. ■

# ભારતીય અંડર-૨૦ ફૂટબોલ ટીમ એએફસી એશિયન કપ ક્વોલિફાયરમાં મંગોલિયા સામે ટકરાશે

વિયનતિયાને (લાઓસ): ભારતીય અંડર-૨૦ ફૂટબોલ ટીમ ડિફેન્ડર થોમસ ચેરિયનની કેપ્ટનશિપમાં બુધવારે અહીં એએફસી એશિયન કપ ક્વોલિફાયરમાં મંગોલિયા સામે તેના અભિયાનની શરૂઆત કરશે. ભારત ગ્રૂપ જીમાં છે જ્યાં ભારત, મંગોલિયા સિવાય ઈરાન અને યજમાન લાઓસની ટીમો છે.

આ સ્પર્ધા માટે ભારતીય ટીમ સોમવારે અહીં પહોંચી હતી. કોચ રંજન ચૌધરીએ મંગળવારે ટીમ સાથેની બેઠકમાં ચેરિયનને કેપ્ટન તરીકે જાહેર કર્યો હતો. આમાં ભાગ લેનારી ટીમોને ૧૦ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. દરેક ગ્રુપમાંથી ટોચની ટીમો અને બીજા સ્થાને રહેલી પાંચ ટીમો મુખ્ય ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે.

કેપ્ટન તરીકે ચૂંટાયા બાદ ચેરિયને કહ્યું હતું કે , મને દેશ તરફથી મોટી જવાબદારી મળી છે. અમે સારી તૈયારી કરી છે. ખેલાડીઓની માનસિકતા ઘણી સારી છે અને અમારે સકારાત્મક માનસિકતા સાથે અમારું કામ કરવાનું છે. કોચ ચૌધરીએ કહ્યું હતું કે તેઓ ત્રણ મહિનાથી તૈયારી કરી રહ્યા છે અને હવે તેમની પાસે તેમની કુશળતા દર્શાવવાની તક છે.

તેણે કહ્યું, અમે છેલ્લા ત્રણ મહિનાથી સારી તૈયારી કરી રહ્યા છીએ અને ખેલાડીઓ પડકાર માટે તૈયાર છે. અમારો ઉદ્દેશ્ય પ્રથમ વખત એએફસી યુ ૨૦ એશિયન કપ માટે ક્વોલિફાય કરવાનો છે. અમારા ખેલાડીઓ એક ઉત્તમ ઉદાહરણ બેસાડવા માગે છે. ત્યારબાદ ભારતીય ટીમ ૨૭ સપ્ટેમ્બરે ઈરાન અને ૨૯ સપ્ટેમ્બરે લાઓસ સામે રમશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૨.૩૦ કલાકે શરૂ થશે. ■

# રાહુલ દ્રવિડની કાર્યશૈલી ખૂબ ‘શિસ્તબદ્ધ’ હતી, ગંભીર તેમની તુલનામાં સહજ છેઃ અશ્વિન



ચેન્નઈઃ ભારતીય ટીમના સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિનનું માનવું છે કે ગૌતમ ગંભીર ભારતીય ટીમના ભૂતપૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડની સરખામણીએ ખૂબ સહજ છે જ્યારે દ્રવિડની કાર્યશૈલી ‘ખૂબ જ શિસ્તબદ્ધ’ હતી. દ્રવિડ નવેમ્બર ૨૦૨૧થી ભારતીય ટીમના કોચ હતા. તેમણે આ જુલાઈમાં ભારતીય ટીમથી અલગ થઈ ગયા હતા. તેમની હાજરીમાં ટીમે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો.

અશ્વિને ગંભીર અને તેમના અગાઉના કોચ વચ્ચેનો તફાવત બતાવતા કહ્યું કે ગંભીર શાંત પ્રકૃતિનો છે અને તેનું વલણ ડ્રેસિંગ રૂમમાં જીવંત માહોલ બનાવવામાં મદદ કરે છે. અશ્વિને તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું હતું કે, મને લાગે છે કે તે (ગંભીર) ઘણા શાંત છે. હું તેમને ‘રિલેક્સ્ડ રેન્ચો’ (સહજ અને શાંત) કહેવા માંગું છું તેની હાજરીમાં કોઈ દબાણ નથી .તેણે કહ્યું હતું કે , તે સવારે ટીમ મીટિંગમાં પણ ખૂબ જ આરામદાયક હોય છે. તે તમને પૂછે છે કે શું તમે સવારે મીટિંગમાં આવશો. મહેરબાની કરીને આવો. અશ્વિને કહ્યું કે ગંભીરની સરખામણીમાં દ્રવિડનો અભિગમ વધુ કડક અને વ્યવસ્થિત હતો. અશ્વિને ખુલાસો કર્યો હતો કે રાહુલ ભાઈ (દ્રવિડ) વસ્તુઓને ખૂબ જ વ્યવસ્થિત રાખવા માગતા હતા. તેઓ ઇચ્છતા હતા કે એક બોટલ ચોક્કસ સમયે ચોક્કસ જગ્યાએ મૂકવામાં આવે. આ બાબતમાં તે ખૂબ જ શિસ્તબદ્ધ હતા. આ અનુભવી ઑફ-સ્પિનરે કહ્યું હતું કે , તે ગંભીર પાસેથી આવી અપેક્ષા રાખતા નથી. તેને વધારે કડક રહેવું પસંદ કરતા નથી. તે દરેકનું ધ્યાન રાખે છે અને મને લાગે છે કે ટીમના તમામ ખેલાડીઓ તેમને પસંદ કરશે. અશ્વિને કહ્યું, તે (પંત) ખૂબ સારું રમ્યો. મેં રોહિતને ૧૦ વખત કહ્યું કે જ્યારે તે બેટિંગ કરી રહ્યો હતો. તે ખૂબ સારું રમે છે પરંતુ મને નથી ખબર કે તે કેવી રીતે આઉટ થાય છે. ■

# ભારત અને જર્મની વચ્ચે રમાશે બે હોકી મેચની સિરીઝ

નવી દિલ્હીઃ ભારતીય પુરુષ હોકી ટીમ ૨૩ અને ૨૪ ઓક્ટોબરે મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે જર્મની સામે બે મેચની દ્વિપક્ષીય શ્રેણી રમશે. હોકી ઈન્ડિયાએ મંગળવારે આ અંગેની જાહેરાત કરી હતી.

ભારત છેલ્લે પેરિસ ઓલિમ્પિકની સેમિફાઈનલમાં જર્મની સામે ટકરાયું હતું જ્યાં યુરોપિયન દિગ્ગજો ૩-૨થી જીત્યા હતા. ભારતે ત્રીજા સ્થાનના પ્લે-ઓફમાં સ્પેનને હરાવીને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ ટિર્કીએ કહ્યું હતું કે, જર્મની સામેની આ દ્વિપક્ષીય શ્રેણી વિશ્વ કક્ષાની હોકીનું અદભૂત પ્રદર્શન હશે. ભારત અને જર્મની બંનેનો રમતમાં સમૃદ્ધ ઈતિહાસ છે અને આ શ્રેણી ચાહકોને વિશ્વની બે સૌથી મજબૂત ટીમો વચ્ચેની ટક્કરની સાક્ષી બનવાની તક આપશે.

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને કહ્યું હતું કે આ શ્રેણીની યજમાની કરીને અમે સન્માનિત છીએ. આનાથી માત્ર હોકીની ભાવના જ નહીં પરંતુ બંને દેશો વચ્ચેના સંબંધો પણ મજબૂત બનશે.

હોકી ઈન્ડિયાના જનરલ સેક્રેટરી ભોલા નાથ સિંહે કહ્યું હતું કે , ભારત-જર્મની હોકી વચ્ચેની મેચ હંમેશાં રોમાંચક રહી છે. અમારા ખેલાડીઓ આવી સારી ટીમ સામે સ્પર્ધા કરવા માટે ઉત્સુક છે અને મને લાગે છે કે આ શ્રેણી બંને ટીમોને ભવિષ્યની આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ્સ પહેલા તેમની કુશળતા અને વ્યૂહરચનાઓને વધુ સારી બનાવવાની તક આપશે.

જર્મન હોકી ફેડરેશનના પ્રમુખ હેનિંગ ફાસ્ટરિચે કહ્યું કે રાષ્ટ્રીય ટીમ આ પડકાર માટે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, ભારત હંમેશાંથી હોકી માટે ખાસ સ્થાન રહ્યું છે અને અમારી ટીમ ઉત્સાહી ભારતીય ચાહકોની સામે રમવા માટે રોમાંચિત છે. ‘‘આ શ્રેણી જર્મની અને ભારત વચ્ચે રમતગમતના સંબંધોને મજબૂત કરવાની એક શ્રેષ્ઠ તક છે જ્યારે બંને ટીમોને આગામી વૈશ્વિક સ્પર્ધાઓની તૈયારી કરવા માટે એક સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પણ પૂરૂં પાડશે. તેમણે કહ્યું હતું કે અમે ઐતિહાસિક મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં રમવાના અનુભવની રાહ જોઈ રહ્યા છીએ. ■

# સરફરાઝ, જુરેલ અને દયાલને ઈરાની કપ માટે રિલીઝ કરી શકે છે ભારતીય ટીમ



નવી દિલ્હીઃ મિડલ ઓર્ડર બેટ્સમેન સરફરાઝ ખાન, વિકેટકીપર ધ્રુવ જુરેલ અને ઝડપી બોલર યશ દયાલને બાંગ્લાદેશ સામે ૨૭ સપ્ટેમ્બરથી કાનપુરમાં શરૂ થઈ રહેલી બીજી ટેસ્ટ મેચની પ્લેઈંગ ઈલેવનમાં પસંદગી કરવામાં નહીં આવે તો ઇરાની કપ માટે તેઓને ભારતીય ટીમમાંથી રિલીઝ કરવાની શક્યતા છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે મંગળવારે ૧ થી ૫ ઓક્ટોબર દરમિયાન લખનઉમાં રણજી ચેમ્પિયન મુંબઈ સામે રમાનારી ઈરાની કપ માટે ઋતુરાજ ગાયકવાડની કેપ્ટનશિપ હેઠળની રેસ્ટ ઓફ ઇન્ડિયાની ટીમની જાહેરાત કરી હતી. બીસીસીઆઈ દ્વારા જાહેર કરાયેલી એક રિલીઝ અનુસાર, ‘‘ધ્રુવ જુરેલ અને યશ દયાલને રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે, પરંતુ ઇરાની કપમાં તેમના રમવાનો આધાર કાનપુરમાં બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટ મેચમાં તેમને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળશે કે નહી તેના પર નિર્ભર છે.’’

જો આ મેચમાં ઋષભ પંત ઈજાગ્રસ્ત થાય છે તો તેની જગ્યાએ લોકેશ રાહુલ વિકેટકીપરની ભૂમિકા ભજવી શકે છે. આવી સ્થિતિમાં જુરેલને મુક્ત કરવામાં આવી શકે છે. જો સરફરાઝને ભારતીય પ્લેઇંગ ઈલેવનમાં સ્થાન નહીં મળે તો તેને ઈરાની કપ માટે રાષ્ટ્રીય ટીમમાંથી પણ બહાર કરવામાં આવી શકે છે. તે અજિંક્ય રહાણેની કેપ્ટનશીપમાં મુંબઈ ટીમનો ભાગ બની શકે છે. બીસીસીઆઇએ કહ્યું હતું કે સરફરાઝ ખાનને બીજી ટેસ્ટ માટે પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન નહી મળે તો તેને મુંબઈની ટીમનું પ્રતિનિધિત્વ કરવા માટે રિલીઝ કરી દેવાશે. ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુર આ મેચમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં વાપસી કરશે.

# ઈરાની કપઃ મુંબઇ અને રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમની જાહેરાત, રહાણે અને ગાયકવાડ રહેશે કેપ્ટન

નવી દિલ્હીઃ ઈરાની કપ માટે મુંબઈ અને રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમની જાહેરાત કરવામાં આવી છે. મુંબઈની કેપ્ટનશિપ અજિંક્ય રહાણે કરશે અને ટીમમાં કુલ ૧૬ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. પૃથ્વી શોને આ ટીમમાં સ્થાન મળ્યું છે જ્યારે સરફરાઝ ખાનની મુંબઈ ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. સરફરાઝ ખાન હાલમાં ભારતીય ટેસ્ટ ટીમમાં છે. જો કે, અહીં રસપ્રદ વાત એ છે કે બીસીસીઆઈએ માહિતી આપી છે કે જો સરફરાઝ બીજી ટેસ્ટ નહીં રમે તો તેને ટીમમાંથી રિલીઝ કરવામાં આવશે. આ પછી જ તે ઈરાની કપમાં મુંબઈની ટીમ તરફથી રમી શકશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટ ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે જ્યારે ઈરાની કપ ૧ ઓક્ટોબરથી શરૂ થશે. રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમની કેપ્ટનશિપ ઋતુરાજ ગાયકવાડને સોંપવામાં આવી છે. આ મેચ રણજી ટ્રોફી ૨૦૨૩-૨૪ની ચેમ્પિયન મુંબઈ સામે રમાશે. આ મેચ ૧ ઓક્ટોબરથી શરૂ થશે અને ૫ ઓક્ટોબર સુધી ચાલશે. આ મેચ લખનઉના એકના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. મુંબઈની ટીમમાં શ્રેયસ અય્યરને પસંદ કરવામાં આવ્યો છે. સિદ્ધેશ લાડની ટીમમાં વાપસી થઈ છે જ્યારે આયુષ મહાત્રેની ટીમમાં પ્રથમ વખત પસંદગી કરવામાં આવી છે. **રેસ્ટ ઓફ ઇન્ડિયા ટીમઃ** ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), અભિમન્યુ ઈશ્વરન (વાઈસ-કેપ્ટન), સાઈ સુદર્શન, દેવદત્ત પડિક્કલ, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), માનવ સુથાર, સારંશ જૈન, પ્રસિદ્ધ કૃષ્ણા, મુકેશ કુમાર, યશ દયાલ, રિકી ભૂઇ, શાશ્વત રાવત, ખલીલ અહેમદ, રાહુલ ચહર. **મુંબઈની ટીમઃ** અજિંક્ય રહાણે (કેપ્ટન), પૃથ્વી શો, આયુષ મહાત્રે, મુશીર ખાન, શ્રેયસ ઐય્યર, સિદ્ધેશ લાડ, સૂર્યાંશ શેડગે, હાર્દિક તમોર, સિદ્ધાંત અધટરાવ, શમ્સ મુલાની, તનુષ કોટિયાન, હિમાંશુ સિંહ, શાર્દુલ ઠાકુર, મોહિત અવસ્થી, મોહમ્મદ જૂનૈદ,રોયસ્ટન દિયાસ.■

# ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ માટે પાકિસ્તાન ટીમનો કેપ્ટન રહેશે શાન મસૂદ

કરાચી : પાકિસ્તાન આવતા મહિને ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટે શાન મસૂદને કેપ્ટન જાળવી શકે છે. તે સિવાય ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાના પ્રવાસ માટે બાબર આઝમ મર્યાદિત ઓવરોની ટીમનો કેપ્ટન રહેશે તે નિશ્ચિત છે. ઈંગ્લેન્ડની ટીમ ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી રમવા માટે ૩ ઓક્ટોબરે પાકિસ્તાન પહોંચશે. પ્રથમ ટેસ્ટ મેચ ૭ ઓક્ટોબરથી મુલતાનમાં રમાશે.

મસૂદે અત્યાર સુધી પાંચ ટેસ્ટ મેચોમાં પાકિસ્તાનનું નેતૃત્વ કર્યું છે. આ તમામ ટેસ્ટ મેચોમાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. ઈંગ્લેન્ડે અગાઉ ૨૦૨૨-૨૩માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. ત્યારબાદ તેણે બાબર આઝમની કેપ્ટનશિપ હેઠળની ટીમનો ૩-૦થી વ્હાઇટવોશ કર્યો હતો.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશ સામે રાવલપિંડીમાં રમાયેલી બંને ટેસ્ટ મેચમાં હારનો સામનો કરનારી ટીમમાં વધુ ફેરફાર કરવામાં આવશે નહીં.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘‘મર્યાદિત ઓવરોની ટીમના મુખ્ય કોચ ગેરી કર્સ્ટને ટી-૨૦ અને વન-ડે માટે ચેમ્પિયન્સ કપમાં ભાગ લેવા માટે કેટલાક ખેલાડીઓની પસંદગી કરી છે, પરંતુ ટેસ્ટ ટીમના કોચ જેસન ગિલેસ્પી અને હાઇ પરફોર્મન્સ ડિરેક્ટર ટીમ નીલ્સને ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ અને વન-ડે મેચો માટે કેટલાક ખેલાડીઓની ઓળખ કરી છે. ટેસ્ટ શ્રેણી માટે નવા ખેલાડીઓની પસંદગી કરવામાં કોઈ રસ દાખવ્યો નથી.’’ ■

# સેન્સેક્સ ૮૫,૦૦૦નું શિખર સર કરીને લપસ્યો, નિફ્ટીએ પણ સત્ર દરમિયાન ૨૬,૦૦૦ના જાદૂઇ આંકને સ્પર્શ કર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મંગળવારે ખૂબ જ અફડાતફડીમાંથી પસાર થયેલા સેન્સેક્સ સત્ર દરમિયાન ૮૫,૦૦૦ પોઇન્ટની નવી ઇન્ટ્રા-ડે વિક્રમી સપાટી નોંધાવીને અંતે નેગેટિવ ઝોનમાં લપસ્યો હતો. એ જ રીતે, નિફ્ટીએ પણ ઇતિહાસમાં પહેલી જ વખત ૨૬,૦૦૦ની સપાટીને સ્પર્શીને નવી વિક્રમી ઇન્ટ્રા-ડે સપાટી નોંધાવી હતી. જોકે, હદુિસ્તાન યુનિલીવર, કોટક મહિન્દ્રા બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્કની આગેવાનીમાં વેચવાલી નીકળતા સુધારો ધોવાઇ ગયો હતો.

સેન્સેક્સ ૨૩૪.૬૨ પોઇન્ટ અથવા તો ૦.૨૭ ટકાના ઉછાળા સાથે ૮૫,૧૬૩.૨૩ પોઇન્ટની ઓલટાઇમ હાઇ ઇન્ટ્રા-ડે સપાટીને અથડાઇને અંતે ૧૪.૫૭ પોઇન્ટના ઘટાડા સાથે ૮૪,૯૧૪.૦૪ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૭૨.૫ પોઇન્ટ અથવા તો ૦.૨૭ ટકા ઉછળીને ૨૬,૦૧૧.૫૫ પોઇન્ટની નવી ઇન્ટ્રા-ડે ઓલટાઇમ હાઇ સપાટીને અથડાઇને અંતે ૧.૩૫ પોઇન્ટના સુધારા સાથે ૨૫,૯૪૦.૪૦ની સપાટીએ સ્થિર થયો હતો.

હિંદુસ્તાન યુનિલીવર, અલ્ટ્રાટેક સિમેન્ટ, કોટક મહિન્દ્રઆ બેન્ક, ઇન્ડસઇન્ડ બેન્ક, ટાઇટન, નેસ્લે, બજાજ ફાઇનાન્સ અને એશિયન પેઇન્ટ ટોપ લુઝર્સ રહ્યાં હતાં. જ્યારે ટાટા સ્ટીલ, પાવરગ્રીડ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને જેએસડબલ્યુ સ્ટીલ ટોપ ગેઇનર્સમાં સામેલ હતા.

વેસ્ટર્ન કેરિઅર્સનું લિસ્ટિંગ એક ટકાના ડિસ્કાઉન્ટ સાથે થયું હતું. નોર્ધન આર્કનું લિસ્ટિંગ ૩૪ ટકા પ્રીમિયમ સાથે થયું હતું. રિસાઇકલ્ડ પોલિએસ્ટર સ્ટેપલ ફાઇબર અને રિસાઇકલ્ડ પેલેટ્સ ઉત્પાદક દિવ્યધન રિસાયકલિંગ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૩૯.૭૬ લાખ ઇક્વિટી શેરના પ્રારંભિક જાહર ભરણા સાથે ૨૬ સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ.૬૦થી રૂ. ૬૪ નક્કી કરવામાં આવી છે. એન્ક ઇન્વેસ્ટર માટે બિડિંગ આજથી શરૂ થશે અને ભરણું ત્રીસમીએ બંધ થશે. આ સત્રમાં ત્રણ લિસ્ટિંગ થયા હતા.

આર્કેડનું લિસ્ટિંગ ૩૭ ટકા પ્રીમિયમ સાથે થયું હતું. લીલા હોટલનો રૂ. ૫૦૦૦ કરોડનું ભરણું આવી રહ્યું છે. વર્તમાન લોકેશનમાં રૂમ ઇન્વેન્ટરીના વિસ્તરણ માટે સાજ હોટેલ્સ ૪૨.૫ લાખ શેરના પ્રારંભિક જાહેર ભરણાં સાથે ૨૭ સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, જે પહેલી ઓકટોબરે બંધ થશે. શેરની પ્રાઇસ રૂ. ૬૫ નક્કી કરવામાં આવી છે. શેરની ફાળવણી ત્રીજી ઑક્ટોબરે ફાઇનલ થવાની અપેક્ષા છે અને લિસ્ટિંગ સાતમી ઓકટોબરે થશે. હોસ્પિટાલિટી ઉદ્યોગમાં અન્ય ભરણાં પણ આવી રહ્યાં છે.

બરોડા બીએનપી પરિબા મ્યુચ્યુઅલ ફંડ આજથી નિફ્ટી૨૦૦ મોમેન્ટમ ૩૦ ઈન્ડેક્સ ફંડ શરૂ કરી રહી છે, એનએફઓ નવમી ઓક્ટોબરે બંધ થશે. આ સ્કીમ મોમેન્ટમ ઇન્વેસ્ટિંગની તકનો લાભ લઈને નિફ્ટી ૨૦૦ ટોટલ રિટર્ન ઇન્ડેકસમાંથી ટોચના ૩૦ મોમેન્ટમ શેરમાં રોકાણની પેસિવ વ્યૂહરચના ઓફર કરે છે.

શ્રમ મંત્રાલય અંતર્ગત કાર્યરત મહારાષ્ટ્રના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટ્રીમ બોઈલર્સ ૨૫થી ૨૭ દરમિયાન સિડકો ખાતે આયોજિત બોઇલર્સ ઇન્ડિયા ૨૦૨૪ કોન્કલેવમાં ટેકનોલોજીના માધ્યમે કામદારોની સુરક્ષા અને સ્ટ્રીમ બોઇલર્સની કાર્યદક્ષતા સુધારણાના મહત્વ અંગે પરિષદ યોજશે.



ટાટા સ્ટીલ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, પાવર ગ્રીડ કોર્પ, ટેક મહિન્દ્રા અને અદાણી એન્ટરપ્રાઇઝિસનો નિફ્ટીના ટોપ ગેઇનર્સ શેરોમાં સમાવેશ હતો, જ્યારે એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ, એચયુએલ, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને શ્રીરામ ફાઇનાન્સ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા.

સેક્ટોરલ મોરચે, મેટલ ઇન્ડેક્સ ૩ ટકા, ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ ૦.૬ ટકા, પાવર ઇન્ડેક્સ ૧.૪ ટકા વધ્યો હતો. બીજી તરફ પીએસયુ બેન્ક, એફએમસીજી અને ટેલિકોમ ઇન્ડેક્સ ૦.૫-૧ ટકા તૂટ્યા છે.

આદિત્ય બિરલા ફેશન, એપોલો હોસ્પિટલ્સ, એસ્ટ્રાઝેનેકા ફાર્મા, એવન્યુ સુપરમાર્ટ્સ, બજાજ ઓટો, બલરામપુર ચીની મિલ્સ, ભારતી એરટેલ, બ્લુ સ્ટાર, બોશ, સીજી પાવર, હીરો મોટોકોર્પ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ઇપ્કા લેબ્સ, જિંદાલ સો, જેએમ ફાઇનાન્સિયલ, જેએસડબલ્યુ સ્ટીલ, કજરિયા સિરામિક્સ, કેન્સ ટેક્નોલોજીસ, કેપીઆર મિલ, એમએન્ડએમ, મેનકાઇન્ડ ફાર્મા, એનટીપીસી, સેફાયર ફૂડ્સ, સન ફાર્મા, ટાટા પાવર સહિત લગભગ ૩૦૦ શેર બીએસઇ ખાતે તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે તાતા સ્ટીલ ૪.૨૯ ટકા, પાવર ગ્રીડ ૨.૬૫ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૪૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૭૮ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૦.૬૧ ટકા, ટાટા મોટર્સ ૦.૫૬ ટકા, એચડીએફસી બેન્ક ૦.૫૨ ટકા, સન ફાર્મા ૦.૫૧ ટકા અને મારુતિ ૦.૪૪ ટકા વધ્યા હતા, જ્યારે એશિયન પેઈન્ટ્સ ૦.૮૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૮૧ ટકા, બજાજ ફિનસર્વ ૦.૭૬ ટકા, એક્સિસ બેન્ક ૦.૫૬ ટકા, સ્ટેટ બેન્ક ૦.૪૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૫ ટકા, રિલાયન્સ ૦.૩૧ ટકા, આઈટીસી ૦.૩૦ ટકા અને એનટીપીસી ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં મેટલ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો અને સ્થિર માર્કેટ કેપ સાથે બેન્ચમાર્કમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૪,૯૨૮.૬૧ના બંધથી ૧૪.૫૭ પોઈન્ટ્સ (૦.૦૨ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ નજીવું વધીને રૂ.૪૭૬.૦૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૪,૮૬૦.૭૩ ખૂલીને નીચામાં ૮૪,૭૧૬.૦૭ સુધી અને ઊંચામાં ૮૫,૧૬૩.૨૩ સુધી જઈને અંતે ૮૪,૯૧૪.૦૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૨૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૯ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૭૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૩૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૪૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૩૦૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૧ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૧૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૭ ટકા ઘટ્યો હતો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૩.૦૦ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ મેટલ ૨.૭૮ ટકા, પાવર ૧.૩૮ ટકા, યુટિલિટીઝ ૧.૧૮ ટકા, કોમોડિટીઝ ૦.૯૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૪૮ ટકા, ઈન્જસ્ટ્રિયલ્સ ૦.૪૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૪૭ ટકા, આઈટી ૦.૪ ટકા, ઓટો ૦.૩૯ ટકા, એનર્જી ૦.૩૮ ટકા અને ટેક ૦.૩૫ ટકા વધ્યા હતા, હેલ્થકેર સ્થિર રહ્યો હતો, જ્યારે એફએમસીજી ૦.૭૫ ટકા, ટેલિકોમ્યુનિરકેશન૦.૫૭ ટકા, સર્વિસીસ ૦.૪ ટકા, રિયલ્ટી ૦.૩૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૧ ટકા, બેન્કેક્સ ૦.૩ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૬૧.૯૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૧૧ સોદામાં ૧,૯૦૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩,૬૬,૯૬૫ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨,૫૦,૪૦૬.૩૫ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો નબળો પડતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૨૯૭નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યા બાદ હવે રેટ કટની ગતિ ધીમી પાડવામાં આવે તેવી શક્યતા ઉપરાંત અમેરિકા સહિત અન્ય મુખ્ય દેશોનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોનાના ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ વધી આવ્યા હતા. આમ આજે વૈશ્વિક બજારના મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો ક્વૉટ થઈ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતર વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૬થી ૨૯૭નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૪૬ વધી આવ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૪૬ વધીને રૂ. ૮૮,૪૦૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ મર્યાદિત રહી હોવા છતાં રૂપિયો નબળો પડવાથી આયાત પડતરો વધી આવતા ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૬ વધીને રૂ. ૭૪,૪૬૫ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯૭ વધીને રૂ. ૭૪,૭૬૪ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૨૬.૨૪ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા ઘટીને ૨૬૫૧.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૧ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૮૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે રોકાણકારોની નજર આગામી ગુરુવારના ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલના વક્તવ્ય અને શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા ઉપર તેમ જ સપ્તાહ દરમિયાન અન્ય અધિકારીઓની ટિપ્પણીઓ પર સ્થિર થઈ હોવાથી આજે ઊંચા મથાળેથી સાવચેતીનું વલણ જોવા મળ્યું છે. જોકે, ફેડરલના ઘણાં અધિકારીઓનું માનવું છે કે હાલના ૫૦ બેસિસ પૉઈન્ટના રેટ કટથી બૅન્કોને ટેકો આપવામાં આવ્યો છે, પરંતુ ભવિષ્યમાં રેટ કટની ગતિ ધીમી પાડવામાં આવે તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, સિટી બૅન્કના વિશ્લેષકનું માનવું છે કે ફેડરલ રિઝર્વ આ વર્ષના અંત સુધીમાં કુલ ૧૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકશે.

# બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ઊછળતા રૂપિયો ૧૧ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ જોવા મળી હોવા છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં બે ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટ સાંકડી વધઘટે અથડાઈને બંધ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા પટકાઈને ૮૩.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૫૪ના બંધ સામે ભાવ ટૂ ભાવ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૬૭ અને ઉપરમાં ૮૩.૫૪ની રેન્જમાં અથડાઈને અંતે ૧૧ પૈસાના ઘટાડા સાથે ૮૩.૬૫ના મથાળે બંધ રહ્યો હતો.

આજે ચીને સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. ચીનના સ્ટિમ્યુલસ પેકેજથી ડૉલરમાં નરમાઈનું વલણ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે, પરંતુ ક્રૂડતેલના વાયદાના ભાવમાં વધારો રૂપિયાના સુધારાને મર્યાદિત રાખી શકે છે, એમ બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને ૧૦૦.૭૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૦૪.૪૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૪૨ ટકા વધીને બેરલદીઠ ૭૫.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૪.૫૭ પૉઈન્ટનો ઘટાડો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં સાધારણ ૧.૩૫ પૉઈન્ટનો સુધારો રહ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ચીનના સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત સાથે ધાતુમાં તેજીનો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને તેના અર્થતંત્રને ટેકો આપવા માટે ગઈકાલે બૅન્કની રિઝર્વ રિક્વાયરમેન્ટમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાની સાથે વર્તમાન મોર્ગેજના દરમાં પણ ઘટાડો કરતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં તેજીનો ચમકારો જોવા મળ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના ઘટાડા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ચારથી રૂ. ૪૮ સુધીનો ઉછાળો આવ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ચીનના સ્ટિમ્યુલસ પેકેજના પ્રોત્સાહક અહેવાલે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકાની તેજી સાથે ટનદીઠ ૯૭૦૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર, નિકલ અને કોપર સ્ક્રેપ હેવીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૮ વધીને રૂ. ૨૮૦૬, રૂ. ૧૮ વધીને રૂ. ૮૬૦, રૂ. ૧૬ વધીને રૂ. ૧૪૧૩ અને રૂ. ૧૦ વધીને રૂ. ૭૯૭ના મથાળે રહ્યા હતા. વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૦૬, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૭૮૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૩૫, રૂ. ૫૨૮ અને રૂ. ૨૭૪ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૫૬૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૩૯ના મથાળે અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૪ અને રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વર્તમાન ખરીફ મોસમમાં ડાંગરના વાવેતર વિસ્તારમાં ૨.૨૨ ટકાનો વધારો

નવી દિલ્હીઃ ગત જૂન મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખરીફ વાવેતરની મોસમમાં ગત સોમવાર સુધીમાં દેશમાં કુલ ખરીફ વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૦૮૮.૨૬ લાખ હેક્ટર સામે વધીને ૧૧૦૪.૬૩ લાખ હેક્ટરના સ્તરે રહ્યું છે. તેમ જ આ સમયગાળામાં ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૪૦૪.૫૦ લાખ હેક્ટર સામે ૨.૨૨ ટકા વધીને ૪૧૩.૫૦ લાખ હેક્ટરના સ્તરે રહ્યો હોવાનું કૃષિ મંત્રાલયે તાજેતરમાં એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

સામાન્યપણે દેશમાં ખરીફ વાવેતરની શરૂઆત નૈર્ઋત્યના ચોમાસાના આગમન સાથે થતી હોય છે અને તેની લણણી સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં શરૂ થતી હોય છે. કૃષિ મંત્રાલયની યાદી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં અથવા તો ગત ૨૩મી સપ્ટેમ્બર સુધીમાં કઠોળનો વાવેતર વિસ્તાર વધીને ૧૨૮.૫૮ લાખ હેક્ટર (૧૧૯.૨૮ લાખ હેક્ટર)ના સ્તરે રહ્યો છે. કઠોળમાં ખાસ કરીને તુવેર અને મગનો વાવેતર વિસ્તાર વધીને અનુક્રમે ૪૬.૫૦ લાખ હેક્ટર અને ૩૫.૪૬ લાખ હેક્ટર રહ્યો છે, જ્યારે અડદનો વાવેતર વિસ્તાર સાધારણ ઘટાડા સાથે ૩૦.૭૩ લાખ હેક્ટર રહ્યો છે.

વધુમાં આ સમય દરમિયાન જાડા ધાન્યના વાવેતરમાં મકાઈનો વાવેતર વિસ્તાર વધીને ૮૮.૦૬ લાખ હેક્ટર (૮૪.૬૫ લાખ હેક્ટર) તેમ જ તેલીબિયાંનો વાવેતર વિસ્તાર પણ ગત સાલના સમાનગાળાના ૧૯૦.૯૨ લાખ હેક્ટર સામે વધીને ૧૯૩.૮૪ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે.

વધુમાં વર્તમાન ખરીફ મોસમમાં રોકડીયા પાકમાં શેરડીનો વાવેતર વિસ્તાર સાધારણ વધીને ૫૭.૬૮ લાખ હેક્ટર (૫૭.૧૧ લાખ હેક્ટર) અને કપાસનો વાવેતર વિસ્તાર ઘટીને ૧૧૨.૭૬ લાખ હેક્ટર (૧૨૩.૭૧ લાખ હેક્ટર) તથા જ્યૂટ અને મેસ્ટાનો વાવેતર વિસ્તાર પણ ઘટીને ૫.૭૪ લાખ હેક્ટર (૬.૬૭ લાખ હેક્ટર)ના સ્તરે રહ્યો હોવાનું કૃષિ મંત્રાલયે યાદીમાં ઉમેર્યું હતું.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦ના મથાળે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આવતીકાલ તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ અન્ના પાટીલ જયંતી નિમિત્તે સ્થાનિક બજાર સત્તાવાર ધોરણે બંધ રહેશે, એમ બૉમ્બે સુગર મર્ચન્ટ્સ એસોસિયેશને એક યાદીમાં જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૨થી ૩૭૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૩૮૦૨થી ૩૯૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૬૯૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૫થી ૩૭૯૫માં ટકેલા ધોરણે થયા હતા.

# ઈન્ટરેસ્ટ સબ્વેન્શન સ્કીમ વધુ પાંચ વર્ષ લંબાવવા ફિઓનો અનુરોધ

નવી દિલ્હીઃ દેશનાં નિકાસકારોના અગ્રણી સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સ્પોર્ટર્સ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)એ ઈન્ટરેસ્ટ સબ્વેન્શન સ્કીમ વધુ પાંચ વર્ષ લંબાવવા માટે સરકારને અનુરોધ કર્યો છે જેથી નિકાસકારોના ધિરાણ પ્રવાહમાં વધારો થવામાં તેમ જ શિપમેન્ટ વધારો કરવામાં મદદરૂપ થાય. ગત ઑગસ્ટ મહિનામાં નિકાસમાં ૧૩ મહિનાનો સૌથી મોટો ૯.૩ ટકાનો ઘટાડો થતાં નિકાસ ૩૪.૭૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

અગાઉ આ મહિનાના આરંભે સરકારે શિપમેન્ટ પૂર્વે અને પશ્ચાત્ એક્સપોર્ટ ક્રેડિટના લાભ આપતી ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન/ સબ્વેન્શન સ્કીમને ૩૦મી સપ્ટેમ્બર સુધી લંબાવી હતી. આમ આ સ્કીમ આગામી ૩૦ તારીખે પૂરી થઈ રહી હોવાથી અમે સરકારને વધુ પાંચ વર્ષ સુધી વિસ્તારવાનો અનુરોધ કર્યો છે. જો ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ નહીં હોય તો અમે અમુક બજાર અને અમુક ઓર્ડરો ખોઈ બેસીશુ, એમ ફેડરેશનનાં ડિરેક્ટર જનરલ અજય સહાયે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું. આ યોજના ઓળખી કાઢવામાં આવેલા ક્ષેત્રના નિકાસકારો અને તમામ એમએસએમઈઝ (માઈક્રો, સ્મોલ ઍન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ) ઉત્પાદક નિકાસકારોને જ્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થા મુશ્કેલીઓનો સામનો કરી રહી છે ત્યારે સ્પર્ધાત્મક દરે રૂપિયાની નિકાસ ક્રેડિટ મેળવવામાં મદદ કરે છે. નિકાસકારોને શિપમેન્ટ પૂર્વે અને પશ્ચાત્ રૂપી એક્સપોર્ટ ક્રેડિટના લાભ મળે છે. નોંધનીય બાબત એ છે કે આ યોજના પહેલી એપ્રિલ, ૨૦૧૫ના રોજ અમલી કરવામાં આવી હતી અને પાંચ વર્ષ સુધી માન્ય હતી.

# ઑગસ્ટમાં જેમ્સ અને જ્વેલરીની નિકાસમાં ૧૮.૭૯ ટકાનો ઘટાડો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે માગ નબળી રહેતા ગત ઑગસ્ટ મહિનામાં દેશની જેમ્સ અને જ્વેલરીની નિકાસ ઑગસ્ટ, ૨૦૨૩ના ૨.૪૭ અબજ ડૉલર સામે ૧૮.૭૯ ટકા ઘટીને ૨.૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું જેમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)એ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એકંદરે ગત સાલની સરખામણીમાં ઑગસ્ટ મહિનાના શિપમેન્ટમાં ઘટાડો થયો છે, પરંતુ તે પૂર્વેના અથવા તો ગત જુલાઈ મહિનાની ૧.૬૬ અબજ ડૉલરની નિકાસની સરખામણીમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહે જણાવ્યું હતું કે હાલ મિડ સ્ટ્રીમ ઉત્પાદકો માગ અને નફાકારકતા વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે અમેરિકા અને ચીન જેવી મુખ્ય નિકાસ બજારની માગ સંતોષવા માટે ઉદ્યોગે સખત મહેનત કરવાની જરૂર છે. કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં કટ અને પૉલિશ્ડ ડાયમંડની નિકાસ ઑગસ્ટ, ૨૦૨૩ના ૧.૩૬ અબજ ડૉલર સામે ઘટીને એક અબજ ડૉલરના સ્તરે રહી હતી. તેમ જ સોનાનાં આભૂષણોની નિકાસ પણ ૧.૧૫ ટકાના ઘટાડા સાથે ૬૮.૭૬૯ કરોડ ડૉલરના સ્તરે રહી હતી. વધુમાં નિકાસના આંકડાઓ અંગે ટિપ્પણી કરતાં કામા જ્વેલરીનાં મૅનૅજિંગ ડિરેક્ટર કોલિન શાહે જણાવ્યું હતું કે વૈશ્વિક સિનારિયાને ધ્યાનમાં લેતા સ્થાનિક સ્તરે જેમ અને જ્વેલરી ક્ષેત્રની કામગીરી એકંદરે ઘણી સારી છે. ખાસ કરીને કસ્ટમ ડ્યૂટીમાં કાપ મૂક્યા બાદ જોવા મળેલો ઘટાડો ગ્રાહકને પસાર કરવામાં આવતા વેચાણમાં વૃદ્ધિ જોવા મળી છે.

# રાજકોટમાં ભર ચોમાસે પાણીનો કકળાટઃ વિફરેલી મહિલાઓએ ચક્કાજામ કર્યો




(તસવીરઃપ્રવિણ સેદાણી, રાજકોટ.)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અને ખાસ કરીને રાજકોટ શહેર અને જિલ્લામાં મેઘરાજાએ ઉતરતા ચોમાસા સુધીમાં મોટા ભાગના ડેમ ભરી દીધા હોવા છતાં તંત્રની વ્યવસ્થાના અભાવે પીવાના પાણીની સમસ્યાને પગલે કણકોટ ગામની મહિલાઓ કણકોટ પાટીયા પાસે રસ્તા પર ચક્કાજામ કરતા ત્રણ કિલોમીટર સુધી ટ્રાફીક જામ થયો હતો.કામ-ધંધે જતા લોકો એક કલાક સુધી ટ્રાફિકમાં ફસાયા હતા.

પ્રાથમિક સુવિધા ન મળતા મહિલાઓ રણચંડી બની હોવાનું સામે આવ્યું હતું. રાજકોટના કણકોટ ગામના પાટીયા પાસે રહેતી મહિલાઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગર પાલિકામાં સમાવેશ થયા બાદ ચાર ચાર વર્ષ વીતવા છતાં હજુ સુધી કણોકટમાં પ્રાથમિક સુવિધા અને પીવાના પાણીની પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી લોકોમાં રોષ ફાટી નિકળ્યો હતો. મંગળવારે મહિલાઓ રસ્તા પર ઉતરી આવતા ચક્કાજામ કરવામાં આવ્યું હતું. જેના કારણે રાજકોટ કાલાવડ હાઇવે ઉપર વાહનોની લાંબી કતારો પણ જોવા મળી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. સ્થાનિક મહિલાઓનું કહેવું છે કે અગાઉ તેમને કહેવામાં આવતું હતું કે, અમારો વિસ્તાર વોર્ડ નંબર ૧૧ માં આવે છે તેમ છતાં અમને રોડ રસ્તા, પાણી સહિતની સમસ્યાઓ હજુ પણ સતાવી રહી છે. અત્યારસુધી એ લોકો કહેતા હતા કે તમે કોર્પોરેશનમાં નથી આવતા, રુડામાં નથી આવતા, મહુવામાં નથી આવતા તો શું અમે પાકિસ્તાનમાં છીએ. અમને કોઇ જવાબ નથી આપતા. ચૂંટણી હોય ત્યારે જ આવે છે. કોર્પોરેટર અને અધિકારીઓ આવે છે અને ચક્કર મારીને જતા રહે છે પરંતુ કંઇ થતું નથી.■

# ઘોઘાની કુડા ચોકડી પાસેથી સાત લાખના ડ્રગ્સનું ડ્રગ્સ સાથે ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઘોઘા તાલુકાના કુડા ચોકડી પાસેથી ત્રણ શખ્સોને ને ૭૦.૮૨ ગ્રામ એમ.ડી ડ્રગ્સની કિંમત ૭ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લઇ એસઓજીની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડી રાત્રે એસઓજી એ ઘોઘા તાલુકાના કુડા ચોકડી પાસે થી ત્રણ શખ્સો ઈકબાલ જુમાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦ રહે. પ્રભુદાસ તળાવ સરકારી નિશાળ સામે શેરી નંબર ૪), રાજેશ ભીખાભાઈ સોલંકી (ઉ.વ.૩૪ રહે.કુંભારવાડા મોતી તળાવ રોડ) તથા જયેશ રાજેશભાઈ ગોહેલ (ઉ.વ.૨૪ રહે કુંભારવાડા મોતી તળાવ રોડ)ને પાસેથી ૭૦.૮૨ ગ્રામ મેથાએમ્ફટામાઇન ડ્રગ્સની કિંમત ૭,૦૮,૨૦૦ તથા ત્રણ મોબાઈલ કિં.રૂપિયા ૧૫,૦૦૦ સહિત કુલ .રૂ.૭,૨૩,૨૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. ■

# હું જોતી તી વાટ રે, આવ્યા માના નોરતાંઃ આશાપુરા મંદિરે હર્બલ સફાઈ શ્રમયજ્ઞ



(તસવીર:ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કચ્છના યાદગાર ચોમાસા બાદ, નવલા નોરતાં આવી રહ્યા છે ત્યારે કચ્છની નવરાત્રીના કેન્દ્રબિંદુ સમા ભુજના આશાપુરા મંદિર ખાતે હર્બલ સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

મંદિરના પૂજારી જનાર્દનભાઈ દવેના જણાવ્યા પ્રમાણે દર વર્ષે સમગ્ર મંદિર પરિસરની તેમજ મંદિરમાં બીજા બિરાજમાન માં આશાપુરાની મૂર્તિ,દાગીના,માના આસન એવા મયૂરાસન, ચાંદીના કમાડ,ઘંટ,અન્ય પૂજાપાની સામગ્રી, પ્રસાદના થાળ સહિતની પવિત્ર પૂજાપાની વસ્તુઓની હબલ સફાઈ કરવામાં આવે છે. આ હર્બલ સફાઈમાં બજારુ ફિનાઈલ, અન્ય જંતુનાશક દવાઓ કે એસિડ જેવી જણસોનો ઉપયોગ કરવાને બદલે આ સફાઈ કાર્ય પલાળેલા અરીઠાના પાણી, લીમડો-તુલસી અને લીંબુ જેવા પ્રાકૃતિક દ્રવ્યોની મદદથી આ સફાઈ કાર્ય સંપન્ન કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, ભુજના સોની સમાજ દ્વારા છેલ્લા ૧૫૦ વર્ષોથી આ કાર્ય હાથ ધરે છે.

સોની સમાજના અગ્રણીના જણાવ્યા પ્રમાણે આ પવિત્ર કાર્ય માટે સોની યુવકોની એક ખાસ ટુકડી બનાવાય છે જે સમગ્ર પરિસરની નવરાત્રી પૂર્વેના દિવસોમાં પ્રણાલીગત સફાઈ કરે છે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રીના પર્વના પ્રારંભ થવાની આડે હવે જયારે એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે ત્યારે અત્યારથી જ ભુજના આશાપુરા મંદિરનો સમગ્ર વિસ્તાર ધમધમી ઉઠ્યો છે.મંદિરની બહાર પૂજાપા તેમજ પ્રસાદની મીઠાઈ વહેંચતા દુકાનદારોમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. મંદિરની સામે આવી દુકાન ધરાવતા બટુક મહારાજના જણાવ્યા પ્રમાણે ભુજના પદયાત્રીઓ જયારે માતાના મઢ જવા પ્રસ્થાન કરે છે તે પહેલા તેઓ આ મંદિરે આચૂક દર્શન કરે છે. અત્યારથી જ માતાજીની ચૂંદડી, માતાજીની મૂર્તિ-છબી, માતાજીને પ્રિય એવા આશાપુરી ધૂપ જેવી પૂજાપાની ચીજ-વસ્તુઓના વેંચાણમાં ભારે ઉછાળો આવ્યો છે. સમગ્ર વિસ્તાર પર આશાપુરી ધૂપની મહેક પ્રસરી છે અને વાતાવરણ અવલોકિક બની જવા પામ્યું છે. ■

# રાજકોટમાં નવરાત્રી રાસ ગરબા હરિફાઇ યોજાઇ; ૬00 ખેલૈયાઓની 30 કૃતિઓએ કર્યા મંત્રમુગ્ધ



(તસવીર:પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:રાજકોટનાં હેમુ ગઢવી હોલ ખાતે જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ ગરબા હરિફાઇ યોજાઇ હતી. જેમાં રાજકોટ જિલ્લાની વિવિધ શાળા-કોલેજોના ૬૦૦ વિદ્યાર્થીઓએ પરંપરાગત પહેરવેશમાં વિવિધ પ્રાચીન રાસની ૩૦ કૃતિઓની અદભુત પ્રસ્તુતિ કરી હતી. જેમાં નમામિ દેવી નર્મદે, દીવા રાસ, મણિયારા સહિતના રાસો રજૂ થયા હતા.

પ્રાચીન રાસમાં ખેલૈયાઓને જાતે જ કંઠસ્થ કરેલા રાસ ગાવાના હોય છે. રમત ગમત યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં કમિશનર અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજીત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રાજકોટ દ્વારા આ સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જયપાલસિંહ ઝાલા (બરવાળા), કીર્તિદેવસિંહ ગોહિલ (ભાવનગર), ભાવના રાણા(જામનગર), વિપુલ ભટ્ટ અને મીરા ઉપાધ્યાય (રાજકોટ) રહ્યા હતા.

અર્વાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ અર્જૂનલાલ હિરાણી કોલેજ, શ્રી અંબા ગ્રુપ કે.જી. ધોળકિયા સ્કુલ, તૃતીય શ્રી જગદંબા ગ્રુપ એસ.જી. ધોળકિયા સ્કુલ, પ્રાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ નવદુર્ગા ગ્રુપ જી.કે ધોળકિયા સ્કુલ, દ્વિતિય શ્રી ખોડિયાળ ગ્રુપ કે.જી. ધોળકિયા, રાસ સ્પર્ધામાં પ્રથમ નટરાજ કલા મંદિર, દ્વિતિય કારડિયા રાજપુત રામ મંડળ, તૃતીય ખેલૈયા ગ્રુપ જી.કે ધોળકિયા સ્કુલ વિજેતા બની હતી. આ સ્પર્ધાના વિજેતા ખેલૈયાઓને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરાયા હતા. આ તકે જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરા, દાતા, કલાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.■

# રાજકોટમાં ફટાકડા સ્ટોલ માટે સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટી ફરજિયાતઃ

## કર્મચારીઓનો વીમો ઉતારવો પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ અગ્નિકાંડ બાદ સ્થાનિક વહીવટી તંત્ર ખૂબ એલર્ટ થઈ ગયું છે, તંત્ર કોઈ બાંધછોડ કરવા માંગતું નથી. જેમ જન્માષ્ટમી લોક મેળાઓમાં અને નવરાત્રી આયોજનોમાં ઢીલ મુકાઈ નથી તેવી જ રીતે હવે દિવાળીના તહેવાર અગાઉ ફટાકડા સ્ટોલની મંજૂરી માટે વેપારીઓએ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટી રજૂ કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

દિવાળી નજીક આવતા ફટાકડાના વેપારીઓ એક્ટિવ થયા છે. ફટાકડા લાયસન્સ મેળવવા તૈયારીઓ શરૂ થઈ છે. જેથી તંત્ર પણ સતર્ક થયું અને આગોતરા આયોજન સાથે ફટાકડા સ્ટોલ માટે વેપારીએ લાયસન્સ-મંજૂરી મેળવવા ક્યાં ક્યાં દસ્તાવેજ રજૂ કરવા પડશે તેની યાદી જાહેર કરી છે. જેમાં ખાસ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટી ફરજિયાત કરાયાનું ધ્યાને આવ્યું છે.

ફટાકડા લાયસન્સ માટે અરજી કરનારા દરેક અરજદારે પોતાની ઉંમરનો પુરાવો જે સ્થળે સ્ટોલ અથવા ફટાકડા વેચાણ કરવાનું છે તે સ્થળનું માપ અને નકશો ગુમાસ્તાધારા હેઠળનું આરએમસીનું પ્રમાણપત્ર ધંધા સ્થળની માલિકી અને તે અંગેના પુરાવા ની જગ્યા હોય તો ભડાકરણ રજૂ કરવું પડશે આ ઉપરાંત પોતાના પુરાવો પણ આપવો પડશે અને તેનું આધારકાર્ડ અથવા અન્ય કોઈ ઓળખકાર્ડ રજૂ કરવું પડશે ઉપરાંત ફટાકડા સ્ટોલ વાળા સ્થળે આગ અકસ્માત સામે સાવચેતી માટે રખાયેલા સાધનો લિસ્ટ પણ આપવું પડશે ફાયર એનઓસી ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ નું ના વાંધા પ્રમાણપત્ર એટલે કે સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ ખાસ અરજી સાથે જોડવાનું રહેશે આ ઉપરાંત ઈલેક્ટ્રીક યોગ્યતા અંગે અધિકૃત વાયરમેનનું વર્ણપત્ર પણ આપવો પડશે અને પોતાનું બાહેધરી આપતું બાહેધરી પત્રક નો નમુનો પણ સામેલ કરવો પડશે. તે ઉપરાંત વેપારીએ તેના ફટાકડા સ્ટોલ પર કામ કરતા તમામ કર્મચારીઓનો વીમો ઉતારવો પડશે અને તે તે અંગેના પુરાવા રજૂ કરવા પડશે.■

# ત્રણ કરોડના ખર્ચે બનેલ જામનગર તાલુકા પંચાયતના સંકુલનું આખરે થયું લોકાપર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના પત્રકાર કોલોની વિસ્તારમાં તાલુકા પંચાયત ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ પંચાયત ભવનનું લોકાર્પણ જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજયના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જ વિભાગના પ્રધાન મુળુભાઈ બેરાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજયના કૃષિ પ્રધાન રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર તાલુકા પંચાયત ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપતા કૃષિપ્રધાન રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, તાલુકા પંચાયતનું જૂનું બિલ્ડિંગ અંદાજે ૬૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યું હતું. પરંતુ બિલ્ડિંગ જર્જરિત થઈ જતાં પદાધિકારીઓ અને તંત્ર દ્વારા નવું બિલ્ડિંગ બનાવવાની રજૂઆતને ધ્યાનમાં લઈને સરકાર દ્વારા આધુનિક પધ્ધતિ અને તમામ સુવિધાઓથી સજ્જ નવું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારની મહત્વની કામગીરી જિલ્લા અને તાલુકા પંચાયતો થકી થાય છે.

જામનગર તાલુકા પંચાયતનું નવું બિલ્ડીંગ કુલ રૂપિયા ત્રણ કરોડ, તેર લાખ, અડતાળીસ હજાર, ચારસો પંદર (૩,૧૩,૪૮,૪૧૫) ના ખર્ચે તૈયાર થયું છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં નીચેના ભાગે તમામ પદાધિકારીઓ તથા અધિકારીઓ માટે કાર્યાલયો આવેલા છે તેમજ વિવિધ શાખાઓ માટેના રૂમો આવેલા છે તેવી જ રીતે ઉપરના માળે મોટો સભાખંડ આવેલા છે અને અન્ય વિવિધ શાખાઓ માટેના રૂમો આવેલા છે. હાલની પરિસ્થિતિ મુજબ વિશાળ સુવિધાઓ અને આધુનિક સગવડતાવાળું તાલુકા પંચાયત કચેરી જામનગરનું બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યું છે. ■

# લુણવાની વાડીમાં હોજમાં ડૂબી જવાથી યુવતીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:પૂર્વ અને પશ્ચિમ કચ્છમાં આપઘાત અને અકસ્માતના બનેલા બે બનાવોમાં એક યુવક અને યુવતીના અકાળે મોત થયાં હતાં. ભચાઉ તાલુકાના લુણવા ગામની વાડીમાં ન્હાવા માટે ગયેલી યુવતીનું હોજમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું જયારે અંજારના વારસાણામાં એક ખાનગી કંપનીની લેબર કોલોનીમાં રહેનારા યુવાને ફાંસો ખાઈને આયખું ટૂંકાવી લેતાં ચકચાર પ્રસરી હતી.

લુણવા ગામની ૨૨ વર્ષીય રવિના પ્રતાપ ડાયરા નામની યુવતી ગત રવિવારે સાંજે સાત વાગ્યાના સમયગાળા દરમ્યાન એક વાડીમાં સ્થિત પાણીના હોજમાં ન્હાવા માટે ગઈ હતી. અકસ્માતે પાણીમાં ડૂબી જતા તેનું મોત થયું હતું.

બીજી તરફ વારસાણામાં આવેય ઇસ્પાત કંપનીમાં કામ કરનારા ૧૮ વર્ષીય રુપણ શ્રીરામ પૂર્વાએ કોઈ અગમ્ય કારણોસર પંખામાં ફાંસો ખાઈ લીધો હતો. ■

# જૂનાગઢમાં મૃત પશુઓના અગ્નિસંસ્કાર થશેઃ રાજયની સૌપ્રથમ ગેસ આધારિત ભઠ્ઠી કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં મૃત પશુને દફનાવવાને બદલે હવે તેના અગ્નિસંસ્કાર થશે, રાજ્યની પ્રથમ ગેસ આધારિત ભઠ્ઠી કાર્યરત કરવામાં આવી હતી. આ ભઠ્ઠીમાં એક પશુના મૃતદેહનો નિકાલ કરતા બેથી ત્રણ કલાક લાગે છે અને ખર્ચ ૩ હજાર આસપાસ થતો હોવાનું જાણવા મળ્યું છે. જૂનાગઢ મહાનગરપાલિકામાં મૃત પશુઓના અગ્નિસંસ્કાર કરવાનો નિર્ણય કરાયો હતો. આ રીતે પ્રાણીઓના મૃતદેહનો અગ્નિદાહથી નિકાલ કરનાર જૂનાગઢ મહાનગરપાલિકા રાજ્યની પ્રથમ મહાનગરપાલિકા બની છે. અગાઉ શહેરના ઈવનગર ખાતે આવેલી ડમ્પીંગ યાર્ડ પાસે મૃત પ્રાણીઓનો નિકાલ કરવામાં આવતો હતો અને મૃત્યુ પામેલા પ્રાણીઓના મૃતદેહને જમ્પીંગ ફાઇટ નજીક ખાડો કરી તેમાં મીઠું નાખી દફનાવવામાં આવતા હતા. જેને પગલે ઘણી વખત ડમ્પીંગ સાઈટ આસપાસ રહેતા સ્થાનિક લોકોને મુશ્કેલી ભોગવવી પડતી હતી. મૃત પ્રાણીઓની દુર્ગંધથી લોકોમાં રોગચાળો ફેલાવાનો ભય પણ રહેતો હતો. તેમજ અગાઉ જે પ્રમાણે મૃત પ્રાણીઓના મૃતદેહનો નિકાલ કરાતો જેના કારણે પર્યાવરણને પણ નુકસાન થતું હતું. તો બીજી તરફ ઘણી વાર દફનાવેલ પ્રાણીઓના મૃતદેહને અન્ય પ્રાણીઓ બહાર કાઢી ખાતા હોવાનું પણ સામે આવ્યું હતું.જેને લઇ હાલ જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા મૃત પ્રાણીઓના મૃતદેહના નિકાલ માટે આ ગેસ ભઠ્ઠી બનાવવામાં આવી છે. પ્રાણીઓના મૃતદેહનાં નિકાલ માટેની બનાવવામાં આવેલી આ ગેસ ભઠ્ઠીની ૩ વર્ષ માટે મેન્ટેનન્સની જવાબદારી એક એજન્સીને સોંપવામાં આવી છે. ત્યારે આવનાર સમયમાં જૂનાગઢ શહેરમાં જે રીતે પ્રાણીઓના મૃત્યુ થાય છે તેને જોતાં બીજી ભઠ્ઠી પણ આ જ જગ્યાએ બનાવવામાં આવશે.■

# નખત્રાણા તાલુકામાં દબાણ હટાવ ઝુંબેશ આગળ વધી

## ૧૧,૭૦૦ ચો.મી. સરકારી જમીન ખૂલ્લી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:રણપ્રદેશ કચ્છમાં કિંમતી સરકારી જમીનો પર ખડકી દેવાયેલા ગેરકાયદેસર કાચા-પાકા દબાણો પર સતત બીજા દિવસે વહીવટી તંત્રનું બુલડોઝર ફરી વળતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે.

ગત રવિવારે ભુજ અને તેની આસપાસના વિસ્તારો બાદ હવે નખત્રાણા તાલુકાના ત્રણ ગામના કાચાં પાકાં દબાણો દૂર કરાઈ ૧૧ હજાર ૭૦૦ ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવાઈ છે.

રવિવારે ભુજના ભુજ-માંડવી હાઈવે, ખારી નદી રોડ અને લોટસ કોલોની રોડ પર એક ધાર્મિક સ્થળ સહિત ૬ દબાણ દૂર કરાયાં હતાં. આજે નખત્રાણાના વિભાપર, રોહા સુમરી અને મોસુણા ગામના રોડ રસ્તા, પાણીના વહેણ આસપાસની સરકારી જમીન પરના દબાણો હટાવાયાં છે. નખત્રાણા મામલતદાર એ.એન. શર્માએ જણાવ્યું હતું કે, એક ધાર્મિક દબાણ અને ૯ પાકાં વ્યવસાયિક દબાણો ચુસ્ત પોલીસ બંધોબસ્ત વચ્ચે દૂર કરાયાં છે અને જંત્રી મુજબ ૭૦ લાખ ૨૦ હજારના મૂલ્યની ૧૧ હજાર ૭૦૦ ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

### રાજકોટમાં આશા વર્કરોનું હલ્લાબોલઃ

# ડેન્ગ્યુ હોવા છતાં રજા ન આપતા આશાવર્કર મહિલાનું મોત



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ડેન્ગ્યુ સહિતના રોગચાળો વકરી રહ્યો છે. રોગચાળાને કાબુમાં લેવા માટે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. જોકે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા આશા વર્કર બહેનોની દરકાર લેવામાં ન આવતી હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. ડેન્ગ્યુ હોવા છતાં રજા ન આપતા આરોગ્યલક્ષી કામગીરી કરતા એક આશાવર્કર મહિલાનું ડેન્ગ્યુના કારણે મોત નિપજ્યું હોવાના આક્ષેપો કરાયા છે. અને આશાવર્કરો બહેનોએ મંગળવારે મનપાની કોર્પ કચેરી પર હલ્લાબોલ કરીને મ્યુનિસિપલ કમિશનર અને મેયરને ઉગ્ર રજૂઆત કરી હતી.

આરોગ્ય વિભાગના આશાવર્કર નયનાબેન મોલિયાને તા. ૧૩ના રોજ શંકાસ્પદ ડેન્ગ્યુ થયાનો રિપોર્ટ આવ્યો હતો. જે અંગેની જાણ ઉચ્ચ અધિકારીઓને હોવા છતાં નયનાબેનને તા. ૧૪ના રોજ મિટીંગમાં ફરજિયાત બોલાવાયા હતાં. તેઓએ ડેન્ગ્યુ હોવાથી રજા આપવા વિનંતી કરી હતી છતાં તેમને ડોર ટુ ડોર કામગીરીમાં જોતરી દેવાયા હતા. જેના કારણે અશક્તિ અને સતત તાવના કારણે તેમને ગત ૧૮ સપ્ટેમ્બરના રોજ ઈમરજન્સી સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમનું મોત નિપજતાં આશાવર્કર બહેનો રોષે ભરાઈ હતી. મનપાના આરોગ્ય વિભાગમાં મોટી સંખ્યામાં આશા વર્કરો કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરે છે અને સતત આરોગ્યલક્ષી કામગીરી કરે છે. હાલ મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે આશા વર્કર બહેનો ડોર ટૂ ડોર કામગીરી કરી રહી છે. ડેન્ગ્યુ તેમજ રોગચાળાની વિગતો મેળવે છે અને ફોગીગં તથા પોરાનાશક કામગીરી કરે છે. પરંતુ કોઇ આશા વર્કર બહેન જ્યારે બિમાર પડે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા તેમની તકેદારી ન લેવાતી હોવાના આક્ષેપો કરાયા છે. આશા વર્કર નયનાબેન મોલિયાને પણ શંકાસ્પદ ડેન્ગ્યુનો રિપોર્ટ આવ્યો હતો. તેમ છતાં ઉચ્ચઅધિકારીએ તેમને મિટિંગમાં બોલાવ્યા હતા અને કામગીરી સોંપી હતી. ■

# કચ્છમાં તસ્કરોનો તરખાટઃ માનકૂવા, માંડવી, ભચાઉમાં ૧૦.૮૦ લાખથી વધુની ઘરફોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સરહદી કચ્છને બાનમાં લેનારી તસ્કર ટોળકીનો આતંક બરકરાર રહેવા પામ્યો હોય તેમ વીતેલા બે દિવસમાં માંડવી, ભુજ અને ભચાઉમાં સામૂહિક ઘરફોડના બનાવો બનતાં રહેવાસીઓ ભયભીત બન્યા છે.

પૂર્વ તરફના ભચાઉ શહેરની પાર્શ્વવસીટી નામના રહેણાંક વિસ્તારોમાં ત્રાટકેલાં તસ્કરોએ એકસાથે ચાર બંધ પડેલા મકાનોમાં સામૂહિક ચોરી કરતાં ચકચાર મચી ગયો છે.

અહીં રહેતાં અને આરતી ઇન્દૂસ્ટ્રીઝમાં કન્સલ્ટન્ટ તરીકે નોકરી કરનારા પ્રશાંત ગોયેલ ૧૩મી સપ્ટેમ્બરના રોજ ઘરને તાળું મારીને તે પત્ની સાથે અમદાવાદ એરપોર્ટથી ઈન્ડોનેશિયા ફરવા ગયા હતા. ગત સવારે છ વાગ્યે ટ્રેન મારફતે ઘેર પરત ફર્યાં ત્યારે ઘરના પ્રવેશદ્વાર ખૂલ્લાં જોવા મળ્યાં હતાં.

તસ્કરો તેમના ઘરમાંથી ૨.૩૫ લાખના મૂલ્યનો સોનાનો ડાયમંડવાળો નેકલેસ, ૧.૨૦ લાખનું સોનાનું ડાયમંડ બ્રેસલેટ, ૯૦ હજાર રૂપિયા રોકડાં અને ૬૦ હજારના અન્ય ચાંદીના નાનાં મોટાં દરદાગીના મળી ૫.૩૫ લાખની માલમતા ચોરી ગયાં હોવાનું બહાર આવ્યું છે. પ્રશાંતના ઘરની પાછલી લાઈનમાં રહેતા તરુણ ગર્ગ નામના ગૃહસ્થના મકાનમાંથી અઢી હજાર રોકડાં તથા ચાંદીના સિક્કા, કેમેરા, કાંડા ઘડિયાળ વગેરે મળી ૧૫ હજાર ૫૦૦ના મૂલ્યની માલમતા ચોરાઈ હતી, જયારે નજીકમાં રહેતા મનીષ બંસલના ઘરમાંથી તસ્કરો અઢી હજાર રોકડાં રૂપિયાની ઉઠાંતરી કરી ગયાં હતા. આ ઉપરાંત અન્ય એક ઘરમાં પણ ચોરી થઈ છે જેની વિગતો સાંપડી નથી. આમ, તસ્કરોએ એક જ રાતમાં કુલ ૫ લાખ ૫૩ હજારની માલમતા ચોરી લીધી છે. દરમ્યાન, તકરોએ મુખ્ય મથક ભુજ શહેરના એરપોર્ટ રોડ પર આવેલી મથુરા ગ્રીન્સ સોસાયટીમાં ગત રાત્રે ત્રાટકેલાં તસ્કરોએ બંધ મકાનમાંથી ૩ લાખ ૧૧ હજારની માલમતાની ચોરી કરી ગયા હતા. આ ઉપરાંત, બંદરીય માંડવીમાં ગત શુક્ર-શનિવારની રાત્રે ત્રાટકેલાં તસ્કરોએ નવાપરાના સલાટ ચોકમાં રહેતા અરવિંદ સલાટના બંધ મકાનમાંથી ૧.૬૯ લાખના મૂલ્યના સોના ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. ■